સંતવાણી ગ્રંથાવલિ ૭

# ઈશુ ખ્રિસ્ત



# ઈશુ ખ્રિસ્ત

## (Jesus Christ)

મીરા ભટ્ટ
(ભાવનગર)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**સોળ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ઊતરતી રાતનો ઊજળો ઓળો | ૧ |
| ૨. | બાળસૂર્યની રક્તિમ આભા | ૬ |
| ૩. | સાધનાનો પ્રખર મધ્યાહ્ન | ૧૫ |
| ૪. | પ્રભુનું રાજ્ય આવી રહ્યું છે ! | ૨૩ |
| ૫. | ધર્મ-ચક્ર-પ્રવર્તન | ૩૭ |
| ૬. | છેલ્લું ભોજન | ૪૫ |
| ૭. | પરોઢ થતાં પહેલાં | ૫૫ |
| ૮. | ક્રૂસારોહણ | ૬૬ |
| ૯. | પુનરુત્થાન | ૭૪ |
| ૧૦. | ઈશુવાણી | ૮૨ |

# સંતોને પગલે

સંતો તો માનવોની માતાનીય પરમ માતા ! જનમ આપનારી મા તો એના હૃદયનાં વાત્સલ્યનાં પૂર વહાવે, પણ સંતો તો એ વાત્સલ્યને જ્ઞાનના અજવાળાના વાઘા પહેરાવી, પ્રભુતા ભણી લઈ જતી દિશા ચીંધી આપે. આપણા તુકારામ મહારાજ કહે છે ને કે:

काय साँगू आता संताचे उपकार. . . .

સંતોના ઉપકાર અનંત છે. એને શબ્દોના સૂત્રમાં પરોવવા અશક્ય છે.

એટલે જ 'સંતવાણી ગ્રંથાવલિ'ના કેટલાક સંતોનાં જીવનચરિત્ર આલેખવાનું આગ્રહભર્યું નિમંત્રણ મળ્યું ત્યારે જાણે પિયેરથી તેડું આવ્યા જેટલો આનંદ થયો. જીવનનાં કેટલાંક ડગ 'સંતને પગલે' ભરાયાં છે, જીવનના કેટલાક ધબકારા 'સંતના સાન્નિધ્ય'માં ધબક્યા છે. જીવનની કેટલીક પળોએ 'સંતના અજવાસ'નાં ઓઢણાં ઓઢ્યાં છે, એટલે સંત-સાન્નિધ્ય સદા લોહચુંબકની જેમ ખેંચતું રહ્યું છે. ઉપરના અનેક સ્તરોને ભેદીને અંતસ્તલમાં પ્રેરણા સિંચવાનું સંચારી કાર્ય સંતો કરતા હોય છે. આ ગ્રંથાવલિ નિમિત્તે આવા સંતોના સૂક્ષ્મ સાન્નિધ્યમાં રહેવાનું મળ્યું એનો આનંદ અકથ્ય છે. અહીં ભગવાન ઈશુનું જીવનચરિત્ર આલેખ્યું છે. સામાન્યત: ગુજરાતી લિપિમાં 'ઈસુ' લખાતું હોય છે, પણ હિબ્રૂ શબ્દના આ સંસ્કૃત રૂપાંતરનું 'ઈશુ' વધારે ભારતીય અને પોતીકું લાગે છે, એટલે એની જોડણી 'ઈશુ' જ રાખી છે.

યુગે યુગે પરમેશ્વરી ઈચ્છાના ખેપિયા બનીને પૃથ્વી પર વૈકુંઠ ઉતારવાનાં અવતારકાર્ય લઈને યુગપુરુષો જન્મતા હોય છે. પૃથ્વી પરના પાતાળી અંધારાને ભેદીને ઈશ્વરી અજવાસ ભરી દેવાનું ક્રાંતિકાર્ય એમને કરવાનું હોય છે. યુગે યુગે માનવ થઈને જનમતા આ ઊંચેરા મહાનુભાવો પોતાના લોહીનું પાણી કરીને પ્રચંડ પુરુષાર્થ દાખવે છે, પણ બદલામાં આપણે એમને શું આપીએ છીએ ? ઊઘડતા પ્રભાત સમા આ નરપુંગવો જીવનભર મથી આત્મસમર્પણની ગંગા વહેવડાવે છે, ત્યારે એના બદલામાં પૃથ્વી પર વસતા બાંધવ એમના ગળામાં પહેરાવે છે મૃત્યુનો હાર ! આ સંતો તો છે ઊઘડતા પ્રભાત સમા, પણ આ સંતોને અપાતાં ક્રૂસારોહણો, ઝેરના પ્યાલા, બંદૂકની ગોળીઓમાં બિડાતી સાંજ અને ઊતરતી રાત વર્તાય છે. જગતને વીંટળાઈ વળતી એ અંધારી ચાદરમાં શ્વાસ વલોવાય છે, રૂંધાય છે, ગૂંગળાય છે. હૈયું હાહાકાર કરી ઊઠે છે કે સંતો સાથે જગતનો આ વ્યવહાર ? પોતાના જ માનવબંધુઓની યુગે યુગે પુનરાવૃત્ત થતી આ ભૂલ અંતરમાં એક ઊંડી શૂળ પેદા કરે છે.

પણ તત્ક્ષણ, હૃદયના ગભારામાંથી એક બીજી વાણી પણ ઊઠે છે જે કહે છે, "તું કેવળ ક્રૂસ, ગોળી અને ઝેર જ શા માટે જુએ છે ? તું જો એ ઈશુને, એ ગાંધીને એ સૉક્રેટિસને અને એ કૃષ્ણને ! એમની આંખોમાં રેલાતા પારાવાર પ્રેમના સમંદરમાં શું તને કોઈક બીજો સૂર નથી સંભળાતો ? એમની સામું જોઈને માનવમાં રહેલી સંભાવના તને જીવવા નથી પ્રેરતી ? ઈશુને ક્રૂસ પર ચડાવનારા માણસને નહીં, ક્રૂસ પર ચડી જનારા ઈશુની સામે જો. એમની માનવતા સામું જોઈ સમગ્ર માનવસમાજને

માનવતાની એ ઊંચાઈએ પહોંચાડવાનું ભગીરથ કાર્ય સામે પડ્યું છે, એ પડકાર શું પ્રેરણા નથી આપતો ?

મારા આંગણાના પારિજાતના ઝાડ નીચે રોજ સવારે ખરતાં ફૂલમાં મને ઊઘડતા પ્રભાતનાં દર્શન થાય છે. એ જ રીતે ક્રૂસના થાંભલા નીચે ટપકતાં રક્તબિન્દુઓમાં પણ ઊઘડતા પ્રભાતનું દર્શન થાય છે, અને યુગે યુગે અવતરેલા હરિના લાલનું ગાણું સંભળાય છે કે:

''ચરણો આ ચાલ્યાં રે મરણિયા મારગે
બખ્તર બાંધ્યાં બેહદ સબૂરીને નામ,
અંજવાળાં એવાં તો ઉતાર્યાં હરિનાં હેતથી.
કે કાળી કાળી ખીણું બની હરિનો મુકામ....''

## પ્રેમનો ઉપકાર

આ પુસ્તકમાં ઈશુનો સંદેશ છે.
ઈશુના સંદેશમાં પ્રેમ છે.
માણસ માણસ વચ્ચેનો પ્રેમ.
મિત્રને માટે પ્રેમ.
દુશ્મનને માટે પ્રેમ.
પ્રેમનું સામ્રાજ્ય છે.
આપણા યુગને એ પ્રેમની જરૂર છે.
માટે ઈશુની જરૂર છે.
એમાં આ પુસ્તકની ઉપકારકતા છે.

તા. ૨૮-૩-'૮૩ — **ફાધર વાલેસ**

# ૧. ઊતરતી રાતનો ઊજળો ઓળો

દિવસ-રાતની અભિન્ન જોડીની જેમ પૃથ્વી પર વસતા આ માનવસમાજમાં અંધકાર અને ઉજાસ આગળપાછળ આવતા જ રહે છે. યુગે યુગે કુરુક્ષેત્રો રચાય છે, કૌરવ-પાંડવો જુદાં જુદાં નામદેહ ધારણ કરી અસત્-સત્નાં યુદ્ધો ખેલે છે અને જીવનના અર્ક સમું કોઈ સત્ય સ્થાપિત કરી જવા માટે આકાશ અને વસુંધરાના કોઈક વહાલાદવલાને પોતાના બલિદાનનું રક્ત ધરતી પર વહેતું કરવું પડે છે. માનવસમાજની આ કરુણ ગાથા છે. કાળચક્ર સતત ફર્યા જ કરે છે. સાથોસાથ માનવયાત્રા પણ સતત ચાલુ જ છે, પણ આગળ વધવાને બદલે જાણે એ ગોળ ગોળ જ ફર્યા કરે છે, તેવો ભ્રમ પેદા થઈ જાય છે.

આવો જ હતો એ કાળ - જ્યારે પૃથ્વી પર અંધારપટ છવાઈ ગયો હતો. રાતો તો ઘણીય અંધારી હોય છે, પણ કાળીચૌદશની રાત્રિ તો જાણે કાજળકાળો કામળો ઓઢીને જ પૃથ્વીને ઘેરી વળતી હોય છે. ઉજાશનું ક્યાંય કિરણ સુધ્ધાં ગોત્યું હાથ આવતું નથી. ચોમેરથી ઘેરી વળતા આવા અંધકારનાં મોજાંમાં માનવનો અંતરાત્મા પણ જાણે સાત પાતાળ હેઠળ સંતાઈને લપાઈ ગયો છે. અંધકારની આવી ઘેરી શ્યામલતામાંથી રસાઈને એક ઉજ્જવળતા આ પૃથ્વી પર પ્રગટ થાય છે, જેનું બહ્યાંતર સમસ્ત કેવળ પ્રભુતા અને કરુણાથી વીંટળાયેલું છે.

આ ઉજ્જવળતાનું નામ છે ઈશુ. લગભગ બે હજાર વર્ષ પહેલાં પૃથ્વી પર ભૂલાં પડેલા આ પંખીના ટહુકે ટહુકે કેવળ પ્રભુનાં ગીત જ ઝરે છે. પૃથ્વી પર વસતા પોતાના

માનવબંધુઓને માનવજીવનની સાર્થકતાનું સત્ય પીરસવા એ આવે છે. યુગે યુગે સનાતન સત્યોનું પુનરુચ્ચારણ આવા અવતારી પુરુષો દ્વારા થતું આવ્યું છે. પૃથ્વી પરના પૌર્વાત્ય પ્રદેશનું તો વળી એક વિશેષ સદ્‌ભાગ્ય રહ્યું છે કે અહીંની ક્ષિતિજ પર માનવતાના અનેક સૂરજ ઝળહળી દુનિયા આખીમાં પ્રકાશ ફેલાવતા રહ્યા છે.

ભગવાન ઈશુ પણ જન્મ્યા. પૂર્વમાં એશિયા ખંડની પશ્ચિમ દિશાની ક્ષિતિજ પર પ્રભુતાના પવિત્ર તેજનો પૂર્ણકુંભ લઈને ભૂમધ્ય સમુદ્રના પૂર્વ કિનારે ઈઝરાયલ નામના યહૂદી દેશમાં આ પુણ્યાત્મા પ્રગટ્યો. ઈશુના જન્મ-વર્ષની ગણતરીમાં ભૂલ થવાને લીધે છેવટે આ હકીકત માન્ય થઈ છે કે એમનો જન્મ ઈસવીસનના પહેલા વર્ષમાં નહીં, પણ તેનાં ચારેક વર્ષ પહેલાં (ઈ. સ. પૂર્વે ૭થી ૪ અથવા વિ. સં. ૪૯થી ૫૨ની વચ્ચે) થયો.

અરબસ્તાનના વાયવ્ય ખૂણે આવેલા સીરિયાનો પૅલેસ્ટાઈન નામનો પ્રદેશ. ત્યાંની પ્રજા યહૂદી. પૅલેસ્ટાઈન એટલે મોટા ભાગે પહાડોનો પ્રદેશ. પ્રદેશની વચ્ચેથી જૉર્ડન નદી વહે, જે પ્રદેશને પૂર્વ અને પશ્ચિમ ભાગમાં વહેંચે. પૂર્વમાં પીરિયા, ડેકાપોલીસ તથા ઈટુરિયાનો સંયુક્ત તાલુકો તો પશ્ચિમમાં યહૂદિયા, સમારિયા અને ગેલિલ. ઈશુના જન્મ વખતે આ પ્રદેશ રોમન સામ્રાજ્યનો એક ભાગ હતો. એની મુખ્ય રાજધાની હતી જેરુસલેમ, જે યહૂદિયા તાલુકામાં હતી. ભારતમાં જેમ કાશી, તેમ ત્યાં જેરુસલેમ. મોટામાં મોટું અને જૂનામાં જૂનું મંદિર જેરુસલેમનું. એટલે દર વર્ષે ત્યાંના પાસ્ખાર

નામના તહેવારના દિવસે ઠેરઠેરથી જાત્રાળુઓ અહીં ઊમટતા. આખા પ્રદેશમાં ભગવાનને બલિદાન ચડાવવાનો અધિકાર કેવળ આ મંદિરના પૂજારીઓને હતો. પણ આ ધર્માધિકારીઓને ધર્મના સત્ત્વ સાથે કશો જ નાહવા-નિચોવવાનો સંબંધ નહોતો. તેઓ તો લોકો પર પોતાની સત્તા ચલાવી આપખુદી વૃત્તિને સંતોષવામાં અને ધનના ઢગલા એકઠા કરવામાં તલ્લીન હતા.

તે કાળે શાસન રોમનું હતું, પણ કહેવા ખાતર સત્તા યહૂદીઓના કોઈક રાજાને આપવામાં આવતી. હકીકતમાં તો તેય હોય તો ખંડિયા રાજા જેવો જ. રોમના સૂબાની ગુલામગીરી અને ચાપલૂસીગીરી કરે અને યહૂદી પ્રજાનું લોહી પી માતો થાય. ઈશુના કાળમાં તો રાજા નર્યો યહૂદી પણ નહોતો. કોઈક યહૂદી કન્યાને પરણેલો હતો, એટલો જ નાતો હતો. યહૂદી સાથે, એટલે સ્વાભાવિક રીતે જ યહૂદી પ્રજા પરના જોરજુલમ, ત્રાસ અને આપખુદી એની ચરમ સીમાએ પહોંચી જઈ શકતાં હતાં. આ રાજાનું નામ હતું હેરોડ. પ્રજાનાં લોહી રેડી રોમી સમ્રાટને ભારે નજરાણું મોકલી રાજી રાખતો અને આ બાજુ પ્રજા પર મનમાન્યો ત્રાસ વર્તાવતો.

લોકમાનસ પર વર્ચસ્વ ધરાવતી બે સત્તા છે. એક છે રાજ્યસત્તા અને બીજી છે ધર્મસત્તા. જ્યાં સુધી નૈતિક સત્તાના કહ્યામાં રાજ્યસત્તા હોય છે, ત્યાં સુધી રાજ્ય વકરતું નથી. પણ નૈતિક સત્તાનાં પાણી ઓસરવા માંડે છે, ત્યારે રાજ્યસત્તા ધર્મસત્તાને કેવળ દાસી બનાવી લેવાને બદલે જોહુકમીનું એક સાધન બનાવી લે છે, અને કહેવાતા ધર્માધિકારીઓને ખરીદી લે છે. પેલેસ્ટાઈનની આ જ સ્થિતિ હતી. પૂજારી, શાસ્ત્રી,

આચાર્યો વગેરે જુદા જુદા પદવી પ્રતિનિધિઓ ધાર્મિક ક્ષેત્ર સંભાળતા. પણ રોમનોની એટલી બધી વગ વધી ગઈ હતી કે આ સ્થાનો પર પણ તેમના માનીતા અને ચાપલૂસિયા લોકો જ આવી શકતા. રાજકીય અધિકારો તો બધા રાજાના નામે ચઢાવાયેલા, પણ ધાર્મિક, સામાજિક અધિકારો 'ધર્મસભા'ને સોંપવામાં આવ્યા હતા જેને 'એકોતેરી સભા' નામ આપવામાં આવ્યું હતું, જેમાં મહાપૂજારી, શાસ્ત્રીઓ તથા ધર્માચાર્યોનો સમાવેશ થતો. આ સભા છેવટે તો રોમન સૂબાને જ આધીન રહેતી. ધર્મને સત્તાનું વળગણ વળગી ચૂક્યું હતું એટલે માનવતા, દયા; ભલમનસાઈ અને સચ્ચાઈની મૂલ્યનિષ્ઠાને બદલે વહેમ, ક્રિયાકાંડ, વિધિ-નિષેધની બદબૂ મંદિરોમાં ફેલાયેલી હતી. આમ સમસ્ત બાહ્યજગતમાં ધર્મ અને નીતિના સદંતર અભાવને પરિણામે મનુષ્યમાં રહેલો અંતરાત્મા કોકડું વળીને ગૂંચવાઈ જઈ 'ઈશ્વર' નામની હસ્તીનો સીધો સ્પર્શ ગુમાવતો જતો હતો. આવા પાકી ગયેલા ગર્ભકાળમાં પૅલેસ્ટાઈનમાં બે માનવપુત્રો જન્મે છે, જેમના લોહીના ધબકારમાત્રમાં એક જ ધ્વનિ સંભળાય છે, 'ઈશ્વરનું સામ્રાજ્ય'.

માનવ-ઈતિહાસના ઘણા તબક્કામાં આવું જોવા મળે છે કે મહામાનવ બબ્બેની જોડીમાં સાથે પૃથ્વી ઉપર આવે છે. મહાવીર અને બુદ્ધ, રામકૃષ્ણ-વિવેકાનંદ, ગાંધી-વિનોબા.... વર્ષોનાં વર્ષો આગળપાછળનાં એવાં હોય જેમાં કોઈ જ મહાપુરુષ પાક્યો ના હોય. અહીં પણ આવું જ થાય છે. અસત્યના વહેણથી પુરપાટ ધસ્યે જતી કાળનદીને બંને કાંઠે બે

સત્પુરુષ જન્મે છે. ઈશુનો આ પુરોગામી સંતપુરુષ છે જોન. ઘરેડ ઘડપણ સંતાનની આશા છૂટી ગયા પછી સાંપડેલો આ બાળક જોન પણ પોતાની ત્રીસ વર્ષની વયે સંસ્કારસિંચનનું કામ શરૂ કરે છે. પાણીનું સિંચન કરી લોકોને નાહવાનું કહી અમુક પ્રતિજ્ઞા લેવડાવી એ દીક્ષા અપાવતો, એટલે લોકો એને John, The Baptist એટલે કે 'દીક્ષા આપનાર જોન' તરીકે જ ઓળખતા. એની સાદાઈ, સ્વૈચ્છિક ગરીબાઈ, પવિત્રતા તથા સ્પષ્ટ વક્તવ્ય લોકોને આકર્ષતાં. લોકોને એ એક જ વાત કહેતો, ''ધર્મરાજ્ય સ્થાપવાના દિવસો હવે ભરાઈ ચૂક્યા છે. એ માટે આપણે સૌએ તૈયાર થવું જોઈએ. ધર્મરાજ્ય સ્થપાય છે ચિત્તમાં. માટે ચિત્તને શુદ્ધ કરો. ચિત્ત ધોવાય છે પશ્ચાત્તાપથી. માટે કરેલાં પાપોનો અનુતાપ થવા દો.'' સીધીસાદી વાતો પણ લોકોને હૈયા સોંસરવી ઊતરી જતી. અનિષ્ટ તત્ત્વ પર એ પ્રહાર પણ કરતો. એટલે સ્વાભાવિક છે કે રાજ્યવર્ગ તથા કહેવાતો ધાર્મિક વર્ગ છંછેડાતો.

આવા સંદર્ભમાં ભગવાનમય થઈને જન્મે છે એક માનવબાળ, જે જાણે છે કે, ''ભગવાનને પામવાનો રસ્તો 'માનવ' વચાળેથી થઈને, તેમાંય ખાસ કરીને તરછોડાયેલા, ધૂત્કારાયેલા ગરીબ માનવો વચ્ચેથી થઈને જાય છે. . . .'' આ જે 'વચલી વાટ' છે, સાચા અર્થમાં જે 'રાજમાર્ગ' છે, તે વાટનો એક પુણ્યશાળી પથિક પૃથ્વી પર આવે છે - ઈશ્વરના સામ્રાજ્યનું અજવાળું લઈને. . . . ઈશુ પૃથ્વી પર આવે છે એ પહેલાં જનમાનસના ચિત્તમાં એક આકાંક્ષા પ્રગટ થઈ ચૂકી છે. ઈશુના પુરોગામી સંતો તથા જોને પોતે પોતાના ઉપદેશોમાં

લોકોને સતત આ વાત કીધા જ કરી છે કે પૂર્વમાંથી પ્રકાશનું કિરણ આવશે, જે આપણાં અંધારાંને ફેડશે. પૂર્વમાંથી કોઈક ઉદ્ધારક આવશે, જે આપણને અસત્ય, અનીતિ અને દુષ્ટતાના કીચડમાંથી બહાર કાઢશે. વાચાસિદ્ધ પુરુષોની આ આગાહી હતી કે પૂર્વનો આ પનોતો પુત્ર સમસ્ત માનવજાતિનો ઉદ્ધારક સિદ્ધ થશે અને સકળ જગતનો પ્યારો થશે.

આજે આપણે જોઈએ છીએ કે પૃથ્વી પરના મહદ્ પટ પર કેવળ ઈશુના નામનું સામ્રાજ્ય પ્રવર્તે છે. ખ્રિસ્તી ધર્મ સૌથી વધુ વ્યાપક ધર્મ છે અને ખ્રિસ્તી ધર્મનો મૂળ ગ્રંથ 'બાઈબલ' હવાની જેમ સર્વત્ર ફેલાઈ ગયો છે. આનું એકમાત્ર કારણ છે ઈશુનું ચિત્તાકર્ષક, મનમોહક જીવનચરિત્ર. ઈશુનું ચારિત્ર્ય એટલું બધું સામર્થ્યવાન છે કે અનેકોને યુગયુગાંતર સુધી એ પ્રેરણા આપ્યા કરશે.

## ૨. બાળસૂર્યની રક્તિમ આભા

''મારું અંતર પ્રભુનો મહિમા ગાય છે.

અને મારો આત્મા મારા ઉદ્ધારક પરમેશ્વરમાં રાચે છે, કારણ, તેણે પોતાની આ દીન દાસી ઉપર કૃપાદૃષ્ટિ કરી છે.''

– કૃપાદૃષ્ટિ ? કેવી છે આ કૃપાદૃષ્ટિ ? કોના ઉપર થઈ છે આ કૃપાદૃષ્ટિ ? આમ તો જગતભરની તમામેતમામ માતા જ્યારે એની કૂખ ભરાય છે ત્યારે કૃતકૃત્યતા અનુભવે છે, પણ પોતાને 'બડભાગી' માનનારી આ માતા મેરી તો કુંવારી મા છે. વેવિશાળ તો જોસેફ નામના એક યુવા સુથાર સાથે થઈ ચૂક્યું

છે, પણ હજી એની સાથે ચાર ફેરા ફરાય તે પહેલાં કોઈક અકળ યોજનાના ભાગ રૂપે કુદરતના નિયમોમાં ન બેસે એ રીતે એની કૂખ ગર્ભ ધારણ કરે છે. કર્ણમાતા કુંતી યાદ આવી જાય એવી જ આ કોઈ અકળ ઘટના ! પણ જીવનમાં ઘટતી બધી ઘટનાઓને સાંગોપાંગ સમજી લેવા જેટલી ક્ષમતા માનવમાં હજી ક્યાં આવી છે ?

પણ આથી જોસેફ તો મૂંઝાય જ ને ? ધર્મિષ્ઠ યુવાન છે, પણ લગ્ન પહેલાં મા થઈ ચૂકેલી મેરીને પત્ની તરીકે સ્વીકારવી કેવી રીતે ? મનોમંથન ચાલે છે, ત્યાં સ્વપ્નમાં દૈવવાણી સંભળાય છે, ''મેરીને સ્વીકારતાં ગભરાઈશ નહીં. એ પવિત્ર છે. પવિત્ર આત્માના પ્રભાવથી આ ગર્ભાધાન થયું છે. આવનાર પુત્રનું નામ 'ઈશુ' (મુક્તિદાતા) પાડજે, કારણ તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ અપાવવા અવતર્યો છે.'' . . . બીજું કાંઈ ચાડી ખાય કે ના ખાય, પણ ચારિત્ર્ય અંગેની માણસની મલિનતા છાપરે ચઢીને પોતાની હસ્તી પોકારતી હોય છે, પણ જોસેફને તો મેરી હજી એવી ને એવી જ પવિત્ર લાગે છે, કારણ કે મેરી પ્રાર્થનામાં ગાય છે, ''સર્વશક્તિમાન ઈશ્વરે મારે ખાતર મહાન કાર્યો કર્યાં છે, અને એનું નામ પાવન છે !'' આ પાવનતા જોસેફને સ્પર્શી જાય છે અને એ મેરીને સ્વીકારી લે છે, એટલું જ નહીં મેરીનું સંતાન પોતાના મૂળ વતનમાં જન્મ લે એવી ભાવનાથી મેરીના વતન નાઝરેથથી બંને બેથેલહેમ આવવા નીકળે છે.

ગર્ભાધાન અંગેની અગમ્ય વાયકાની જેમ બીજી એક લોકવાયકા એવી પણ છે કે ઈશુનો જન્મ ઢોરોનો ચારો રાખવાની

ગમાણમાં થયો. સંભવ છે કે જોસેફનું બેથેલહેમમાં કોઈ ઘર ના હોય. અથવા તો પહોંચે ત્યાં જ પ્રસવકાળ આવી ચૂક્યો હોય અને મેરીને એકાંત સ્થળ તરીકે ગમાણમાં લઈ જવી પડી હોય. તહેવારને કારણે બધી ધર્મશાળાઓ ભરાઈ ગઈ હતી એવું પણ કહેવાય છે. ગમે તેમ હોય પણ આપણને તો તરત કૃષ્ણજન્મ યાદ આવે કે એ જેલમાં જન્મ્યા, તેમ ઈશુ જન્મ્યા ગમાણમાં ગરીબડાં ગાય-ઘેટાં પશુઓ વચ્ચે. મા મેરીને દૂધ-ઘી મળ્યાં, તે પણ ભલા-ભોળા પણ પ્રેમાળ ગોપાળો પાસેથી. કૃષ્ણ ઊછર્યો ગોકુળમાં, ઈશુ જન્મે છે 'ગો-લોક'માં.

વળી કૃષ્ણકથા યાદ આવી જાય તેવો જ બીજો પ્રસંગ. જેવી રીતે કંસને આકાશવાણી સંભળાય છે કે તારો શત્રુ જન્મી ચૂક્યો છે અને એ નવજાત બાળકોને જ નહીં, બબ્બે વર્ષનાં બધાં બાળકોને મારી નખાવે છે, એ જ રીતે રાજા હેરોડને પણ જોશીઓ કહે છે કે, ''તારો શત્રુ બેથેલહેમમાં જન્મી ચૂક્યો છે.'' અને બેથેલહેમનાં બે વર્ષની અંદરનાં તમામ બાળકોને મારવાનો હુકમ થાય છે. ગંધ આવી જતાં જોસેફ અગમચેતીપૂર્વક મા તથા નવજાત શિશુને લઈને પાછો નાઝરેથ આવી જાય છે.

પણ બાળપણનાં એનાં બાર વર્ષ ઈતિહાસનાં પાનાં પર ગેરહાજર છે. કૃષ્ણના જીવનનાં પ્રથમ બાર વર્ષ પ્રત્યેક ભારતીય માટે હૃદયમાં અંકાયેલો એક અમીર આલેખ બનીને છવાઈ ગયો છે. કૃષ્ણની ગોકુળની બાળલીલાનું ભારતને સૌથી વધુ ઘેલું છે, જ્યારે પેલેસ્ટાઈનની ધરતી પર ખેલીકૂદીને પ્રતિક્ષણ મોટું થતું જતું બાળપણ કાળનદીમાં ધોવાઈ ગયું છે. જેનું હૃદય

પારિજાતના પુષ્પથીય વધુ સુકોમળ અને સંવેદનશીલ હતું તેવા ઈશુના બાળજગતના ઊગેલા તમામ સૂર્યોદયે પ્રત્યેક પળે પૃથ્વી પર કોઈક અનોખી સુગંધ વહેવડાવી હશે. આજે પણ મા મેરી ભેટી જાય તો સૌ પહેલાં પૂછી લેવાનું મન થાય તે આ જ પ્રશ્ન કે, ''કહો, મા મેરી, અમને એની બાળલીલા સંભળાવો ! શું તમને એ અમારા કાનુડાની જેમ રોજેરોજ કનડતો ? કેવાં હતાં એનાં તોફાનમસ્તી? શું નાઝરેથના લોકોને એ પજવતો ? કે ત્યારે પણ એ ડાહ્યોડમરો થઈને રાજા ભગવાનની વાતો કર્યા કરતો ? એને ગલૂડિયાં, લવારાં, ઘેટાં ત્યારે પણ આટલાં જ વહાલાં હતાં ? એના બાળદોસ્તો સાથેની કોઈક ગોઠડી તને યાદ છે મા ? . . .''

પણ ઈશુનું જીવન પાણીમાં તરતી પેલી હિમશિલા જેવું છે. પોણા ભાગની શિલા તો પાણી હેઠળ, નજરથી દૂર ! જીવનમાં જે કાંઈ પ્રગટ છે તે ખૂબ ઓછું ! ચોથા ભાગથીય ઘણુંબધું ઓછું ! બત્રીસ વર્ષનું ટૂંકું જીવન, માંડ ત્રણચાર વર્ષના જીવનની જાણકારી જગત સમક્ષ છે. જેનું પ્રગટ જીવન આટલું બધું પ્રાણવાન હતું, તેનું અપ્રગટ જીવન કેટલું ચેતનવંતું હશે ? જીવનનો એ ગર્ભસ્થ કાળ, માટી નીચે દટાયેલો એ અંધકાર જ્યાં જુગ-જુગાંતર અજવાળાં પાથરી શકે તેવો ચૈતન્યનો આવિષ્કાર પોતાની ભૂમિકા પામ્યો !

આપણી પાસે તો બાર બાર વર્ષોનાં વહી ગયેલાં વહાણાંમાંથી જડે છે કેવળ એક પ્રભાત ! ઊજળું, દૂધધોયું પ્રભાત ! જ્યારે એંધાણ મળે છે કે ભીતરની ભોંયમાં કશુંક રંધાઈ રહ્યું છે ! માર્ચ-એપ્રિલના ઊજળા દિવસો ! પાસ્ખારનું પવિત્ર પર્વ

ઊજવવા આખું પૅલેસ્ટાઈન થનગની ઊઠ્યું છે. જાત્રાએ જવાનું છે, જેરુસલેમ પહોંચવાનું છે. મંદિરની પૂજા આચરવાની છે, બલિદાનો ચડાવી બાધાઆખડીઓ પૂરી કરવાની છે. લોક બધું ઊમટે છે. ઈશ્વરની વિશેષ કૃપા યહૂદીઓએ આ પર્વે અનુભવી છે. કુદરતી આફતોએ બધા મિસરીઓનો નાશ કર્યો, અને બધા યહૂદીઓને સલામત રાખી રણ પાર કરાવ્યું, તેની યાદગીરીમાં, ઈશ્વર પ્રત્યેની ઋણબુદ્ધિપૂર્વક, આભારની લાગણીથી લોકો આ તહેવાર ઊજવતા.

નાનાં ભાઈભાંડું અને માબાપ સાથે ઈશુ પણ આ જાત્રાએ ઊપડે છે. જાત્રા, જેરુસલેમના મંદિરમાંની પૂજાવિધિ વગેરે હેમખેમ પતે છે. હવે તો પાછા વળવાનું ટાણું થયું. વણજાર આખી રસ્તે પણ પડી ગઈ છે. જોસેફ-પરિવાર પણ ચાલવા માંડ્યો છે. જોસેફ પુરુષોના અને મેરી સ્ત્રીઓના કાફલા સાથે છે. અચાનક મેરીનું ધ્યાન જાય છે કે 'અરે, ઈશુ ક્યાં ?' પણ એને થાય છે કે એના પિતા સાથે એ હશે અને 'કદાચ આગળના મેરીવાળા કાફલામાં એ હશે' એમ જોસેફ ધારી લે છે, પણ ઠેઠ સાંજ સુધીની યાત્રામાં ઈશુ ક્યાંય દેખાતો નથી, એટલે માબાપને પાછાં જેરુસલેમ ફરવું પડે છે. ત્યાં પહોંચી ગલીએ ગલી શોધી વળે છે, પણ ક્યાંય બેટમજી દેખાતા નથી. થાક્યાંપાક્યાં બંને છેવટે મંદિરે પહોંચે છે. આખું મંદિર ખૂંદી વળે છે, પણ ક્યાંય ઈશુ દેખાતો નથી. 'હા, પેલા ખૂણે કાંઈક ટોળું વળેલું છે, ત્યાંય તપાસ કરતાં જઈએ.' – કરીને બંને ત્યાં જાય છે તો જુએ છે કે વચ્ચે ઈશુ છે, અને લાંબા લાંબા રેશમી ઝભ્ભાઓ પહેરેલા શાસ્ત્રીઓ અને પૂજારીઓ એને ઘેરી વળ્યા

છે. કાન મંડાય છે તો આ તો એમનો જ ઈશુ કાંઈક બોલી રહ્યો છે. ધર્માચાર્યો એને કાંઈક પૂછે છે અને એ જુસ્સાભેર જવાબ વાળે છે. વળી પાછું એ પોતે પણ કાંઈક એવું પૂછી પાડે છે, જે સાંભળીને શાસ્ત્રીઓ અવાક થઈ જાય છે. ઘડીભર તો મા-બાપ બંને થંભી જાય છે, પણ વળતી ક્ષણે મા સફાળી એને સંબોધી બોલી ઊઠે છે કે, ''અરે બેટા, તું અહીં શું કરે છે? જો હું ને તારા બાપુ તો તને શોધવા માટે કેટકેટલી જગ્યા ખૂંદી વળ્યાં !''

''પણ મા, તારે મને બીજે શોધવો જ શું કામ જોઈએ ? શું તને ખબર નહોતી કે મારા પિતાના કામ અંગે હું અહીં જ હોઉં !'' . . .

'પિતા' એટલે પરમ-પિતાની સગાઈ લઈને જન્મેલા ઈશ્વર-બાળના આ બોલ મેરીને ત્યારે સમજાયા કે નહીં પ્રભુ જાણે; એ તો પૂજારીઓના ચડી ગયેલા, રોષે ભરાયેલા રાતાચોળ તોબરા જોઈને જ રઘવાયી થઈ ગઈ હતી. ''ચાલ, ચાલ, હવે બહુ ડાહ્યો થતો.'' - કહીને એને ખેંચી ગઈ.

મેરી બાર વર્ષના ઈશુને ખેંચીને લઈ જઈ પાછી કાળના ઊંડા ગર્ભાગારમાં સંતાઈ જાય છે. પ્રથમ બાર વર્ષની કાળગુફામાંથી નીકળેલું આ એક જ તેજકિરણ 'મારા પિતાના કામ અંગે હું અહીં જ હોઉં ને ?' . . . સૂચવી જાય છે કે પિતાના કામની કશીક પૂર્વતૈયારી ચાલી રહી છે. વળી પાછો અંધારપટ પડે છે, નાનોસૂનો નહીં, ખાસ્સાં લાંબાં અઢાર વર્ષોનો ! આ અઢાર વર્ષ તેય પાછાં જીવનની જોબનાઈનાં અઢાર વર્ષ, જીવનનો સોનેરી કાળ! જ્યારે

''ઘટમાં ઘોડાં થનગને,
આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર,
યૌવન માંડે આંખ.''

આવો આ ઊગતો કાળ ભોંયભીતર દટાયેલો છે. ધરતી હેઠળ આગ ભભૂકે છે, ઈંધણો ઉમેરાતાં રહે છે અને ઈંધણનું કોશેકોશ, કણેકણ સળગી ઊઠે છે. પણ બહાર દેખાય છે કેવળ જ્વાળા ! સઘળી અશુદ્ધિઓને સળગાવીને ભસ્મ કરી નાખનાર શુદ્ધિનો દેવ અગ્નિ સ્વયં તપોપૂત બનીને પ્રગટાવે છે આ જ્વાળા ! આ જ્વાળા ઘરોને બાળી નાખનારી ભસ્માસુરી જ્વાળા નથી. આ તો છે પાવક જ્વાળા ! પ્રભુનું મંદિર સર્જનારી પવિત્ર જ્વાળા ! અ-પ્રભુતાના કણેકણ નિ:શેષ કરી પ્રભુનું રાજ્ય અવતારવા તૈયાર થતી પુણ્ય જન્મભૂમિ ! પ્રભુતાને અવતારવાના, અઢાર અઢાર વર્ષોના આ ગર્ભાવાસ વિશે આપણે ઝાઝું જાણી શકીએ તેમ નથી.

હા, એ સુથારનો દીકરો હતો. શ્રમજીવી વર્ગનું જીવન એ એનું જીવન છે. જેના હાથમાંથી ભવિષ્યમાં રોગીઓને સાજા કરી નાખનારી, મૃતોને જીવિત કરી નાખનારી સંજીવની ઝરવાની છે તે જ હાથ હથોડા-કરવત ચલાવે છે, લાકડાના ભારે પાટડા ઊંચકે છે. તનતોડ મહેનત કરે છે. ઘરાકો સાથે ઘરોબો કેળવે છે. ભવિષ્યમાં ગરીબ-દીન-હીન વર્ગ સાથે કામ લેવાનું છે. આ વર્ષોમાં એ પોતે ગરીબાઈનો, તરછોડાવાનો અને અપમાનોનો જાતઅનુભવ લે છે. કુદરતની કેવી કરામત છે ! સુથારને ત્યાં પળાઈ-પોષાઈને પરિપુષ્ટ થયેલું આ ચૈતન્ય છેલ્લે સુથારને

હાથે જ ઘડાયેલા ક્રોસ ઉપર પોતાના અંતિમ શ્વાસ લે છે.

ઈશુને કેવળ લાકડાં કાપવામાં જ રસ નથી, જેમાંથી લાકડું સર્જાય છે તે વૃક્ષ-સૃષ્ટિની પણ એને ભારે લગન છે. નાઝરેથથી આસપાસનો વનપ્રદેશ એ એમનો પ્રિય પ્રદેશ છે. વનરાજીમાં ઊગતી દ્રાક્ષોની વેલ, પોતાનાં ડાળપાંદડાં ફેલાવીને ઘટાદાર થતું અંજીરનું વૃક્ષ, વળી વનમાં ચરતાં ઘેટાં-બકરાં-ગાય આ બધાંની સાથે ગાઢ દોસ્તી - આ બધું એમને માટે સહજ હતું. ઈશુનો કૌમારકાળ લગભગ અંધારપટ થઈને આપણી સામે ઊભો છે. આપણી સમક્ષ તો ગીતાના અઢાર અધ્યાય સમા એ અઢાર વર્ષના અજ્ઞાતકાળ પછી વળી પાછું એક સુપ્રભાત એવું પ્રગટે છે, જ્યારે અનંતતાની ક્ષિતિજમાંથી ચાલ્યો આવતો હોય તેવો અઠ્ઠાવીસ-ત્રીસ વર્ષનો એક તેજસ્વી, પ્રાણવાન, ભર્યો ભર્યો નવજુવાન દીક્ષા આપનારા જોન સામે આવીને ઊભો રહે છે, અને કહે છે :

''મને પણ દીક્ષા આપો, ગુરુદેવ ! હું પણ સ્નાન-સંસ્કાર માટે આવ્યો છું !'' . . .

ચારે બાજુ લોકોની ઠઠ જામી છે. ધર્મગુરુ જોન ધર્મયાત્રાએ નીકળ્યા છે. ઊંટના વાળનો ઝભ્ભો પહેર્યો છે, કમરે ચામડાનો પટ્ટો બાંધ્યો છે. ઊંચી-પહોળી કાયા છે. યહૂદિયા પ્રાંતમાંથી ઠેરઠેરથી લોકો તેમનાં દર્શને ઊમટે છે, પોતાનાં પાપોની કબૂલાત કરે છે અને જોર્ડન નદીમાં તેમના શુભ હસ્તે સ્નાન-સંસ્કાર લે છે. લોકો ઉપદેશ માગે છે તો સીધીસાદી લોકવાણીમાં કહે છે, ''જેમની પાસે બે પહેરણ હોય તે જેની પાસે કશું ના હોય તેમની સાથે વહેંચી લે, અને જેમની પાસે

ખાવાનું હોય તે પણ એમ જ કરે.'' – સીધી અમલમાં મૂકવાની વાત સોમાંથી એંશી ટકા આચરી શકાય તેવી વાત ! વળી ઉમેરતા, ''પ્રભુનું રાજ્ય આવી રહ્યું છે, પ્રભુને વસાવવા ભૂમિ તૈયાર કરો. તે ભૂમિ છે તમારું હૃદય ! હું તો તમને આ પાણીથી માત્ર સ્થૂળ સ્નાન-સંસ્કાર કરાવું છું, પણ મારા પછી જે આવી રહ્યો છે તે તો તમારાં હૈયાંને ધોશે. એ તમને પવિત્ર આત્મા અને અગ્નિ વડે સ્નાન-સંસ્કાર કરાવશે. હાથમાં સૂપડું લઈને એ આવે છે, ઘઉંના દાણાને એ કોઠારે ભરશે અને ફોતરાં કદી ઓલવાય નહીં તેવા અગ્નિમાં બાળી મૂકશે. એ જે આવનાર છે તે મારા કરતાં ઘણો વધારે શક્તિશાળી છે, હું તો તેનાં પગરખાં ઉપાડવાને પણ લાયક નથી. . . .''

અને આજે એ દિવસ આવી પહોંચ્યો છે, જ્યારે સામે સાક્ષાત્ તેજમૂર્તિ સમો યુવક કહે છે, ''મને દીક્ષા આપો !'' પણ ત્યારે જોન લોકોને ઉદ્દેશીને કહે છે, ''આ જ છે ઈશ્વરનું ઘેટું ! એ દુનિયાનું પાપ હરી લેશે.''

આત્માને આત્માની જાણ છે, પ્રાણ પ્રાણને ઓળખે છે. ઈશુની માગણી સાંભળીને જોન બોલી ઊઠે છે, ''શું કહો છો તમે ? દીક્ષા હું તમને આપું કે તમે મને ? સ્નાન-સંસ્કાર તો મારે તમારી પાસે લેવા જોઈએ, તેના બદલે આ ઊલટી ગંગા ?''

''જેમ ચાલે છે તેમ જ ચાલવા દઈએ. આપણે તો ઈશ્વરેચ્છા પૂરી કરવી છે, એ જ છે આપણો ધર્મ !. . . .''

ઈશુ જોનને સાનમાં સમજાવે છે, જોન માની જાય છે અને દીક્ષાવિધિ શરૂ કરે છે. ઈશુ જોર્ડન નદીમાં સ્નાન માટે ઊતરે છે.

સ્નાન-સંસ્કાર પછી ઈશુ પાણીમાંથી બહાર આવે છે ત્યારે જાણે સ્વયં જલદેવતા સદ્યસ્નાત બનીને સામે પરિશુદ્ધ રૂપે ઊભા હોય તેવું સૌ અનુભવે છે. એમના તાજા ખીલેલા ફૂલ જેવા ગુલાબી, સુકોમળ, તેજસ્વી ચહેરા પર આકાશની પવિત્રતાની ઝાંય ઊતરી આવે છે અને એમની સમગ્ર હસ્તીને વીંટળાઈ વળતો હોય તેવો કોઈ ગેબી આત્મા પારેવાની પેઠે એમના પર ઊતરતો હોય તેવું જૉનને દેખાય છે. તે જ વખતે લોકોને આકાશના ગભારામાંથી ઉદ્‌ઘોષ સંભળાય છે, ''આ જ છે મારો પુત્ર, મારો સર્વાધિક પ્રિય પુત્ર, જેના ઉપર હું વારી વારી જાઉં છું.''

લોકો માટે ઈશુની આ પ્રથમ ઝાંખી હતી. હજુ બધું એકદમ સાફ નહોતું સમજાઈ જતું, પરંતુ લોકહૃદયમાં એક પડઘો તો જરૂર ઊઠે છે કે આ યુવાન કોઈક નોખી માટીનો માનવી છે. એના ચહેરા પરની ઉજ્જ્વળતામાં સત્યનો પ્રકાશ ઝળહળતો વર્તાય છે. લોકહૃદયની આસ્થાનો કોઈ એક સ્થાને રાજ્યાભિષેક થાય એવું એક વ્યક્તિત્વ જાણે પ્રગટ થાય છે. આકાશના ગભરામાં પ્રગટેલો શબ્દ જાણે સ્વયં ઈશુ બનીને સામે ઊભો છે તેવી લાગણી હવામાં તરવા માંડે છે.

## ૩. સાધનાનો પ્રખર મધ્યાહ્ન

લોકમાન્ય ધર્માત્માએ કહ્યું, આકાશમાંથી વાણી પણ પ્રગટી, પણ છતાંય હજી જાણે સાધના બાકી રહી ગઈ હોય, હજુ દીક્ષિત થવાનું અધૂરું હોય તેમ સ્નાનસંસ્કાર પછી ઈશુ ત્યાંથી સીધા અરણ્યમાં ચાલ્યા જાય છે. 'સાધના'ને અરણ્યવાસ સાથે

ઊંડી સગાઈ હોય તેવું લાગે છે. ભારતની સંસ્કૃતિ તો જન્મીને ઊછરી જ છે અરણ્યમાં. માણસ ચિત્તના પ્રાકૃતિક કોચલાને તોડી અંદરનો સાંસ્કૃતિક મહાપ્રાણ જાગે તે માટે આ અરણ્યસેવન કદાચ સાધનાપથમાં અનિવાર્ય હશે. અરણ્યસેવનનો એક સીધો અર્થ છે તપોમય જીવન. અરણ્યસેવનનો મહિમા તો કોઈ આરણ્યક જ વર્ણવી શકે !

ઈશુ પણ પોતાના આ ચાળીસ દિવસના અરણ્યવાસમાં તપશ્ચર્યા આદરે છે. ઈશ્વરનું સીધું અનુસંધાન, ઈશ્વરના સતત સાન્નિધ્યના સંસ્પર્શને પામવાની આ સાધના હતી. સહજ રીતે ખાવાપીવાનું છૂટી જાય છે અને યથાર્થપણે 'ઉપવાસ' થાય છે. આ ચાળીસ દિવસ દેહમાં જાણે એમનો વાસ જ નહોતો. દેહથી પર એવા કોઈ તત્ત્વમાં એ વાસ કરતા હતા. એટલે દેહની ભૂખતરસ જાણે એમને અડી જ નહીં. પરંતુ ચાળીસ દિવસ પૂરા થયા અને પેટમાં ભૂખ વર્તાણી. ત્યારે કહેવાય છે કે શેતાને એમની કસોટી કરવા કહ્યું કે, ''જો તું ઈશ્વરનો પુત્ર હો તો આ પથરાને રોટલો થઈ જવાનું કહે.'' પણ શેતાન કાંઈ બહાર થોડો વસતો હોય છે ? સંભવ છે કે આટલી ઘોર તપસ્યા પછી ઘણી વખત બને છે એમ ઈશુને પોતાની અંદર જ એવી કોઈ તાકાતનો સ્પર્શ થયો હોય કે જે સામે પડેલા પથ્થરને રોટલામાં ફેરવી દે. સાધનાક્રમમાં આવી સિદ્ધિ કે ચમત્કાર એ કોઈ અજાણ્યું સ્ટેશન નથી. બધા જ સાધકોની ગાડી આ સ્ટેશને ઊભી જ રહે તેવું અનિવાર્ય નથી. કેટલાકને આવી સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. તો સિદ્ધિપ્રાપ્તિનું સ્ટેશન ઈશુના સાધનાપથમાં પણ આ તબક્કે આવ્યું હોય તેવું લાગે છે. જે સાધક આ સ્ટેશનને જ મંજિલ

સમજી ગાડીમાંથી ઊતરી જાય છે, તેને માટે આ સિદ્ધિ દુશ્મનરૂપ બની જાય છે. શાણા પુરુષો આ પગથિયે અટકી જતા નથી. બાહ્યાંતર ભીષણ તપસ્યાને પરિણામે ઈશુને પણ સિદ્ધિનો અનુભવ થાય છે, પરંતુ એ સમજે છે કે આ બધી સિદ્ધિઓનો ઉપયોગ વ્યક્તિગત કીર્તિ કે સંપત્તિ પ્રાપ્ત કરવા નથી. જ્યારે કોઈએ એમની સામે પડકાર ફેંક્યો કે, ''જો તું ઈશ્વરનો પુત્ર હોય તો મંદિરના શિખર ઉપરથી નીચે પડતું મૂક. . . .'' ત્યારે ઈશુ કેટલો સુંદર જવાબ વાળે છે કે, ''ઈશ્વરની કસોટી કરવાને માટે આ સિદ્ધિઓ નથી.'' સિદ્ધિ માણસની સામે પ્રલોભનોની એક મોટી સૃષ્ટિ ઊભી કરી દે છે. જાણે પોતે જ જગતનો કર્તાહર્તા હોય તેમ આખી દુનિયા એ પોતાની મુઠીમાં અનુભવતો થઈ જઈ નર્યા અહંકારનો કોથળો બની જાય છે. પણ ઈશુ આ બધી કસોટીઓમાંથી પાર ઊતરે છે. એમને ચમત્કારો દેખાડવામાં કોઈ રસ નથી, છતાંય અનાયાસ ચમત્કારો સરજાઈ જાય છે, તો એ એને રોકતા પણ નથી. પણ પોતાની યાત્રા તો 'સિદ્ધિમાંથી સંસિદ્ધિ' તરફ જવાની ચાલુ જ રાખે છે. અરણ્યવાસ એમને અદ્‌ભુત રીતે આ અર્થમાં તો ફળે જ છે કે ગજબની ઈશ્વરનિષ્ઠા એમના અંતરમાં નિર્માણ થાય છે, ''પૃથ્વી પર પ્રભુનું સામ્રાજ્ય ફેલાવવું - આ જ છે મારો જીવનધર્મ, અને આ જ મારું જીવનકાર્ય ! જીવવું તોપણ આને માટે, મરવું તોપણ આને માટે.''

પોતાના જીવનકાર્યને પાર પાડવા ઈશુ જ્યારે પ્રત્યક્ષ સમાજ વચ્ચે આવીને ઊભા રહે છે, ત્યારે આધ્યાત્મિક રીતે એક ભારે મોટો અવકાશ નિર્માઈ ગયો હોય છે. 'પ્રભુનું રાજ્ય આવી રહ્યું

છે, તે માટે તમારા હૃદયને તૈયાર કરો'નો સંદેશો આપનાર જોન માણસમાં રહેલી હેવાનિયતના ભોગ બની ચૂક્યા છે. થયું એવું કે જેરુસલેમની રાજગાદી પર હેરોડનો દીકરો ગાદી પર આવ્યો અને તે પોતાની વિધવા ભાભી સાથે પરણ્યો. યહૂદીઓના ધર્મકાનૂન મુજબ ભાભી સાથેનો પુનર્વિવાહ નિષિદ્ધ હતો, એટલે સ્વાભાવિક રીતે જ રાજાનું આ પગલું ચર્ચાનો વિષય બન્યું. છેવટનો ચુકાદો આપવા રાજા 'જોન ધ બૅપ્ટિસ્ટને પંચ તરીકે સ્વીકારે છે અને જોન જ્યારે એમના આ કાર્યને વખોડી કાઢે છે ત્યારે રાણીસાહેબા ગુસ્સે થઈને રાજા પાસે ધર્મગુરુને બંદીખાને નખાવે છે. જોન એની ધર્મયાત્રામાંથી આ ચાર દીવાલો વચ્ચે જકડાઈ જાય છે, એ અરસામાં એક દિવસે રાણીસાહેબાની રાજકુંવરી સુંદર નૃત્ય કરીને બાપને ખુશ કરી દે છે અને બદલામાં ઈનામ મેળવે છે. માની ચડવણીથી આ રાજકન્યા ઈનામમાં 'જોનનું માથું' માગે છે. કામાંધ રાજવી વચનપાલનના સફેદ લેબાસમાં એક સંતપુરુષની ક્રૂર હત્યા કરાવે છે.

ખુલ્લેઆમ આ અન્યાય સરજાયો. લોકો હેબતાઈ ગયેલા. ઠેરઠેર આવા દુરાચાર અને સત્તાના નાગા નાચ ખેલાયે જ જતા હતા. ધર્મને નામે ધતિંગ અને રાજ્ય ચલાવવાના બહાને આપખુદી અને જોરજુલમનું સામ્રાજ્ય સર્વત્ર ફેલાઈ ગયું. ઈશુનું સામાજિક ક્ષેત્રનું પહેલું ડગલું ભરાય છે આવા અનીતિ, દુરાચાર, દમન અને પાખંડતાના દાંભિક વાતાવરણમાં એની પાસે પણ જોનવાળી એક જ વાત છે. ''દિવસો હવે ભરાઈ ચૂક્યા છે. પ્રભુનું રાજ્ય આવી પહોંચ્યું છે, હૃદયપલટો કરો ! જીવનને પવિત્ર બનાવો, પાપને ધિક્કારો, તમારું બૂરું કરનારનો

સામનો કરશો નહીં. બલકે, જો કોઈ જમણા ગાલ પર તમાચો મારે તો તેની આગળ બીજો ગાલ ધરજો.''

ઈશુનો ઉપદેશ બધી બાબતોમાં સમાજને એક ડગલું આગળ લઈ જવા અંગેનો હતો. એમણે તો અનિષ્ટનો પણ પ્રતિકાર કરવાની ના પાડી. તલવાર ઉગાડશો તો તલવાર જ ઊગશે, એમ કહી નિર્વૈરતા દાખવી, પ્રત્યક્ષ વ્યભિચારનો તો નિષેધ કર્યો જ, પણ સાથોસાથ કહી દીધું કે જેની નજર બગડી તે મનથી તો વ્યભિચાર કરી ચૂક્યો છે જ. કોઈ પૂછે છે કે ઈશ્વરના રાજ્યમાં અમે કેવી રીતે દાખલ થઈ શકીએ ? તો ઈશુ પાયાની વાત કરે છે કે, ''જ્યાં સુધી માણસ નવેસર જન્મ ના લે ત્યાં સુધી તે ઈશ્વરનું રાજ્ય જોવા પામી શકે નહીં.'' નવેસર જન્મ એટલે કે જીવનમાં ધરમૂળ પલટો.

ધર્મોપદેશ ઉપરાંત ગરીબોની સેવા એ ઈશુના કાર્યની મુખ્ય ધરી હતી. ગરીબોની પીડા એ એની પીડા હતી. દીન-દુખિયારાં, લૂલાં-લંગડાં, રક્તપિત્તિયાંનાં ટોળેટોળાં એની પાસે આવતાં. સહાનુભૂતિભર્યો એનો હાથ રોગીના બરડા પર પસરતો અને એનો રોગ શમી જતો. આંધળો દેખતો થઈ જતો, બહેરો સાંભળવા માંડતો, મૂંગો બોલવા માંડતો. ક્યારેક તો મરવા પડેલો ઊભો થઈને હાલતો થઈ જતો – લોકોને તો જાણે સ્વર્ગ આંગણે આવી ઊભ્યા જેવું લાગ્યું. ટોળાબંધ લોકો ઈશુ પાસે આવવા લાગ્યા. જ્યાં જતો ત્યાં લોકસાગર એને વીંટળાઈ વળતો. એનો તેજસ્વી ચહેરો, મનમોહક સ્મિત અને મધમીઠાં વેણ – લોકો એના પર વારી જતા. જ્યારે એ કહેતા કે, ''જોન કરતાં મોટો એવો માનો જણ્યો કોઈ હજી ધરતીના પડ પર પેદા

થયો નથી, છતાં ઈશ્વરના રાજ્યમાંનો અદનામાં અદનો આદમી પણ એના કરતાં મોટો છે,'' ત્યારે સામાન્ય શ્રોતાજનોમાં આત્મવિશ્વાસની એક અદ્દભુત લહેર ઊઠી જતી હતી.

જૉન એમના છેલ્લા દિવસોમાં સતત એક જ ગાણું ગાતા હતા કે, ''આપણે જેની રાહ જોતા હતા તે આવી ગયો છે. હવે મારે બોલવાની જરૂર રહી નથી. હું તો કાંઈ નથી. તમારે ઈશુ પાસે જવું જોઈએ.'' ઈશુનું થોડુંઘણું સાન્નિધ્ય પામ્યા પછી એમની જોશીલી વાણી મુલાયમ બને છે અને એમના વ્યક્તિત્વમાંથી નમ્રતા અને કોમળતાનો મિશ્ર ભાવ પ્રગટ થાય છે. એટલે જ જ્યારે રાજા પોતાના કૃત્ય અંગેનો ખુલાસો માગે છે ત્યારે દઢતાપૂર્વક છતાંય શાંતિથી ચુકાદો આપી દે છે કે, ''તારા ભાઈની સ્ત્રી સાથે તું રહે છે એ અધર્મ છે.'' એટલું જ નહીં, એ જ શાંતિ, ધીરજ અને દઢતાપૂર્વક સત્યની સેવાર્થે પોતાના પ્રાણનું બલિદાન આપે છે.

ધરતી માતાની સાડી પરથી હજી એના વહાલા પુત્રના બલિદાનનાં રક્તછાંટણાં ભૂંસાયાં નહોતાં ત્યાં ઈશુ આવી પહોંચે છે ધરતીમાની સેવામાં. અરણ્યવાસમાંથી ગેલીલ તરફ ચાલ્યા જાય છે. વાટમાં ઠેરઠેર થોભીને 'ઈશ્વરના સામ્રાજ્ય'ની વાતો કહેતા જાય છે, ''જે કોઈ મારું દીધેલું પાણી પીશે તેને ફરી કદી તરસ નહીં લાગે: એ એના અંતરમાં શાશ્વત જીવનના ઝરારૂપે વહેતું રહેશે.'' સાદાસીધા ભલાભોળા માણસો ઈશુને ઘેરી વળે છે અને ચાતકની જેમ ઈશુવાણીને ઝીલે છે.

તે કાળે યહૂદીઓમાં બે ધાર્મિક સંપ્રદાયો હતા : એક, ફેરિશીઓનો અને બીજો સેડ્યુસીઓનો. ફેરિશીઓ કર્મકાંડી

હતા. વિધિ પ્રમાણે યજ્ઞો, વ્રતો અને ઉત્સવોની ક્રિયાઓ કરાવવામાં અને જ્ઞાતિભેદો સાચવવામાં તેમનો ધર્મ સમાઈ જતો હતો. જ્યારે સેડ્યુસી થોડા સુધારાવાળા હતા, પણ તેઓ પૈસા પાછળ પડેલા હતા. યહૂદીઓમાં શુક્રવારની સાંજથી શનિવારની સાંજ સુધીના ચોવીસ કલાકનો દિવસ શબ્બાથ એટલે કે વિશ્રાન્તવાર ગણાય છે અને તે દિવસે કાંઈ પણ કામ કે ઉદ્યોગ કરવો તે વ્રતભંગ અને અધર્મ સમજાતું હતું.

ગેલીલ જતાં ઈશુ જેરુસલેમ પણ આવી પહોંચે છે. જેરુસલેમમાં એક કુંડ હતો, જેમાંની પાંચ ઓસરીઓ આંધળા-લૂલા-લંગડા, લકવાવાળા રોગીઓથી ભરાયેલી રહેતી. લોકવાયકા હતી કે અવારનવાર ત્યાં કોઈ દેવદૂત કુંડમાં આવીને પાણીને ડહોળી નાખે છે. એ ડહોળી નાખ્યા પછી તરત જ જે માણસ પહેલો પાણીમાં ઊતરે તેનો જે કાંઈ રોગ હોય તે મટી જતો. એટલે રોગીઓની ત્યાં ઠઠ જામે એ સ્વાભાવિક હતું.

આડત્રીસ વર્ષથી પીડાતો એક રોગી ત્યાં મૃતપ્રાય સ્થિતિમાં બેઠો હતો. ઈશુ એની પાસે જઈને પૂછે છે, ''તારે સાજા થવું છે ?''

ત્યારે નિસાસો નાખીને પેલો લંગડો માણસ કહે છે, ''ભાઈ, સાજા તો થવું જ હોય ને ! પણ દર વખતે પાણી ડહોળાય છે અને હું ચાલીને તેમાં પડું એ પહેલાં બીજો કોઈ ત્યાં પહોંચી જાય છે. તમે મને પાણી સુધી પહોંચાડશો ?''

ત્યારે ઈશુ કહે છે, ઊભો થા અને તારી પથારી ઉપાડીને ચાલવા માંડ !''

પેલો થોડો મૂંઝાઈ જાય છે. હું લંગડો માણસ પથારી ક્યાંથી

ઉપાડવાનો ? પણ ઈશુની આંખની ચમક એની મૂંઝવણ અને અવઢવ દૂર કરે છે. એ ઊભો થવા પ્રયત્ન કરે છે, ત્યાં એ જુએ છે કે પગમાં કોઈ નવું જ ચેતન ઊભરાયું છે અને એ ડગ બે ડગ માંડે છે. . . . પછી તો ઈશુના કહેવા મુજબ પથારી ઉપાડીને ચાલતો થાય છે.

ઘટના પૂરી હૈયામાં ઊતરે તે પહેલાં તો ઈશુ ભીડમાં ખોવાઈ જાય છે. ''કોણ હતો એ ?'' પ્રશ્ન ઘૂમરાય છે. પણ મંદિરમાં ફરી પાછો ઈશુનો ભેટો થઈ જાય છે. પેલા માણસની આંખોમાંથી કૃતજ્ઞતા ઝરે છે. એના ખભે હાથ મૂકી ઈશુ આટલું જ બોલે છે, ''જો, હવે તું સાજો થઈ ગયો છો, તો હવે કદી પાપ કરીશ નહીં.''

વાયરો વાતને વહેતી કરે છે. ડૂબતાને તો જાણે તરણું સાંપડ્યું, પણ તેજોદ્વેષી લોકો અકળાઈ ઊઠે છે. તેઓ આક્ષેપ મૂકે છે કે, ''વિશ્રામવારને દિવસે પથારી ઉપાડવાનું કામ કહી અધર્મ આચરવાનું કહેનાર એ છે કોણ ?'' પણ ઈશુ એમને એક જ જવાબ વાળતા, ''મારા પિતાને કોઈ વિશ્રાન્તવાર નથી. તેઓ હંમેશાં કામ કર્યા જ કરે છે એટલે હું પણ કામ કરું છું અને સૌને કામ કરવાનું કહું છું. ધર્મકાર્યમાં વળી વિશ્રાન્તિ કેવી ? રામભજનમાં વળી આરામ કેવો ?''

વળી કોક બીજા વિશ્રાન્તવારે વળી એક ભલું કાર્ય ઉમેરાય છે અને શાસ્ત્રીઓ, ફેરિશીઓ છંછેડાઈ ઊઠે છે ત્યારે પણ પોતાની વાત દોહરાવે છે, ''વિશ્રામવારે શું ભલું કરવાની પણ છૂટ શાસ્ત્રોમાં ન હોય ! કોઈની પાસે એક જ ઘેટું હોય અને તે વિશ્રામવારને દિવસે ખાડામાં પડી જાય તો 'વિશ્રામવાર' છે

એટલે આપણે એને ત્યાંથી ઉઠાવીશું પણ નહીં ?''

ધર્મના કહેવાતા રક્ષકો તો આ સાંભળીને ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ સભાગૃહ છોડી ચાલ્યા ગયા. પણ ઈશુને તો પોતાનું જીવનકાર્ય પાર પાડવાનું હતું. દુનિયાને સત્ય અને મુક્તિનો સંદેશ આપવા એ આવ્યો છે. દાઝેલા, ત્રાસેલા, તરછોડાયેલા, ત્યજાયેલા, ભાંગ્યાતૂટ્યાનો એ ભેરુ છે.

## ૪. પ્રભુનું રાજ્ય આવી રહ્યું છે !

ધર્મક્રાંતિ ફેલાવવી હતી તો બધું જ સુષ્ઠુસુષ્ઠુ ક્યાંથી હોય? ખેતી કરવી હોય તો નીંદણ કરવું જ પડે. એક બાજુ લોકહૃદયમાં શુભ તત્ત્વોને જગાડનારું જાગરણકાર્ય ચાલતું રહ્યું તો બીજી તરફ સામે આવી પડેલાં અનિષ્ટ તત્ત્વોને પડકારવાનું કાર્ય પણ કરતા રહેવું પડ્યું. પાસ્ખારનું પર્વ નજીક આવી રહ્યું હતું. ધર્મની બે વાતો કાને ધરી શકે તેવી અભિમુખતા લઈને લોકોનાં ટોળેટોળાં જેરુસલેમની તીર્થયાત્રાએ આવી રહ્યાં હતાં. ઈશુ પણ ત્યાં પહોંચી જાય છે. જેરુસલેમના મુખ્ય મંદિરે જઈને જુએ છે તો મંદિરનો એક ભાગ વેપારીઓને પોતાની દુકાનો ચલાવવા ભાડે અપાયો છે. આને લીધે મંદિરમાં પવિત્ર વાતાવરણ રહેવાને બદલે સોદાગીરીનું બજારુ વાતાવરણ ઊભું થઈ જતું હતું. વળી વેપારીઓનું માનસ પણ લૂંટારાનું, કે લોકોને વધુ ને વધુ કેમ છેતરવા. એક પવિત્ર તીર્થસ્થાન, જ્યાં યહૂદી જમાતની આંતરિક શ્રદ્ધા કેન્દ્રિત થઈ હતી, તેવા શ્રદ્ધેય સ્થાનને આવું બજારુ સ્થાન બની જતું ઈશુથી ખમાયું નહીં એટલે એણે સખત શબ્દોમાં

વિરોધ કરીને વેપારીઓને દુકાનો ખાલી કરવાનું કહ્યું.

"તું કોણ છે અમને આદેશ આપનારો ! તારો વળી શું અધિકાર ?" – કહીને કોઈ એને પડકારે છે, ત્યારે અત્યંત શાંતિપૂર્વક પરંતુ અજબ ખુમારીથી એ સામો જવાબ આપે છે, "આ તે કાંઈ મંદિર કહેવાય ! તોડી નાંખો આવા મંદિરને. ત્રણ દિવસમાં નવું મંદિર રચી આપવાની શક્તિ મારામાં પડી છે !" ત્યાં ઊભેલા મોટા ભાગના શ્રોતાજનોને એના આ પડકારમાં અહંકારનો ટંકાર સંભળાયો તો વળી કેટલાકને મંદિર તરફનો ઘોર તિરસ્કાર દેખાયો. ઈશુને અંતરથી પારખનાર જ સમજી શક્યા કે ઈશુના આ પડકારમાં અહંભાવના નથી, છે તો કેવળ વેદના ! વળી એક આત્મવિશ્વાસ ! મંદિર રચાય છે તે એની દીવાલોથી થોડું રચાય છે? તો તો પછી, કોઈ પણ મકાન એ મંદિર બની જાય! મંદિર તો રચાય છે ભક્તિથી, શ્રદ્ધાથી, સમર્પણથી ! ઈંટ, ચૂના અને પથ્થરનો નહીં, પણ શ્રદ્ધા-ભક્તિ અને આરાધનાનો ભરપૂર પૂજાપો ઈશુના અંતરથાળમાં સજાવેલો તૈયાર પડ્યો હતો, એટલે જ એ કહી શક્યો કે ત્રણ દિવસમાં હું તમને નવું મંદિર રચી આપીશ. મંદિર તો પાપ ધોવાનું તીરથધામ છે, પાપ ઊભાં કરવાનું નહીં. – આ એનો સંકેત હતો. પણ કયા યુગપુરુષના સંકેતોને એના સમકાલીન લોકો સમજી શક્યા છે તે ઈશુના આ સંકેતને સમજી શકે ? પરિણામે ઈશુનો આ વિરોધ એની પોતાની સામે આડો પહાડ બનીને ઊભો રહ્યો.

ઈશુ લોકોને જે કાંઈ કહેતો તેની ઊડતી વાતો ઉપલા વર્ગના લોકો પાસે પહોંચતી. ઈશુનો પ્રવેશ મુખ્યત: સાધારણ લોકોમાં

હતો. ઉપલા વર્ગોની, પછી તે રાજકીય દૃષ્ટિએ હોય કે ધાર્મિક-આર્થિક દૃષ્ટિએ હોય પણ શાસક, શોષક તેમ જ કહેવાતા ધાર્મિક લોકોની પાખંડિતતા, દંભ, લુચ્ચાઈ, છેતરપિંડી અને પાપ જનતાના ખુલ્લા લોકદરબારમાં પડકારાઈ રહ્યાં હતાં અને લોકોમાં નવજીવનની એક ચેતના સળવળી રહી હતી, એટલે સ્થાપિત હિતોવાળા લોકો ચોંકી ઊઠ્યા હતા. ધર્મક્ષેત્રમાં જેઓ અધિકાર ભોગવતા તેવા શાસ્ત્રીઓ, પૂજારીઓ અને ફેરિશી લોકોએ આ કાંટાને કેમ દૂર કરવો તેની તજવીજ અંદરખાને શરૂ કરી દીધી હતી.

પરંતુ ઈશુ તો પોતાની સાથે જે યુગધર્મ લઈને જન્મેલો તેને પાર પાડવામાં જ મન-પ્રાણ પરોવીને બેઠો હતો. ધીરે ધીરે એના અનુયાયીઓનો આત્મવિશ્વાસ પણ વધતો જાય છે. એક વખતે એના શિષ્યોને ઈશુ પૂછે છે, ''તમને શું લાગે છે ? હું કોણ છું ?'' ત્યારે પીટર નામનો એમનો પટ્ટશિષ્ય કહે છે કે, ''આપ તો 'ખ્રિસ્ત' છો, ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર !'' ઈશુના હૃદયમાં વ્યાપેલી પ્રભુતાએ એના શિષ્યોનાં હૃદયને પોતાનો સ્પર્શ કરાવ્યો હતો, એટલે જ પીટર સમજી શક્યો હતો કે આ પુરુષ પ્રભુતાનું કોઈ ખાસ કાર્ય પાર પાડવા પૃથ્વી પર મોકલાવાયો છે. ઈશુને પ્રભુનું સામ્રાજ્ય સ્થાપવું હતું. એ સામ્રાજ્યને ઈશુ એક મજબૂત ઈમારત સાથે સરખાવતા, જે એક ખડક પર બાંધવાની છે. ઈશુ પીટરને કહેતા, ''પીટર, તું જ છો એ પીટર (પીટર એટલે ખડક). પીટરરૂપી ખડક ઉપર હું વિશ્વધર્મ સંઘની સ્થાપના કરીશ. પૃથ્વી પરનું મારું એ રાજ્ય.''

ઈશુના અંતિમ પર્વ ટાણે તો આ પીટર પણ હિંમત હારી ગયો

અને પોતાના પરમપ્રિયનો ખુલ્લેઆમ અસ્વીકાર કર્યો. પણ ઈશુના પુનરુત્થાન પછી પીટરનું સાચું પોત પ્રગટ્યું અને એણે દુનિયાભરમાં ખ્રિસ્ત ધર્મ ફેલાવ્યો. આજે ચાળીસ કરોડથીય વધારે તો એના સભ્યો છે. પણ તે વખતે તો અત્યંત ગરીબ અને અભણ એવા બાર જણ એ ઈશુના શિષ્યો હતા, જેમને ઈશુ 'પ્રેષિત' કહેતા. એમણે શિષ્યોને કહી રાખેલું, ''મારી પાછળ આવશો તો તમને કશો પાર્થિવ લાભ કે પાર્થિવ મોટાઈ મળવાની નથી. ઊલટું ચાબખા ને મુક્કા જ મળશે, શારીરિક યાતનાઓ મળશે અને વખતે દુશ્મનોના હાથે મોત પણ મળે.''

ઈશુના આ બાર શિષ્યો પણ પહેલેથી કાંઈ પકવેલા સોનાની જેમ ઉજ્જ્વળ નહોતા. ઈશુની ખાસ્સી કસોટી કરતા. તેમની નજર પણ ભૌતિક લાભો તરફ વળી જતી. જરા પણ વિરોધ સહન કરી શકતા નહીં. અંદરોઅંદર ખટપટ, ઈર્ષ્યા ચાલ્યાં કરતાં. પરંતુ ઈશુ માટેનો પ્રેમ એમની આ બધી નબળાઈઓને ખંખેરી નાખવા સમર્થ બનાવતો. ઈશુ પણ ખૂબ કુનેહ તથા ધીરજપૂર્વક શિષ્યોને ટપારી ટપારી કેળવતા. ભવિષ્યમાં આ જ કાચા માલ પાસેથી સર્વસ્વ બલિદાનનું કામ લેવાનું છે, એટલે અપાર ધીરજથી ઈશુ પોતાના સર્વસ્વનું સમર્પણ કરી પોતાના શિષ્યોને ઘડતા. ઈશુના સતત સાન્નિધ્યમાં શિષ્યો આટલું તથ્ય તારવી શક્યા હતા કે આ માણસે જે રસ્તો લીધો છે તે બલિદાનનો રસ્તો છે અને તે એની પોતાની પસંદગી છે. માણસો પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એણે આ પસંદગી કરી છે.

ઈશુએ પોતાના આ બાર શિષ્યોને એક પહાડ પર લઈ જઈ પોતે આદરેલી આધ્યાત્મિક ક્રાંતિનો પરિચય કરાવી જીવનપાથેય

આપ્યું. ઈશુનો આ ઉપદેશ 'ગિરિપ્રવચન'ના નામે સુપ્રસિદ્ધ છે. આમાં જ ઈશુ શિષ્યોને એમનું અંતર-સત્ત્વ દેખાડે છે. ''તમે તો ધરતીનું લૂણ છો. તમે તો દુનિયાના દીવા છો.''

શિષ્યોને જ્યારે ધર્મપ્રચાર માટે મોકલતા ત્યારે પણ શિષ્યો માટેની એમની મુખ્ય શીખ આ મુજબ હતી : ''યાદ રાખજો, વરુઓનાં ટોળાં વચ્ચે તમારે ઘેટાં બનીને જવાનું છે. પૈસાને અડતા નહીં, ભાતું બાંધતા નહીં, જોડા પહેરતા નહીં ને વાટમાં મળ્યે કોઈને સલામ કરવા થોભતા નહીં. અને જે કોઈ ઘરને આંગણે જઈને તમે ઊભા રહો ત્યાં સૌ પહેલું ઉચ્ચારજો - ''તમને શાંતિ પ્રાપ્ત થાઓ. પુષ્ટિ પ્રાપ્ત થાઓ અને તમને સંતુષ્ટિ પણ આવી મળો.''

આમ ધર્મ પ્રચાર કરતાં કરતાં પોતાને ગામ નાઝરેથ પહોંચી જાય છે. ત્યાંના મંદિરમાં જઈને પણ એ પ્રભુના સામ્રાજ્યની વાત કરે છે. પણ લોકોથી એની આ રણકતી વાતો ખમાઈ નહીં. ''આ ગઈ કાલનો આવડોક અમથો ઈશુ, અમારી નજર આગળ જ મોટો થયેલો મેરીનો આ છોકરડો અમને ડાહી ડાહી વાતો સંભળાવે અને પોતાને વળી ઈશ્વરનો પુત્ર કહેવડાવે ? - હદ થઈ ગઈ ! લોકો પથ્થર લઈને એને મારવા દોડ્યા અને ઈશુને ગામ બહાર કાઢી મૂક્યા. ઈશુના મોંમાંથી ત્યારે નીકળી પડ્યું કે The prophet is never honoured in his own country. ઘરકી મુરઘી દાલ બરાબર !

પછી તો ઈશુએ કાર્યક્ષેત્ર વધાર્યું. અત્યાર સુધી કેવળ યહૂદીઓમાં જ ધર્મપ્રચાર કરતા, પરંતુ હવે તો એમણે અ-યહૂદીઓમાં પણ ફરવાનું શરૂ કર્યું. સેમોરિયાના લોકો મૂળે તો

યહૂદી જ, પણ જેરુસલેમ કરતાં ઘરઆંગણાના ગેરીઝિમ પર્વતને વધારે મોટું તીર્થસ્થાન ગણે એટલા જ કારણસર યહૂદીઓએ એમનો બહિષ્કાર કરેલો. પરંતુ ઈશુ માટે કશું જ વર્જ્ય કેવી રીતે હોય, એટલે એ તાલુકામાં પણ એ તો પહોંચી જાય છે.

એક દિવસે એ તાલુકાના એક ગામની સીમે કૂવા ઉપર ઈશુ બેઠા હોય છે. એના શિષ્યો ગામમાં ખાવાનું લેવા ગયા હોય છે. એટલામાં એક પનિહારી કૂવા ઉપર પાણી ભરવા આવી. ઈશુને તરસ લાગી હોય છે એટલે પેલી બાઈ પાસે પાણી માગે છે. પેલી બાઈને નવાઈ લાગે છે કે યહૂદી થઈને સેમોરિયન બાઈના હાથનું પાણી પીશે ? એણે કહ્યું પણ ખરું કે, ''તમે યહૂદી થઈને. . . .?''

''બહેન, હું કોણ છું તે તું સાચેસાચ સમજે તો તારી પાસેથી આ જે ભૌતિક જીવન (પાણી) માગું છું, તેના બદલામાં તને મારી પાસેથી 'દિવ્ય જીવન' મળી શકે.''

અને પછી પેલી બાઈના હાથનું પાણી પીતાં પીતાં ઈશ્વરના રાજ્યની વાત કરે છે. ઈશુની વાત સાંભળી લીધા પછી પેલી સ્ત્રી કહે છે, ''હું તમારી શિષ્યા બની શકું ?'' કૂવાને ક્રાંતિનું કેન્દ્ર બનાવનારાઓમાં ભગવાન બુદ્ધની યાદ આવી જાય છે. એ પણ કૂવાકાંઠે પનિહારી બાઈ પાસે પાણી માગે છે. તેજસ્વી રાજમુદ્રા જોઈ બાઈ અચકાય છે. કહે છે, ''જી, હું તો ચમાર છું !'' ત્યારે માર્મિક વાણી બોલતા બુદ્ધ કહે છે, ''બહેન, મેં તો તારી પાસેથી પાણી માગ્યું હતું. મેં કાંઈ તને તારી જાત તો પૂછી નહોતી.'' બાઈની આંખોમાં દરિયો ઊમટે છે અને પછી એય બુદ્ધના ધર્મચક્ર-પ્રવર્તનના યુગકાર્યમાં જોડાઈ જાય છે.

ઈશુ પણ આમ અનેક દબાયેલા, કચડાયેલા, શોષાયેલા વર્ગ વચ્ચે સતત ફરતા રહે છે. પાપમાર્ગે ચડી ગયેલા, લોકનજરે તિરસ્કૃત એવા હીન, ત્યજાયેલા, તરછોડાયેલા લોકો સુધી પોતાની કરુણાગંગા વહેવડાવીને તેમને પોતીકાં કરી મૂકે છે.

ઈશુનું મુખ્ય લક્ષ્ય છે – હૃદય ! એ કહે છે કે હૃદય બદલાવું જોઈએ. હૃદય-પરિવર્તન ! એ જ ક્રાંતિની પ્રક્રિયાનું મુખ્ય ઊગમબિંદુ છે. ઈશ્વર કે શેતાન – બંનેનું નિવાસસ્થાન પણ હૃદય જ છે. પ્રત્યેક હૃદયમાં વસેલો ભગવાન જાગશે તો આપોઆપ પૃથ્વી પર પ્રભુતા રેલાશે. એટલે આ મહાન ક્રાંતિકારી પોતાની કાચરનું કેન્દ્રબિંદુ બનાવે છે હૃદયને. હૃદયમાંથી ભય, તૃષ્ણા, કામના, ક્રોધ, લોભ, સત્તામોહ વગેરે આસુરી તત્ત્વોને નિ:શેષ કરવા પ્રેમ, ત્યાગ, નમ્રતા, સહનશીલતા, સચ્ચાઈ વગેરે તાત્ત્વિક ગુણોનો પ્રાદુર્ભાવ થાય તો જ પ્રભુતા મળે. આટલા જ માટે ઈશુ કહે છે કે, ''બદલાઓ. ધરખમ ફેરફાર માટે તમારા હૃદયને તૈયાર કરો.'' હૈયાના સાત સાગર ઊંડા પાતાળપાણીમાં અંદરનો હાડોહાડ સાચો એવો મૂળ મનુષ્ય વસે છે, તેને બહાર લાવવાનો છે. એ માટે જીવનની ધારકશક્તિ બદલવી પડશે, મૂલ્યો બદલવાં પડશે, જીવનપદ્ધતિ બદલવી પડશે. હૃદયે બદલાશે તો આ બધું આપોઆપ બદલાશે, એવી ઈશુને શ્રદ્ધા છે. વળી એ પોતાની ભૂમિકામાં સાવ સ્પષ્ટ છે : ''હું કાંઈ કોઈ નવી વાત લઈને આ પહેલાંના સંતો-પયગંબરો દ્વારા ઉપદેશાયેલી વાતોનું ખંડન કરવા નથી આવ્યો. હું તો આવ્યો છું – પરિપૂર્તિ કરવા.''

પણ ઈશુને જે કરવું હતું એની કાંઈક દિશા અંકાય તે પહેલાં

તો એમની હથેળીની ભવિષ્યરેખાઓ અંકિત થવા લાગી હતી. લોકોમાં વધતી જતી કીર્તિ પ્રતિરોધીઓમાં દ્વેષનો દાવાનળ પ્રગટાવતી હતી. એ લોકો કાંઈક મોકો શોધી રહ્યા હતા, જેમાં ઈશુને ફસાવી શકાય. ઈશુને મુખ્ય રસ હતો લોકોની ચિત્તશુદ્ધિમાં. ચિત્તની મલિનતા, પાપ ધોવાય તો જ સમાજમાં સદાચાર ફેલાય. ચમત્કાર એ તો એમના અંતસ્તલમાં વહેતી કરુણાગંગાનો સંજીવની-સ્પર્શ હતો, પરંતુ એ કાંઈ એમનો જીવન-વ્યાપાર નહોતો. એમને તો અભીષ્ટ હતું - હૃદય-પરિવર્તન. એટલે જ્યારે તેઓ જોતા કે લોકોને પોતાનાં દિલ કે પાપ ધોવાને બદલે પોતાની ગરીબાઈ, અછત, કે રોગાવસ્થા ધોઈ નખાવવામાં વધારે રસ છે, 'ઈશ્વરના કરુણાના સામ્રાજ્ય'ને બદલે 'યહૂદીઓના ભૌતિક રાજ્ય'માં વધારે રસ છે, ત્યારે થોડા ગમગીન થઈ જતા. ઈશુ ધર્મરાજાના અવતારના આગમનનો સંકેત આપતો તો યહૂદી નવજુવાનો કોઈ એમનામાંના જ દંડધારી રાજાનું સ્વપ્ન જોતા. આમ ઈશુ પોતે જે સ્તર પર, જે કક્ષા પર ઊભા હતા તે સાવ જ જુદી કક્ષા હતી. એમની અને એમનો સંદેશો ઝીલનારી જમાત વચ્ચે પણ ખાસ્સી ઊંડી-લાંબી-પહોળી એવી દુર્ભેદ્ય ખીણ હતી. કેટલાય પ્રસંગો એવા આવતા જ્યારે એમના પોતાના શિષ્યો પણ એમનું વર્તન સમજી કે સાંખી શકતા નહીં. ખાસ કરીને કુમાર્ગે ગયેલી સ્ત્રીઓ તરફનું એમનું જે કૂણું વલણ હતું તેનું હાર્દ શિષ્યો પકડી શકતા નહોતા. ચીલાચાલુ નીતિ-નિયમોને વીંધીને પેલે પાર પહોંચી જતી આર્ષ દૃષ્ટિને ઝીલનારી પરિશુદ્ધ કરુણાબુદ્ધિનો તાગ સામાન્ય સ્તરે ઊભેલા માનવ ક્યાંથી મેળવી શકે? સાક્ષાત્કારીને

મૂલવવા સામે સાક્ષાત્કારી પરિમાણ જોઈએ, બાકીનાં વજન કરવા જાય તો હારી જાય ! ભૂલથાપ ખાઈ જાય !

એક વખત પોતાના ચમત્કારથી સાજા થયેલા અને શિષ્ય બની ગયેલા સાયમન નામના શિષ્યને ત્યાં સૌનો ઉતારો હતો. યજમાનને ત્યાં જમાડવાની તૈયારી ચાલતી હતી એટલામાં હલકો ધંધો કરનારી એક સ્ત્રી પૂછપરછ કરતી દોડીદોડી આવી ચઢી અને ઈશુને શોધી એના પગે પડીને ધ્રુસકે ધ્રુસકે ખૂબ રડી. કેમે કર્યું એનું રુદન અટકતું નહોતું. ઈશુએ ચુપચાપ એને રડવા દીધી. ખાસ્સી વારે એનું હૃદય ઠલવાઈ ગયું અને એ શાંત પડી. પછી પોતે જ પોતાના વાળથી ઈશુના પગ લૂછી નાખ્યા અને બટવામાંથી અત્તર કાઢીને ઈશુના માથામાં નાખ્યું. બાકી સૌ પેલી સ્ત્રીની આ બધી લીલા જોઈ રહ્યા હતા, પણ ઈશુના એક શિષ્યથી આ બધું ખમાયું નહીં. એ બોલી ઊઠ્યો, ''ઈશુ, તમે જાણો તો છો ને કે આ બાઈ કેવી હલકટ છે?'' પેલી સ્ત્રીની હાજરીમાં આવી ટીકા કરવી તે કેવું હલકટપણું હતું, તે અંગે તો ઈશુએ એને કાંઈ કહ્યું નહીં, ઊલટા અપાર ધૈર્યપૂર્વક એ બોલ્યા, ''સાયમન, માની લે કે એક માણસના બે દેવાદાર છે. એકની પાસે પાંચસો રૂપિયાનું અને બીજાની પાસે પચાસનું લેણું છે. બંને નાદાર થઈ ગયા છે એમ જાણી લેણદાર બંનેનું દેવું માફ કરે તો એના તરફ પેલા બેમાંથી કોણ વધારે કૃતજ્ઞતા અનુભવે?''

''પાંચસોનો દેવાદાર !''

''સાચું કહ્યું તેં. હવે જો, હું તારે ઘેર આજે આવ્યો ત્યારે તેં મને મારા પગ ધોવા પાણીય નહોતું આપ્યું ત્યારે આ બાઈએ

તો મારા પગ એનાં આંસુએ ધોયા, એના વાળથી લૂછ્યા અને હજીય એ મારા પગ છોડતી નથી, જ્યારે તું તો મારા પગેય પડ્યો નહોતો. એણે મને અત્તર પણ છાંટ્યું. આ શું સૂચવે છે ? મારા પ્રત્યેનો એનો આ પ્રેમ ક્યાંથી ઉદ્‌ભવ્યો ? એ જેમાંથી ઉદ્‌ભવ્યો તેને લીધે એનાં સઘળાં પાપ ધોવાઈ ગયાં છે, તેની તને ખબર છે? જા બહેન, તું પાછી જા, તારાં સઘળાં પાપોની પ્રભુએ માફી બક્ષી છે.''

ઈશુમાં આ નજર હતી કે પશ્ચાત્તાપના પુનિત ઝરણામાં પાપીનાં પાપ નામશેષ થઈને ભૂતકાળની ઘટના બની જાય છે. તેની દષ્ટિમાં કોઈક અદ્‌ભુત વિશ્વાસ વ્યાપી જતો, એના જ આધારે એ કહી શકતા કે જા બહેન, તારાં પાપ પ્રભુએ માફ કરી દીધાં છે. ધર્માધિકારીઓને આ વાતનો પણ વિરોધ હતો કે ઈશુ કોણ મોટો આવ્યો, જે પ્રભુ વતી માફી આપવાની વાત કહી શકે? પણ આ તો હતો માનવહૃદય પરનો વિશ્વાસ ! મુખ્ય વસ્તુ છે સમજણ. એક વાર સમજાઈ ગયું કે પાપ એ ઝેર છે તો પછી પાપની કઈ મગદૂર છે કે એ અનુતાપીની પાસે આવીને ફરીને પાપ કરાવી શકે ? એમને જ્યારે ખાતરી થઈ જતી કે સામી વ્યક્તિના ચિત્તમાં આ સમજણનો સૂરજ ઊગી ચૂક્યો છે, ત્યારે જ એ વિશ્વાસપૂર્વક કહેતા કે તારાં પાપ માફ થયાં છે. એટલે જ એ પોતાના શિષ્યોને પણ કહેતા કે પ્રતિકાર કરવો હોય તો પાપનો કરો, પાપીનો નહીં. પતિતપાવનતા એ તો સંતો માટે સહજ છે. નદી પુણ્યશાળીના પગ પણ ધોશે અને પાપીના પગ પણ ધોશે. સંત તો સર્વસંગ્રાહક છે, આ જ છે એમનું સંતત્વ !

આવો જ એક બીજો પ્રસંગ પણ ખૂબ માર્મિક, હૃદય

હચમચાવી દે તેવો, જાણીતો પણ તેટલો જ છે, પણ જેટલી વાર જાણીએ તેટલી વાર વધુ ને વધુ પોતીકો થતો જઈ આપણાં પાપો ધોતો જાય એટલો સત્ત્વશીલ !

એક વખતે ઈશુ બેઠા હોય છે ત્યાં લોકોનું ટોળું એક સ્ત્રીને હડસેલતા, ધક્કા મારતા, મુક્કા અને લાતો લગાવતા ઢસડતા લઈ આવે છે. પેલી સ્ત્રી બિચારી પોતાના ખુલ્લા વાળને બંને હાથમાં સમેટી એમાં મોં સંતાડી દઈ ઈશુ સામે ઊભી રહે છે. ટોળામાં પૂજારી લોકો પણ છે. એ ઈશુને કહે છે, ''આ બાઈ વ્યભિચાર કરતાં પકડાઈ ગઈ છે. મૂસાના ધારા મુજબ એના પર પથરા મારીને એને મારી નાખવાની સજા થવી જોઈએ. આ બાબતમાં તમારે કાંઈ કહેવાનું છે ?''

ઈશુ તો તે પહેલાં પણ નીચું મોં ઘાલી ભોંય પર કાંઈક લખતા બેઠા હતા, ટોળાની આ વાત સાંભળીને પણ એ લખતા જ રહ્યા, જાણે એમણે કાંઈ સાંભળ્યું જ ના હોય !

પણ લોકોને તો તેમની પાસેથી જવાબ જોઈતો હતો. પૂજારીઓને તો આ રીતે ઈશુને કોઈ શબ્દોમાં બાંધી લેવાય તો બાંધી લેવાનો પણ ઈરાદો હતો. ખૂબ આગ્રહ કરવામાં આવ્યો ત્યારે સહેજ મોં ઊંચું કરી, ટટ્ટાર થઈ ઈશુ બોલ્યા, ''આ બાઈએ પાપ કર્યું છે, વાત સાચી. તમે એને પથરા ફેંકીને મારી નાખવાની વાત કરો છો તે પણ સાંભળ્યું. હવે મારે એટલું જ કહેવાનું છે કે તમારામાંથી જેણે કદીય, મનથી સુધ્ધાં પાપ ના કર્યું હોય તે પહેલો પથ્થર મારે. ચાલો, કરો શરૂ.''

કહીને ઈશુ પાછા નીચું મોં કરી ધરતી પર કાંઈક દોરવા માંડ્યા. થોડી પળો પસાર થઈ ગઈ, પછી માથું ઊંચું કરે છે તો

ટોળું ગાયબ અને પેલી સ્ત્રી હજી જેમની તેમ એ જ સ્થળે માથું નીચું નમાવી ઊભી હતી. ઈશુ પેલી સ્ત્રીને સંબોધીને કહે છે, ''બહેન, કેમ, ક્યાં ગયા બધા લોકો ? શું કોઈએ તને પથરો ના માર્યો ?''

''ના પ્રભુ, કોઈએ નહીં.''

''તો તું હવે તારે ઘેર પાછી જા. હું પણ તને સજા નથી કરતો, અને જો, હવે ફરીથી પાપ કરીશ નહીં.''

એમની દષ્ટિમાં જ એટલી બધી કરુણાનો ધોધ વહેતો કે એ પોતે જ પાપને ધોઈ નાંખવાનું શુદ્ધિકાર્ય કરતો હતો. પ્રાયશ્ચિત્તની પ્રેરણા આપે એવો પ્રબળ હતો. આ કરુણાનો ધોધ ! એટલે તો એ લોકોને કહેતા કે, ''આપણે કદીય કોઈનો ન્યાય ના તોળીએ. ન્યાય તોળનાર પ્રભુ બેઠો જ છે. આપણો ધર્મ તો છે એકમેકને ચાહવાનો. ચાલો, આપણે પરસ્પર પ્રેમ કરીએ.'' ઈશુની આ પ્રેમ કરવાની શક્તિ એ જ છે એમની મોહિની. આ પ્રેમ કરવાની શક્તિ એ જ એમને મન પરમાત્મ-શક્તિ છે, અને એ શક્તિ હોવાને લીધે જ જીવનની કઠણમાં કઠણ પરિસ્થિતિમાંય એ અવિચલિત રહી શકે છે. એક વખતે મંદિરમાં લોકોને ઉદ્દેશીને એ કહે છે, ''હું જગતનો પ્રકાશ છું. જે કોઈ મને અનુસરે છે, તેને કદી અંધકારમાં અટવાવું નહીં પડે, એને જીવનનો પ્રકાશ લાધશે.''

ત્યારે એક ફેરિશીઓ બોલી ઊઠે છે, ''આ કેવું ? તમે પોતે જ તમારા માટે આવું કહો ? પોતાના પક્ષમાં પોતાની સાક્ષી, એની કાંઈ કિંમત ખરી ?''

ત્યારે અંતરના ગભારામાંથી જાણે એકેએક શબ્દ તોળાઈને

બહાર આવે છે. "હા, હું પોતે જ મારી પોતાની સાક્ષી ભરું છું. હું જોઈ રહ્યો છું કે હું એકલો નથી. તમે લોકો દુન્યવી દૃષ્ટિએ ન્યાય તોળવા બેસો છો, જ્યારે હું કોઈનો ન્યાય તોળતો જ નથી. વળી હું ન્યાય તોળતો હોઉં તોપણ હું જોઉં છું કે મારા ન્યાયમાં વજૂદ છે કારણ કે એ ન્યાય તોળનાર હું એકલો નથી, પણ હું અને મને મોકલનાર એ બંને છીએ. તમારા શાસ્ત્રમાં લખ્યું છે ને કે બે માણસની સાક્ષી વજૂદવાળી કહેવાય. એટલે હું જ્યારે મારા પક્ષમાં સાક્ષી આપું છું ત્યારે મારા પિતા પણ મારા પક્ષમાં સાક્ષી આપતા હોય છે."

"ક્યાં છે તમારા પિતા ?"

"તમે નથી ઓળખતા મને કે નથી ઓળખતા મારા પિતાને. તમે જો મને ઓળખતા હોત તો મારા પિતાને પણ ઓળખી શકત."

એનું એ ભાન ઘડીભર પણ ખંડિત નથી થતું કે એ 'ઈશ્વરપુત્ર' છે. પોતે કોણ છે તે માણસને યાદ રાખવું પડતું નથી, એટલું ઈશુને માટે પોતાનું પરમપિતાના પુત્ર હોવું તે સ્વાભાવિક બની ગયું છે. પણ લોકો એની આ ભાષાને સમજી શકતા નથી. ઈશુ, ઈશ્વરપ્રેરિત વાણી બોલે છે, ઈશુનું માધ્યમ બનાવીને પ્રભુ અથવા તો કોઈ સત્શક્તિ ઈશ્વરી પ્રેરણા વહેવડાવવા માગે છે – આ તથ્ય લોકોને સમજાતું નથી. જે લોકો ભક્તિભાવપૂર્વક અથવા પૂજ્યભાવે ઈશુને 'અવતાર' સમજી લે છે, તેમને એમની ભાષામાં કશું ડંખતું નથી, પણ તે સિવાયના લોકોને તો ઈશુ-વાણીમાં નર્યો અહંકાર જ સંભળાય છે. પરિણામે ઈશુ અંગેની એક ગેરસમજ પણ તત્કાલીન

સમાજમાં વર્તાય છે. પણ જે ઉત્કટપણે ચાહી જાણે છે તે પ્રેમના અજવાસને અનુભવે છે. પ્રેમ સ્વયં એક ઉજાશ છે, જેનામાં પ્રેમ પ્રગટે છે ત્યાં અંધારું ટકી શકતું નથી.

એક વખતે એક ગામમાં દાખલ થતા હતા, એવામાં દશ કોઢિયા સામે મળ્યા. થોડાક આઘે ઊભા રહીને તેમણે બૂમ પાડી કહ્યું, ''ઓ ઈશુ, ઓ ગુરુદેવ ! અમારા ઉપર પણ દયા કરો.'' ઈશુએ તેમની સામે જોઈને કહ્યું, ''જઈને તમારાં શરીર પુરોહિતોને બતાવો.'' અને ઈશુની નજર પડતાંવેંત બધા સાજા થઈ ગયા.

પોતે સાજો થઈ ગયો છે એ જોઈને દશમાંનો એક માણસ મોટે મોટેથી ઈશ્વરનાં ગુણગાન ગાતો પાછો ફર્યો અને ઈશુના પગમાં લાંબો થઈને આભાર માનવા લાગ્યો. ત્યારે ઈશુ કહે છે, ''સાજા તો તમે દસેદસ થયા હતા ને ! બાકીના નવ ક્યાં ગયા? રોગ મટી ગયો, પ્રભુએ સાજા કર્યા એનાં ગુણગાન ગાવાનું એમને કેમ ના સૂઝ્યું ?'' અને પેલા પગે પડેલા માણસને ઉઠાવતાં માર્મિક વાત કહે છે, ''ઊઠ ભાઈ અને તારે રસ્તે પડ. તારી શ્રદ્ધાએ તને સાજો કર્યો છે.''

ઈશ્વર પ્રત્યેની કૃતજ્ઞતા કેવળ દેહના રોગ દૂર નથી કરતી, એ અંતરનું આરોગ્ય પણ બક્ષે છે. આ માણસ અંતરથી રોગી નથી, એના અંતરમાં અપાર શ્રદ્ધા પડેલી છે. એ શ્રદ્ધા એને કેવળ શારીરિક નહીં, આધ્યાત્મિક દિશા પણ પકડાવી આપે છે. એટલે જ ઈશુ એને કહે છે કે, ''ભાઈ તારે રસ્તે પડ.'' આ રસ્તો સંભવ છે કે બાકીના અકૃતજ્ઞોને કદાચ ન પણ સાંપડ્યો હોય !

# ૫. ધર્મ-ચક્ર-પ્રવર્તન

ઈશુના હૃદયમાં પ્રવર્તતી સંવેદનશીલતા, કરુણા અને પ્રેમભાવના જેટલાં આકર્ષક છે, તેટલું જ ચિત્તાકર્ષક છે એનું બ્રહ્મચર્ય. બાકી તો એ પણ છે ત્રીસ-બત્રીસ વર્ષનો થનગનતો નવજુવાન ! એના દેહમાં પણ શું પ્રકૃતિ પોતાનું તાંડવ ખેલતી નહીં હોય ! પણ ઈશુની પ્રાણ-પ્રકૃતિને તો એક જ ગંતવ્ય દિશા દેખાય છે - પ્રભુની ઈચ્છા મુજબનું કરુણાનું સામ્રાજ્ય - Kingdom of Kindness !

ઈશુના સહજ બ્રહ્મચર્યનું રહસ્ય છુપાયું છે એના આ કોમળ હૃદયમાં, પ્રેમમય અસ્તિત્વમાં. એનું પિંડ જ પ્રેમપદારથથી બંધાયું છે. એ પ્રેમ પણ કોઈ એક વ્યક્તિ, કુટુંબ, જૂથ કે સમાજ માટે નહીં, સમસ્ત જીવમાત્ર માટેનો પ્રેમ ! એમની આવી મનોરચનાને લીધે જ એમનામાં 'મા અને ગુરુ' બંને સાથે એકત્ર રહી શક્યાં છે. એમની આ ભીનીભચ પ્રેમમૂર્તિ એમના શિષ્યોને અત્યંત કપરી એવી કુષ્ઠસેવામાં જીવન ખપાવી દેવા પ્રેરે છે. ઈશુની પ્રેમમૂર્તિના બળે દૂર દૂર એકાંત જંગલોમાં આદિવાસીઓની વચ્ચે લોકસેવા માટે શિષ્યો પહોંચી જાય છે. આ પ્રેરણા મળે છે ઈશુની પ્રેમચર્યામાંથી. અને ઈશુની આ સર્વવ્યાપી પ્રેમચર્યામાં જ છુપાયું છે એમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનું રહસ્ય.

પરંતુ ઈશુ વ્યવહારુ પણ છે. બ્રહ્મચર્યવૃત્તિ એ ઈશ્વરનું વરદાન છે એ વાત પણ એ સમજે છે એટલે કહે છે કે, ''બધા જ માણસો મારા જેવા હોય એમ હું તો ઈચ્છું, પણ દરેક માણસને ઈશ્વર તરફથી આગવી બક્ષિસ મળેલી છે, કોઈને એક જાતની,

કોઈને બીજી જાતની. કેટલાક માણસો ઈશ્વરના રાજ્યની ખાતર લગ્નનો ખ્યાલ પણ પોતાના જીવનમાંથી કાઢી નાખે છે. પણ આ વાતનો સ્વીકાર કરવાની બધા માણસોની શક્તિ નથી.''

દરેક મનુષ્યની મર્યાદા છે, એ પોતે સમજે છે એટલે સ્તો પોતાના શિષ્યોને કહે છે કે, ''પુરુષ સ્ત્રીસંગ કરે એ સારું છે, પણ વ્યભિચારનું જોખમ છે એટલે દરેક પુરુષને પોતાની પત્ની હોય અને દરેક સ્ત્રીને પોતાનો પતિ હોય. આ હું કહું છું તે એક છૂટ છે, આદેશ નથી. બધા જ માણસો મારા જેવા હોય એમ હું તો ઈચ્છું, પણ દરેક માણસને ઈશ્વર તરફથી આગવી બક્ષિસ મળેલી છે, કોઈને એક જાતની તો કોઈને બીજી જાતની. સમય પૂરો થવા આવ્યો છે, એટલે હવેથી જેમને પત્ની છે, તેમણે જાણે પત્ની ન હોય એમ જ રહેવું. . . .''

''વ્યભિચાર કરીશ નહીં'' એટલી સીમિત વાત ઈશુ કહેતા નથી. એ તો કહે છે, ''જે કોઈ માણસ કોઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે. એટલે જો તારી જમણી આંખ તને પાપમાં પ્રેરતી હોય તો તેને કાઢીને ફેંકી દે, તારો જમણો હાથ તને પાપમાં પ્રેરતો હોય તો તેને વાઢીને ફગાવી દે, તારો આખો દેહ નરકમાં જાય એના કરતાં તારું એક અંગ નાશ પામે એ બહેતર છે.'' વળી એ આચાર-મર્યાદા પણ સૂચવે છે – ''સ્ત્રીઓ સાથે વધુ પડતા વ્યક્તિગત પરિચયથી દૂર રહો, પણ બધી જ સ્ત્રીઓનું ઈશ્વર પાસે ભલું ઇચ્છો. તમારાથી જે નાની વયની છે તેને તમારી બહેન ગણો અને જે મોટી વયની છે તેને તમારી મા ગણો.''

ઈશુ તો છૂટાછેડામાં પણ માનતા નથી. કહે છે, ''માણસના

મનની જડતાને ધ્યાનમાં લઈને ફારગતીની છૂટ મળી છે, પણ સૃષ્ટિના પ્રારંભથી ઈશ્વરે માણસોને નરનારી સર્જેલાં છે, એટલે પતિપત્ની બે નહીં રહેતાં એક જ બની જાય છે. એટલે જેમને ઈશ્વરે સાથે જોડ્યાં છે, તેમને માણસે છૂટાં ન પાડવાં.''

ઈશુની પોતાની સહજ બ્રહ્મચર્યનિષ્ઠાને કારણે ખ્રિસ્ત ધર્મમાં સંન્યાસ-સંસ્થા ઉત્પન્ન થઈ અને વિકસી એને લગતા દીક્ષાસંસ્કાર તથા વિગતવાર નિયમો પણ છે. દીક્ષાર્થી માટે સેવા અને સાધના, ધ્યાન અને શિક્ષણ, તાલીમ અને ઉપદેશ માટે વ્યવસ્થા પણ છે. સાધુસંસ્થા એ ખ્રિસ્તી સંઘનો એક આધારસ્તંભ છે, જેના ઉપર અત્યંત પછાત, ગરીબ, દીન-દુખિયારાંઓની સેવાનો મુખ્ય આધાર છે.

ઈશુમાં પિતૃત્વ અને માતૃત્વ બંને વિકસ્યું છે કારણ કે માનવમાત્ર માટે એના હૃદયમાં અપાર કરુણા છે. એની આ કરુણાના એના શિષ્યો પર તો જાણે 'બારે મેઘ' વરસે છે. એટલે જ સ્તો એના અંતિમ ઉપદેશમાં ઈશુ પોતાના શિષ્યોને કહે છે કે તમે પરસ્પર એવો પ્રેમ કરજો, જેવો મેં તમને કર્યો છે.

''હું તમને વરુઓની વચ્ચે મોકલી રહ્યો છું.'' ઈશુની આ વાત સાંભળીને શિષ્યોને ખબર તો છે જ કે આ પ્રભુકાર્યમાં તો ગાળાગાળી અને મારપીટ જ સહન કરવાની છે. એટલે પીટર પૂછે છે, ''સામેવાળો આપણને મારે, ત્રાસ આપે તો કેટલી વાર એ સહન કરવું ? સાત વખત ?''

ત્યારે ઈશુ કહે છે, I don't say seven times, but seventy times seven.'' સિત્તેર ગણું સાત વાર. એટલે કે ૪૯૦ વાર. તોય એ હુમલો કરે તો વળી એને સિત્તેરે ગુણો. એટલે કે

અસંખ્ય વાર માફ કરવાનું. આપણું કામ છે સમજાવવાનું. શંકરાચાર્યે કહ્યું ને કે क्षमाशस्त्रं करे यस्य ! – ક્ષમાનું શસ્ત્ર જેના હાથમાં છે, તે સમજાવ્યા સિવાય બીજું શું કરશે ?'' ઈશુ પાપીઓને, મા બાળકને માફ કરી દે એટલી સહજતાથી ક્ષમા આપી દેતા હતા, એનું કારણ એ જ હતું કે એમને પાપ માટે તિરસ્કાર હતો, પાપી માટે કદાપિ નહીં. પાપી હોવું તે તો પરિણામ છે, જેનાં કારણોમાં માત્ર જે તે વ્યક્તિ નહીં, પરંતુ અસંખ્ય જોગાનુજોગો સંકળાયેલા હોય છે.

એક વખતે ઈશુ ક્યાંક જઈ રહ્યા હતા. એ જ સડક પર એમનાથી થોડેક આઘે એક માણસ જઈ રહ્યો હતો. એટલામાં ગલીમાંથી બીજો એક માણસ અચાનક રસ્તા પર આવી ચઢ્યો અને એણે પેલા આગળ જતા માણસના ખિસ્સામાં હાથ નાખી કશુંક કાઢી પોતાના ખિસ્સામાં નાખી આગળ ચાલવા માંડ્યું.

ઈશુએ પોતાની સગી આંખે આ બધું જોયું. એકદમ ઝડપભેર આગળ વધી પેલા ભાઈના ખભે હાથ મૂકી શાંતિપૂર્વક કહ્યું, ''ભાઈ મારા, તેં આ શું કર્યું ? પેલા બિચારાને તેં શું કામ લૂંટી લીધો ? આવું કરાય, મારા દોસ્ત !''

''શું બોલ્યા તમે? પ્રભુના નામે હું કહું છું કે મેં એને જરીકે લૂંટ્યો નથી.'' – પોતાના કાને હાથ દઈ દેતાં સાવ અજાણ્યો થઈને એ બોલ્યો.

''જ્યારે તું ભગવાનના નામે કહે છે ત્યારે મારી સગી આંખો કરતાંય હું પ્રભુના નામ પર વધારે વિશ્વાસ રાખું છું. એટલે તારા પર હું ભરોસો રાખું છું અને મેં તને જે કાંઈ કહ્યું તે હું પાછું ખેંચું છું.''

ભગવાનના નામ પર કેટલો અગાધ ભરોસો ! ઈશુ તો એમના રસ્તે આગળ ચાલ્યા. પેલા માણસે પણ ચાલતી પકડી. પરંતુ થોડાંક ડગલાં ભર્યાં ન ભર્યાં ત્યાં એની જીભે આવેલો ભગવાન હૃદય સુધી પહોંચવા માંડ્યો અને હૃદયમાં તોફાન શરૂ થયું, ''પેલા ભલા માણસે તને ખોટું કામ કરતાં ટોક્યો અને તેં પરમાત્માના નામે જૂઠાણું ચલાવ્યું ? પરમાત્માના નામ પર આટલો બધો વિશ્વાસ કોણ રાખી શકે ? સાચે જ, એ કોઈ પ્રભુનો ભક્ત લાગે છે: અને તેં એમને છેતર્યા ? શું ભગવાન તને માફ કરશે ? . . .'' દ્વંદ્વ ચાલ્યું અને ભારે અકળામણનો સામનો કરવો પડ્યો. છેવટે દોડીને ઈશુને પગે પડી ધ્રુસકે ધ્રુસકે રડતો એ બોલી ઊઠ્યો, ''મને ક્ષમા કરો. ખરેખર મેં ચોરી કરી હતી. મેં તમને સાવ ખોટું કહ્યું !''

ઈશુએ એને ઉઠાવી છાતીસરસો ચાંપી દિલાસો આપ્યો. અને એ માણસમાં જાણે નખશિખ રૂપાંતર થયું. આવી હતી એમની હૃદય-પરિવર્તનની પ્રક્રિયા. એ કહેતા પણ ખરા કે, ''સંસારના ચીલાચાલુ ઢાળામાં તમારા જીવનને ઢાળી દેશો મા. નવી ચિત્તવૃત્તિ ધારણ કરી તમે પલટાઈ જાઓ, તો જ તમે ઈશ્વરની ઇચ્છાને પામી શકશો અને શું સર્વાંગસંપૂર્ણ છે તે સમજી શકશો.''

એક વખતે ઈશુ સાગરકાંઠે થોડું એકાંતધ્યાન, ચિંતન કરવા બેઠા હતા, પણ થોડી વારમાં તો ત્યાં પણ ખાસ્સી મોટી ભીડ થઈ ગઈ. ઈશુને થોડું એકાંત જોઈતું હતું, એટલે કાંઠા પર પડેલી એક હોડીમાં જઈને એ બેસી ગયા. લોકો કિનારા પર ઊભા રહી ઈશુની વાટ જોવા લાગ્યા. છેવટે શિષ્યોએ ઈશુને વિનંતી કરી,

''લોકો આશા લઈને આવ્યા છે, કાંઈક ઉપદેશ આપો.''

એ જ હોડીમાં ઊભા થઈ જઈ ઈશુ બોલ્યા, ''જુઓ, હું આજે તમને એક કથા સંભળાવું. એક ખેડૂત હતો. વાવણીનો સમય થયો એટલે બિયારણ લઈ એ ખેતરે પહોંચ્યો અને ખેતરમાં કેટલાંક બી વેરી દીધાં. એનું થોડુંક બિયારણ તો જમીન પર પડી ગયું હતું. શું થયું પછી ? થાય પણ શું ? પંખી આવ્યાં અને બી ચણીને ઊડી ગયાં. પથરાળ જમીન પર જે બી પડ્યાં હતાં તેને થોડા દિવસ પછી અંકુર ફૂટ્યા, પણ થોડા દિવસ સૂરજનો બળબળતો તડકો અંકુર પર પડ્યો તો એ સુકાઈ ગયાં. કેટલાંક બી જાળાંઝાંખરાંમાં પડેલાં, એને પણ અંકુર ફૂટેલા પરંતુ પછી એય તે ઝાંખરાંમાં ગૂંચવાઈ સુકાઈ ગયાં. કેટલાંક બી સારી જમીન પર પડેલાં ત્યાં સારો પાક આવ્યો. ક્યાંક સો ગણો ક્યાંક સાઠ ગણો તો વળી ક્યાંક ત્રીસ ગણો. . . .''

તે ક્ષણે ઈશુ આત્મચિંતનમાં હતા. પ્રભુએ સોંપેલું કાર્ય કરવા માટે સ્તો આ દેહ ધારણ કર્યો હતો, પરંતુ એમની બુદ્ધિને એ સમજાઈ જતું હતું કે ભીડમાંના મોટા લોકો પોતાના કાંઈક ને કાંઈક ભૌતિક સ્વાર્થ માટે આવે છે, આધ્યાત્મિક પ્રેરણા ખૂબ ઓછાને હોય છે. . . ઉપરોક્ત કથા કહીને એમણે પોતાના શિષ્યોને તથા સ્વગત ઉદ્‌બોધન જ કર્યું કે, ''આપણું કામ બી વેરવાનું છે, જ્યાં ભૂમિ તૈયાર હશે ત્યાં પાક ઊતરશે.'' લોકોને પણ પ્રેરણા આપી કે સારા ખેડૂતની ચીવટ રાખી જમીનને ખેડી-ખૂંદી તૈયાર રાખશો તો પ્રભુના બોલનાં આ બી જીવનમાં ફૂલીફાલી પાંગરી ઊઠશે.

એક વખતે ઈશુ આગળ ચાલી રહ્યા હતા. શિષ્યો પાછળ

ચાલ્યા આવતા હતા. એમની માંહોમાંહે ચર્ચા ચાલી રહી હતી કે, ''ભગવાનના દરબારમાં સૌથી વડું સ્થાન કોનું હશે ? કોને પહેલું સ્થાન મળશે ?'' . . . ચાલતાં ચાલતાં સાંજ પડી અને મુકામ પણ આવી પહોંચ્યો. ઈશુએ હસતાં હસતાં એક શિષ્યને પૂછ્યું, ''કેમ રે, આજે રસ્તામાં શી ચર્ચામાં બધા ઊતરી પડ્યા હતા ?''

પેલો કશું બોલ્યો નહીં, એટલે ઈશુએ કહ્યું, ''જુઓ, જે કોઈને પ્રભુના દરબારમાં પહેલું સ્થાન જોઈતું હોય તે પોતાને હમેશાં છેલ્લો રાખે.''

''એટલે ?''

ત્યારે ઈશુએ સામે આવેલા સ્વાગતાર્થીઓમાંથી એક બાળકને નજીક બોલાવ્યું અને એને ઊંચું ઉઠાવી કહ્યું, ''આ માસૂમ બાળકના હૃદય જેવું જેનું હૃદય પવિત્ર હશે, નમ્ર હશે એને પ્રભુના દરબારમાં પ્રથમ સ્થાન મળશે.''

લોકોને જાણે આ વ્યસન થઈ પડ્યું હતું કે ઈશુ જ્યાં જાય ત્યાં એની પાછળ જઈ એને ઘેરી વળવું. કશું જ ના કરવું હોય તોય બસ, એને જોયા કરવામાં પણ લોકોને કાંઈક અકથ્ય તૃપ્તિ અનુભવાતી લાગતી હતી. કોઈ ને કોઈ તો સાજુંમાંદું, લૂલું-લંગડું હોય જ ને ! સૌ ઈશુ પાસે પહોંચી જતા અને જેવા ઈશુ પેલી માંદી-અપંગ વ્યક્તિને માત્ર અડતા ત્યાં પેલી વ્યક્તિ સાજી થઈ જતી. સંવેદનશીલતાની પરાકાષ્ઠાને લીધે સ્પર્શમાં સંજીવન સંચરતું હશે તેમ લાગે છે. ચમત્કારના નામે આવી ઘટનાને તિરસ્કારી નાખવાથી કશું મેળવવાને બદલે ગુમાવવાનું જ છે. સૃષ્ટિ આ નરી નજરે દેખાય અને સીમિત બુદ્ધિથી

સમજાય તેટલી જ સૃષ્ટિ તો છે નહીં, પ્રભુની સરજતમાં ઘણુંય અગમનિગમ સંઘરાયેલું છે, જેનો તાગ માનવી હજી પામી શક્યો નથી. એટલે ઈશુના સ્પર્શે સર્જાતા ચમત્કારોમાં કોઈક ગુણોત્કર્ષની પરાકાષ્ઠા જોવામાં પલ્લે ગુણવિકાસની પ્રેરણા તો મળે જ છે !

એક દિવસે આવી જ ભીડ વીંટળાઈ વળેલી અને વાતચીત ચાલતી હતી. એટલામાં ઈશુની મા તથા ભાઈ છાનાંમાનાં આવીને એક બાજુ ઊભાં રહ્યાં. એમને તો કૌતુક નહીં, ગૌરવ પણ હતું. એમની ઇચ્છા હતી કે ઈશુ એમને ઓળખે. બે શબ્દ બોલે. એટલામાં કોઈનું ધ્યાન ગયું તો એણે ઈશુને કહ્યું, ''તમારાં મા તથા ભાઈ આવ્યાં છે.''

ત્યારે ઈશુ બોલી ઊઠે છે કે, ''મારાં મા ? મારો ભાઈ ? કોણ છે મારો ભાઈ ને કોણ છે મારી મા ?''. . . આ સાંભળી લોકો સ્તબ્ધ થઈ જાય છે. કેવો નગુણો છે આ માણસ ! જનમ આપનારી માનેય ઓળખતો નથી ! થોડી વાર શાંત પળો પસાર થઈ ગઈ પછી એ પોતાના શિષ્યો તરફ આંગળી ચીંધી કહે છે, ''જુઓ આ છે મારી માવડીઓ અને આ છે મારા બંધુ ! આકાશમાં બિરાજેલા પ્રભુની ઇચ્છાને અનુસરી જે કામ કરે છે, તે જ છે મારી મા અને તે જ મારા ભાઈ !''

સાધકના ચિત્તની આ દશા સમજાય તેવી છે. પ્રભુનો જે પ્યારો થાય છે તેને માટે કોઈ એક ઘર એ પોતાનું ઘર રહેતું નથી, આખું વિશ્વ જ એનું ઘર બની જાય છે અને સમસ્ત માનવલોક તે તેનું કુટુંબ ! પણ એનો અર્થ એ નથી કે જગતભરની બધી સ્ત્રીઓ જેને માટે મા બની જાય, તેને માટે

પોતાની મા તે કોઈ પારકી બની જાય ! ઈશુને પણ આવું નહોતું જ, ત્યારે તો ક્રૂસના થાંભલા પર ચઢ્યા પછી પ્રાણ વેદનાની આંટીઘૂંટીઓમાં વલોવાઈ રહ્યો છે ત્યારે પણ મેરીની ચિંતા કરી એ પોતાના શિષ્ય યોહાનને સોંપતાં કહે છે કે, ''યોહાન, હવે મેરી એ તારી મા'', અને માને કહે છે, ''બહેન, યોહાન તે હવે તારો દીકરો.''

# ૬. છેલ્લું ભોજન

ધર્મયાત્રા ચાલુ જ છે, ત્યાં ફરી એક વાર પાછું પાસ્ખારનું પર્વ નજીક આવતું જાય છે. લોકો આવનારા મંગળ ટાણાના ઓચ્છવની તૈયારીમાં લાગ્યા છે. ઈશુને તો બારે દહાડા ઓચ્છવ જ છે - 'નીત સેવા નીત કીર્તન-ઓચ્છવ' - હવે તો પર્વને માંડ અઠવાડિયું બાકી રહ્યું હશે ત્યાં ધર્મપ્રચાર કરતાં એ જેરુસલેમની નજીકના બેથેની ગામે આવી પહોંચે છે. ત્યાં એના શિષ્ય સાયમનને ત્યાં સૌ ઊતરે છે.

પહેલાં બન્યું હતું તેમ અહીં પણ એક બાઈ આવીને ઈશુના માથામાં કીમતી અને સુગંધી અત્તર ભાવપૂર્વક નાખી એની પૂજા કરે છે. ઈશુના શિષ્યગણમાં જ્યુડા નામનો એક શિષ્ય છે. એ મૂળે તો પોતાના દેશને ધાર્મિક તેમ જ રાજકીય ગુલામીમાંથી મુક્ત કરવા ઇચ્છતો હતો, જ્યારે ઈશુની આખી પ્રવૃત્તિ પ્રેમ, ભાઈચારો અને બલિદાનના તત્ત્વ ઉપર મંડાયેલી હતી, એ જ્યુડાને બહુ ફાવતું નહોતું. વળી એ જોતો કે દિવસે દિવસે ઈશુની કીર્તિ ફેલાતી જ જાય છે, એટલે એના મનમાં

અદેખાઈનો કીડો પણ સળવળવા લાગ્યો હતો. પેલી બાઈએ ઈશુ પ્રત્યે આટલો બધો ભક્તિભાવ દાખવ્યો એ એનાથી ખમાયું નહીં. સીધો વિરોધ તો કરી ના શકાય, એટલે એણે ટીકા કરી, ''આવો તે શો બગાડ ? આટલા જ અત્તરની સારી કિંમત ઊપજત અને તે ગરીબને આપી શકાત.''

ઈશુ તો કીમિયાગર હતા. જ્યુડાને પેટમાં ક્યાં દુખે છે એ પામી ગયા હતા. છતાંય નમ્રતાપૂર્વક ભાવિ ભાખતા હોય તેમ બોલ્યા, ''ભાઈ એની અભિલાષા પૂરી થવા દે. ગરીબો તો તમારી વચ્ચે કાયમ રહેવાના છે, પણ આ શરીરની પૂજા તો હવે એને દાટતી વખતે જ થશે.'' શિષ્યોને આ આગમવાણી સમજાઈ નહીં હોય,' કારણ કે જ્યુડાનો કીડો તો સળવળતો જ રહ્યો. ધર્મયાત્રા દરમિયાન ઠેરઠેર લોકો ઈશુનું વાજતેગાજતે સામૈયું કરતા, મંગળસૂચક ધ્વનિ ઉપરાંત તાડીનાં પાંદડાંની ધજા ફરકાવતા અને 'યહૂદીઓના રાજા ઈશુનો જય' એમ પોકારો કરતા હતા. જ્યુડાને પેલા અત્તરના અભિષેકમાં રાજ્યાભિષેકની ગંધ આવેલી અને તેમાં લોકહૃદયનો આવો ઉત્કટ ઉમળકો જોઈને એનું હૈયું તો જાણે બેસી જ ગયું કે ગાદી હવે હાથમાંથી ગઈ. . . . અને હંમેશાં બન્યું છે તેમ 'ઘર ફૂટે ઘર જાય'ના ન્યાયે એ પહોંચી ગયો ઈશુના દ્વેષી પૂજારી-શાસ્ત્રીઓ પાસે. ઈશુ રાજ્યદ્રોહી છે આવો આરોપ એના પર મુકાય તો એ અંગેની જુબાની આપવા ઈશુને ઓળખી બતાવી રાજ્યધુરંધરોના હાથમાં એને સપડાવી દેવાની તૈયારી દાખવી. આના બદલામાં સારું ઇનામ મેળવવાની પેરવી પણ કરી લીધી. પર્વના પ્રત્યક્ષ બેત્રણ દિવસ મનુષ્યવધનો નિષેધ હોવાથી વહેલી તકે આ કામ

પતાવી દેવાની ચળ શત્રુઓના હાથમાં ઊપડી અને સૌ ઈશુનું કાસળ કાઢી નાખવા કટિબદ્ધ થયા, જેથી એમનું શોષણનું, જોર-જુલમનું અને આપખુદીનું વર્ચસ્વ નિષ્કંટક બની જઈ શકે.

આ બાજુ ઈશુને તો આગમનાં એંધાણ વર્તાતાં જ હતાં અને હવે તો શિષ્યોને પણ એની અવનવી ભાષા સાંભળીને વહેમ પડવા લાગ્યો હતો કે હવા બદલાઈ છે. ઈશુના એક શિષ્યને તો કાવતરાની જ ગંધ આવી રહી હતી. જ્યુડા ઉપર એની ચાંપતી નજર પણ હતી.

પાસ્ખાર તહેવારના ગુરુવારની સાંજ હતી. જેરુસલેમના મંદિરમાં આજે બલિદાન ચઢાવવાનો દિવસ હતો. શિષ્યો ઈશુને પૂછે છે કે, ''આજે સાંજે આપ ભોજન ક્યાં લેશો ? આપની શી ઇચ્છા છે ?'' ''શહેરમાં તમે જાઓ ત્યાં તમને પાણીનો ઘડો લઈને જતો એક માણસ દેખાશે, એની પાછળ પાછળ તમે જજો અને એ જે ઘરમાં દાખલ થાય ત્યાંના ઘરધણીને કહેજો કે ગુરુદેવ કહેવડાવે છે કે, 'જ્યાં મારા શિષ્યો સાથે મારે પર્વનું ભોજન લેવાનું છે તે મારો ઓરડો ક્યાં છે ?' એટલે તે તમને મેડા ઉપર સજાવેલો એક મોટો ખંડ બતાવશે. ત્યાં તમે આપણે માટે તૈયારી કરજો.'' ઈશુએ કહ્યું.

શિષ્યો નીકળ્યા. ઈશુએ કહ્યું હતું તે મુજબની એંધાણીએ યજમાનને ઘેર પહોંચી ગયા અને બાકીની તૈયારી પૂરી કરી સાંજ નમતા ઈશુ પોતાના બારેય શિષ્યો સાથે ત્યાં આવી પહોંચ્યા. ભોજનની તૈયારી તો થઈ જ ગઈ હતી, સૌ સાથે જમવા બેઠા. આજે જમતી વખતે ઈશુ જાણે કોઈ જુદા જ મનોભાવમાં હતા. થોડા ગંભીર પણ હતા. કહે, ''જુઓ, અત્યાર સુધી તો મેં

તમને કીધાં કર્યું છે કે તમે તમારા શત્રુ પર પ્યાર કરજો. ક્યારેક મેં તમને એમ પણ કીધું છે કે તમે તમારા પાડોશી પર એવો જ પ્રેમ કરજો, જેવો તમારા પોતાના પર કરો છો. પરંતુ આજે હું તમને જુદો જ આદેશ આપવા માગું છું, તે ધ્યાનમાં લો. મારી તમને છેલ્લી આજ્ઞા આ છે કે તમો સૌ પરસ્પર એવો પ્રેમ કરજો, જેવો પ્રેમ મેં તમને કર્યો છે.'' . . . આ સાંભળીને શિષ્યો અંદરથી ધ્રૂજી ઊઠ્યા, કારણ કે એ જાણતા હતા કે ઈશુનો એમના માટેનો પ્રેમ કેવો આત્યંતિકપણે ઉત્કટ હતો. ઈશુના પારાવાર પ્રેમમાં રસાયેલી એ સહનશીલતા, ક્ષમાભાવના અને જાતને વારી નાખનારી ફનાગીરી તથા મિત્રભાવના પોતાના જીવનમાં પ્રગટાવવી એ કોઈ નાનીસૂની વાત નહોતી ! તેમને યાદ આવી ગયું – એક વાર ઈશુએ કહ્યું હતું, ''હું તમને મારા સેવક નહીં કહું કારણ કે સેવકને ખબર નથી હોતી કે એનો માલિક શું કરે છે. હું તો તમને મારા મિત્ર માનું છું, કારણ કે મારા પિતા મને જે કાંઈ કહે છે તે બધું હું તમને કહી દઉં છું.'' વળી ઈશુની શિષ્યો માટેની પ્રેમની પરાકાષ્ઠા તો તેઓ હવે પછી અનુભવવાના હતા.

થોડી વાર સ્તબ્ધતા છવાઈ ગઈ, ત્યાં પાછા ઈશુ કહે, ''આજે મારે તમને એક વાત એ પણ કહેવી છે કે તમારામાંથી જ એક જણ, જે અત્યારે મારી સાથે જમી રહ્યો છે તે મારો દ્રોહ કરી મને પકડાવી લેશે, આની મને ગળા સુધી ખાતરી છે.''

આ તો જાણે માથા પર વીજળી પડી. સૌ એક પછી એક પૂછવા લાગ્યા, ''પ્રભુ એ હું તો નથી ને !''

ત્યારે ઈશુ તેમને શાંતિથી કહે છે, ''આ મારી થાળીમાંથી જે

એક જ ભાણે જમી રહ્યો છે તે જ એ છે. ઠીક છે, માનવપુત્ર તો શાસ્ત્રમાં ભાખ્યા પ્રમાણે ચાલ્યો જશે, પણ એને પકડાવી દેનારની પાછળથી થનારી દુર્દશા જોઈ નહીં જાય ! એ માણસ જન્મ્યો જ ન હોત તો કેટલું સારું હતું ?''

જ્યુડા નીચું જોઈ ગયો. એના ચિત્તમાં અત્યારે તુમુલ સંગ્રામ ચાલી રહ્યો હતો એની ચાડી એનો ચહેરો ખાતો હતો. ત્યાં થાળીમાંથી રોટલો ઉપાડી એના ટુકડા કરી શિષ્યોને આપતાં ઈશુ બોલ્યા, ''લો, આ મારો પ્રસાદ, આને મારો દેહ જ સમજજો !''

છેલ્લે હાથમાં પ્યાલો લીધો અને ઈશ્વરનો આભાર માની શિષ્યોને આપ્યો, જેમાંથી બધાએ ઘૂંટડો ઘૂંટડો પીધો. ઈશુ બોલ્યા, ''આ મારું લોહી છે. તે સૌને ખાતર રેડાવાનું છે ! હું તમને સાચે જ કહું છું, મારી વાત માનો કે આ મારું છેલ્લું પીણું છે. હવે તો મારા પિતાના રાજ્યમાં જ હું નવો આસવ પીશ.''

ભોજન પૂરું થયું. અત્યંત ગંભીર વાતાવરણમાં સૌએ પ્રભુની પ્રાર્થના કરી. ઘડીભર તો સૌએ અનુભવ્યું કે જાણે તેઓ આ પૃથ્વીથી દૂર દૂરના કોઈ પ્રદેશમાં શ્વસતા હતા. . . .

પછી યજમાનની વિદાય લઈ સૌ જેતૂનના પહાડ ઉપર જવા નીકળ્યા. રસ્તામાં કહે, ''તમારા સૌની શ્રદ્ધા ડગી જાય તેવું પણ બને કારણ કે શાસ્ત્રમાં લખ્યું છે કે, 'હું રખેવાળનો વધ કરીશ એટલે ઘેટાં વેરવિખેર થઈ જશે.' પણ ચિંતા ન કરશો. તમે ગેલિલ પાછા પહોંચશો તે પહેલાં હું ત્યાં પહોંચી જઈશ.''

ત્યારે એક શિષ્ય પીટર બોલી ઊઠે છે, ''ગુરુદેવ, બધાની શ્રદ્ધા ભલે ડગી જાય, પણ મારી નહીં ડગે.''

ત્યારે ઈશુ મ્લાન હસીને કહે છે, ''તું આવું કહે છે તો ખરો પણ હું તને ખાતરીપૂર્વક કહું છું કે પરોઢિયે કૂકડો બે વાર બોલે તે પહેલાં આજની જ રાતમાં તું મારો ત્રણ વાર ઈન્કાર કરીશ.''

''સાવ ખોટું. મારે આપની સાથે મારા પ્રાણ પણ છોડવા પડે તોયે હું આપનો ઈન્કાર કદાપિ નહીં કરું.''

ત્યારે બાકીના શિષ્યોએ પણ એ જ પ્રમાણે કહ્યું. પણ ઈશુ જાણતા હતા કે ભાવનાને કૃતિમાં ઉતારવા માટે પ્રાણને નિચોવી નાખનારી કેવી જબરદસ્ત શક્તિ ખરચવી પડે છે !

શિષ્યગણમાંથી એક શિષ્યને ઈશુની ભોજન વખતની વાતચીત પરથી ચટપટી શરૂ થઈ. તે વખતના ધર્માચાર્ય કૈઆફ સાથે એના પિતાના મિત્ર તરીકે એને પરિચય હતો. કૈઆફ ભારે ધર્મઝનૂની, કુટિલ, દાવપેચવાળો હતો. એની સાથેની વાતચીત પરથી સ્પષ્ટ તારણ નીકળતું હતું કે ઈશુની ચોમેર કાંટાળી વાડ તૈયાર થઈ રહી હતી. લગભગ દોડી જઈને એ બીજા સાથીઓને સચેત કરે છે અને બધા મળીને ઈશુને તત્કાળ ક્યાંક ખસેડી દેવાનું આયોજન કરે છે.

સાંજ પડ્યે પહાડો ઉપર જતા રહેવાની ઈશુને ટેવ. પેલો શિષ્ય પણ પહાડ ઉપર જ હોય છે. સૂર્યાસ્ત જોતાં જોતાં એના હૃદયની શોકાતુરતા વધી જાય છે. એ જાણે પોતામાં સાત સાગર ઊંડો ડૂબી રહ્યો છે, એટલામાં એના ખભા ઉપર કોઈનો હાથ પડે છે. સાંત્વના, હૂંફ અને છલોછલ પ્રેમથી પસવારાતો એ સ્પર્શ. . . . શિષ્ય કહે છે, ''ઈશુ, મને લાગે છે કે તમારે અહીંથી તાબડતોડ નાસી છૂટવું જોઈએ.'' ''ભાઈલા મારા, હું ક્યાં નાસી છૂટું ? ઈશ્વરની ઈચ્છાથી માણસ કદી નાસી છૂટી શકે

ખરો ? અને નાસીનેય તે મારે ક્યાં સ્વર્ગમાં જવું છે ?'' – આછું હસીને ઈશુ કહે છે. ''પણ તમે અહીં રહેશો તો એ લોકો તમારો જીવ લીધા સિવાય નહીં છોડે. . . .'' એ ગભરાઈ ગયો હતો. ''જો ભાઈ, મરણ અંગે તો નક્કી કરનારો એ જ છે. આવી સ્થિતિમાં હું મુકાઉં એ અંગેની પ્રેરણા પણ મને એના દ્વારા જ મળી છે, એટલે એનો કાંઈ ઉદ્દેશ હશે. મેં તો એણે જે પ્રેર્યું તે લોકોને કહી સંભળાવ્યું, એના કારણે મારા દેહનો અંત આવતો હોય તો તે પણ મને મંજૂર છે. ભાઈ, ઈશ્વરને આધીન રહેવામાં જ વિશ્વનું અનંત કલ્યાણ સમાયેલું છે.''

''પણ. . . . પણ, આમાંથી ઊગરવાનો શું એકેય ઉપાય ન થઈ શકે ?'' શિષ્યની આંખોમાંથી ધારા વછૂટે છે. ''ના ભાઈ, ઈશ્વરની કોઈ પણ બક્ષિસને આપણાથી ઠેલી શકાય નહીં. તે મરણ આપે તો તે પણ એટલી જ પ્રસન્નતાપૂર્વક સ્વીકારવું જોઈએ.

''પણ આટલું હું તને કહું, મેં તો લોકોને જીવનધર્મ સમજાવ્યો. પણ પ્રમાદના ઘેનમાં ચકચૂર રહેતા લોકોમાં કોઈ મને તરસ્યું ના દેખાયું. લોકોને જાણે પ્રેમ કરવો નથી ગમતો, દ્વેષ કરવામાં જ તેમને આનંદ આવે છે. એટલે પછી એમના ઉપર જે કાંઈ આફતો તોળાય તેમાંથી તેમને હું બચાવી કઈ રીતે શકું ? આથી તો તેઓ ઈશ્વરનો ઇન્કાર કરી રહ્યા છે.''

એક મોટી શીલા ઉપર હાથ ટેકવીને એ ઊભો છે. સંધ્યા ઓસરતી જાય છે. અંધકારનો અંચળો ધરતી પર છવાતો જાય છે. સૂરજનું છેલ્લું કિરણ પણ સંકેલાતું જાય છે. ''હા, એ લોકો મને આજે બળવાખોરમાં ખપાવે છે પણ એક દિવસ આવશે

જ્યારે લોકોને સાચનાં પારખાં થશે અને તેઓ જ્યારે મારા સંદેશાનું રહસ્ય સમજશે ત્યારે પોતાનાં કૃત્યોથી પસ્તાઈ ઈશ્વરી રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરશે. મને વિશ્વાસ છે. દ્વેષનો દિગ્વિજય લાંબો કાળ ટકતો નથી, કારણ કે પોતાના વિજયમાં તે બીજા કોઈને ભેળવી શકતો નથી, જ્યારે પ્રેમનો વિજય તો ઈશ્વરી સંપદા છે. માટે ભાઈ, ભલે હું આજે હારું છું, પણ મારી પછીના જરૂર જીતશે, કારણ કે ઈશ્વર સદા જાગ્રત છે.''

એક ઘુવડને ઝાડીમાંથી નીકળી ખીણમાં ઊડી જતાં જોઈ ફરી કહે, ''મૃત્યુ ખરેખર વિકટ છે, પણ છેવટે તો આખી સૃષ્ટિ મરણાધીન છે. એમાં મારો વારો આવ્યો છે. ચાલ ભાઈ, હું હવે ઈશ્વરની પ્રાર્થના કરી લઉં.'' કહીને એ એકાંતમાં ચાલ્યા જાય છે.

એકાંતની એ નાજુક પળોમાં ઈશુ જ્યારે ઈશ્વરની મોઢામોઢ થાય છે, ત્યારે અંતરનો વિષાદ અને મૂંઝવણ વ્યક્ત થતાં જોવા મળે છે. એમના ઉદ્‌ગારોમાં એમનાથી બોલાઈ જવાય છે, ''હે મારા પિતા, શક્ય હોય તો આ પ્યાલાને મારી આગળથી ખસી જવા દો. તેમ છતાંય, છેવટે તો મારી નહીં, તમારી જ ઈચ્છા પૂર્ણ થાઓ.''

કેટલો વહાલો લાગે છે ઈશુ? એ નર્યો માનવ પણ છે. આશાનિરાશા, સુખદુ:ખનાં દ્વંદ્વોથી ભરેલો નર્યો માનવ, અને છતાંય એ કેવું ડગલું ડગલું ઉપર ચઢતો જાય છે! ઈશ્વર પ્રત્યેની અખૂટ શ્રદ્ધા એને આપણા સૌ સામાન્ય માણસોના સ્તર પરથી ઉપર ઉઠાવી લે છે અને ત્યારે એ ઊંચેરા માનવીના ચરણોમાં માથું અવશ ઝૂકી જાય છે. એની નિખાલસતા, સરળતા અને

ઋજુતામાં એના હૃદયની નરી નિર્મળતા તરી આવે છે. એના કારણે 'ઈશ્વરપુત્ર' તરીકેના એના ઉદ્‌ગારોમાં એ જેટલો ભવ્ય, દિવ્ય અને વંદનીય લાગે છે એટલો જ મહાન અને વહાલસોયો લાગે છે એના 'માનવપુત્ર' તરીકેના ઉદ્‌ગારોમાં. ચારે તરફ ફેલાયેલાં દોરદમન, છેતરપિંડી, હોંસાતોંસી અને વેરઝેરના વાતાવરણથી એ ક્યારેક અકળાઈ પણ ઊઠે છે અને ચાબુક વીંઝાતી હોય એવી એની વેધક વાણી ફૂટી પડે છે. આજે જ જેરુસલેમના ચોકમાં એ શું બોલ્યો ? ''ધિક્કાર છે તમને ઓ દંભીઓ, શાસ્ત્રીઓ અને ફેરિશીઓ ! તમે વિધવાઓનાં ઘર પચાવી પાડો છો, ન્યાય, દયા અને નિષ્ઠાની ઉપેક્ષા કરો છો, તમે મચ્છરને ગળણીથી ગાળી રોકો છો, પણ ઊંટને ગળી જાઓ છો.''

કંજૂસ ધનપતિને ચાબખો મારે છે, ''સોયના કાણામાંથી આખું ઊંટ પસાર થઈ જઈ શકશે, પણ ઓ કંજૂસ, તને સ્વર્ગમાં પ્રવેશ નહીં મળે.'' – આ છે એમનો પુણ્યપ્રકોપ. એમની વિચારધારામાં તો આવે છે કે 'અન્યાયનો પ્રતીકાર ના કરીશ'. પણ ભલાભોળા સામાન્ય લોકો પર ત્રાસ વર્તાતો જોઈ ભક્તહૃદય ત્રાસીને અકળાઈ ઊઠે છે. અન્યાયના ચાબખા વીંઝાય છે દલિતોની પીઠ પર, પરંતુ એના સોળ ઊઠે છે આવા સંવેદનશીલ અને પરગજુ ચિત્ત પર. પરિણામે પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે અને પુણ્યપ્રકોપ હોય તોપણ આખરે તો પ્રકોપ જ ને ? પ્રકોપનો પ્રતિઘોષ ઊઠ્યા સિવાય રહે ક્યાંથી ? પ્રતિઘોષના પુરસ્કાર રૂપે પછી આ પુણ્યશાળીઓને મળે છે – ઝેરના પ્યાલા, બંદૂકની ગોળી અને ક્રૂસનો થાંભલો.

પ્રાર્થના પૂરી કરીને ઈશુ ઝાડીમાંથી બહાર આવે છે. દૂર દૂર ખીણની પેલે પાર મુખ્ય મંદિરના કિલ્લામાં સળગતી મશાલો આમતેમ ફરતી દેખાય છે. થોડા લોકોની અવરજવર પણ દેખાય છે. પહાડની તળેટી આગળના એક બગીચામાં ઈશુના શિષ્યો, પીટર, જેમ્સ અને જોન ઊંઘે છે. ઈશુ ઘડીભર તેમને જોઈ રહે છે. એનું વાત્સલ્ય છલકાય છે. ''હું તો ઘણુંય ઈચ્છું છું કે તમે આરામપૂર્વક રહો, પણ દોસ્તો, સમય ભરાઈ ચૂક્યો છે. ઊઠવું પડશે.''

અને હથિયારબંધ આદમીઓના નજીક આવવાનો પગરવ સંભળાય છે. ઈશુ સાંકડી કેડી પરથી નીચે ઊતરે છે, શિષ્યો પાછળ પાછળ ચાલ્યા જાય છે. થોડી વારે મશાલો સાવ નજીક આવી પહોંચતી દેખાય છે અને બીજી પળે તો મશાલના અજવાળામાં ચહેરા પણ પરખાય છે – હા, સ્પષ્ટ છે કોઈ ધર્માધિકારી ! અને એની પાછળ ચાલ્યો આવે છે – જ્યુડા.

સાવ સામે આવીને ઊભા રહે છે, છતાંય નથી કોઈ આઘુંપાછું થતું કે નથી કોઈ નાસભાગ કરતું. પૂજારીને થોડું આશ્ચર્ય થાય છે અને જેમ્સ તરફ આગળ વધે છે. ત્યાં જ્યુડા તેના કાનમાં ગણગણે છે, ''નહીં નહીં, એ નહીં.'' અને જાણે ભેટવા માગતો હોય તેમ ઈશુ સામે આવીને ઊભો રહે છે. ઘડીભર બંનેની નજર મળે છે. ઈશુ નીચો વળીને જ્યુડાને ભેટી કપાળે ચુંબન કરી કહે છે, ''ભાઈ, તું જે કામ માટે આવ્યો છો, તે ખુશીથી પતાવ.''

અને ટોળું ઘેરી વળે છે અને ઈશુનો કબજો લઈ મજબૂત પકડે છે. પીટરથી આ જોયું જતું નથી. એનો હાથ તલવાર પર જાય

છે. ઈશુના મોં પર ઝાંખપ ફરી વળે છે. બળ કરીને એ કહે છે, ''પીટર, આ શું ? તલવાર મ્યાન કર! શું મેં તમને નથી કહ્યું કે જે કોઈ તલવારનો આશ્રય લેશે તે તલવારથી જ મરશે ?'' પછી પેલા પૂજારી સામું જોઈ અજબ શાંતિપૂર્વક કહે છે, ''તમે કોઈ ચોરલૂંટારાને પકડવા નીકળ્યા હો તેવી રીતે શા માટે આવ્યા ? અને સાથે આ બધી તલવારો ને ભાલા? હું તો તમારા મંદિરના પટાંગણમાં રોજ ખુલ્લેઆમ લોકોને મારે જે કહેવું હોય તે કહેતો હતો, ત્યાં જ તમે મને પકડી લઈ શક્યા હોત ! ખેર, ચાલો હવે, જ્યાં જવાનું હોય ત્યાં !''

સૂમસામ શાંતિ, સૌના શ્વાસોશ્વાસ પણ જાણે સંભળાઈ રહ્યા હતા. ઈશુને લઈને ટોળું આગળ ચાલ્યું. નીચે મોંએ પીટર પણ પાછળ ચાલ્યો અને તળેટીના બગીચામાં જ્યુડા પથ્થર બની જઈને જાણે જમીન સાથે જડાઈ ગયો.

## ૭. પરોઢ થતાં પહેલાં

''નાઝરેથનો ઈશુ એ તું જ કે ?''

''હા, એ હું જ.'' દોરડાના બંધનથી એનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. ચહેરા ઉપર જાણે થાક અને નબળાઈ વર્તાતાં હતાં. સામે જ ન્યાયાસન પર બેઠો છે પેલો ધર્મઝનૂની કૈઆફ. આરોપીની કેફિયત આગળ ચાલે છે, ''તું મોટો દેવાંશી હોવાનો દાવો કરે છે, પોતાને ઈશ્વરના પુત્ર તરીકે ઓળખાવી ઈશ્વરનું સામ્રાજ્ય સ્થાપવાની બડી બડી વાતો હાંક્યે રાખે છે, એ વાત સાચી ?''

પ્રત્યુત્તરમાં મૌન ! એની આંખોમાંથી ઝરતી ગ્લાનિ અને કરુણા એ સહી ના શક્યો. લગભગ બરાડી ઊઠ્યો, ''ચૂપ બેઠો છે તે તેં કરેલા ગંભીર ગુનાની શી સજા થઈ શકે તેનું તને ભાન છે ?''

''મેં જે કાંઈ કહ્યું છે તે ખુલ્લેઆમ, પોકારી પોકારીને કહ્યું છે. મારે કશું સંતાડવાપણું નથી'' – ઈશુના શબ્દોની મક્કમતા દીવાલોને પણ વીંધી રહી.

''પણ તેં પયગંબરપણાની અને ઈશ્વરના સંદેશાની વાતો કરી યહૂદી ધર્મની નિંદા નથી કરી ?''

''એ મને શું કરવા પૂછો છો ? જેમણે મને સાંભળીને નવાજ્યો છે એમને પૂછો ને ?''

કૈઆફના ક્રોધાગ્નિમાં આથી તેલ રેડાયું. એ ખુરશી ઉપર અડધો ઊભો થઈ ગયો. આ જોઈ પાસે ઊભેલા એક અધિકારીએ ઈશુના મોં પર જોરથી તમાચો લગાવી દીધો. ''ધર્માચાર્યની સામું બોલે છે બેઅદબ ?''

ઈશુના કૂણા ફૂલ જેવા ચહેરા પર લોહીના ટશિયા ફૂટ્યા અને ધીરે ધીરે ટીપાં નીચે ટપકવા લાગ્યાં. હાથ બાંધેલા હતા એટલે મોં લૂછી શકાય તેમ નહોતું. છતાંય અત્યંત શાંતિપૂર્વક એ કહે છે, ''તમને જો ખરેખર એમ લાગતું હોય કે મેં અધર્મ તથા અસત્યનો સંદેશો ફેલાવ્યો છે તો તમે મારા પર ધોળે દહાડે, જમાતના પંચ સમક્ષ ખુલ્લી રીતે કામ કેમ નથી ચલાવતા ? સાક્ષીઓ કેમ રજૂ નથી કરતા ?''

''અચ્છા, તારે સાક્ષીઓ જોઈએ છે ! વારુ ત્યારે જો, તું ધરાઈ જાય તેટલા સાક્ષીઓ હાજર થશે અને જમાતપંચ પણ

બોલાવવામાં આવશે.''

રાત ગળતી જતી હતી. કૈઆફના માણસો સાક્ષીઓની શોધમાં નીકળ્યા અને માણસો ઈશુને ચોક વચ્ચે બેસાડી તાપણું કરી ટાઢ ઉડાડવા ગપ્પાં મારવા લાગ્યા. તાપણાના આછા અજવાળામાં લોહીથી ખરડાયેલો ઈશુનો ચહેરો ચમકતો હતો. ત્યાં ખૂણામાં કાંઈક રકઝક સંભળાઈ. ''આ માણસ ઈશુનો સાથી લાગે છે.''

''હું ? તું શું કહેવા માગે છે એ જ મને નથી સમજાતું !'' પીટર શબ્દોને ગળી જતો બોલતો હતો. એક દાસીએ એને પકડ્યો હતો. ત્યાં બીજા માણસો પણ એને ઘેરી વળે છે, ''હા, હા, વળી, તું એની ટોળકીનો જ છો. બોલ, તું ગેલિલનો નથી ?''

ત્યારે અકળાઈને પીટર ગર્જી ઊઠે છે, ''પણ, મારે ને એને કશો જ સંબંધ નથી !''

''પણ મેં તને મારી સગી આંખે રાત્રે પેલા ખીણના બગીચામાં એની સાથે જોયો છે ને ?''

''પણ હું સોગંદ ખાઈને કહું છું કે હું ઈશુને ઓળખતો સુધ્ધાં નથી.''

જુઓ, વિધિનો ક્રૂર કટાક્ષ ! આ બધો વખત ઈશુ પીટર સામે એકીટશે જોઈ રહ્યા હતા, એમની ઉદાસ આંખોમાં અગ્નિનો ઉજાશ ચમકતો હતો. પીટર નીચું જોઈ ગયો, ઈશુની ભવિષ્યવાણી સાચી ઠરી હતી. કૂકડો બોલે એ પહેલાં ત્રણ વાર પીટરે ઈશુના શિષ્યત્વનો ઈન્કાર કર્યો હતો. લથડિયાં ખાતો એ ચોકમાં જતો રહ્યો. એના હૈયામાં હાહાકાર વ્યાપેલો હતો. ચારેય

દિશા જાણે ઈશુના શબ્દો પોકારતી એને સંભળાઈ, ''પીટર, તું મને ખરે વખતે જ છેહ દેવાનો છે !''

એક પછી એક રાતના પહોર સંકેલાયે જતા હતા અને ધીરે ધીરે ઊતરતી રાતનો ઓળો પૃથ્વી પર છવાઈ રહ્યો હતો. પો ફાટવાને થોડી વાર હતી ત્યાં તો સિપાઈઓ સાક્ષીઓને લઈને હાજર થઈ ગયા. ચોમેર ધાંધલ મચી ગઈ અને થોડી વારે તો કામ પાછું આગળ ચાલ્યું.

આડીઅવળી ઘણી પૂછપરછ ચાલી, પણ આવેલા સાક્ષીઓમાં જાણે કશા ઢંગધડા જ નહોતા. કોઈને આખા પ્રસંગની ગંભીરતા જ જાણે અડતી નહોતી. કોઈ દીવાલ પરનાં ચિત્રો તાક્યા કરતું હતું, તો કોઈ વળી બારી બહારનો રસ્તો જોવામાં મશગૂલ હતું, તો કોઈક દાંત ખોતરતાં કહી પાડ્યું, ''હા, હું પયગંબર છું એવું કાંઈક આ માણસ કહેતો'તો ખરો !''

''અંહ, એણે તો એમ કહેલું કે હું યહૂદીઓનો રાજા થવાનો છું.'' બીજો બોલ્યો.

''અરે મેં તો મંદિરની સામે જ એને એવું બોલતાં સાંભળેલો કે આ મંદિરને તોડી પાડો તો ત્રણ દિવસમાં હું નવું મંદિર બંધાવી આપીશ.''

બસ, આ ત્રીજી દલીલમાંથી કૈઆફને જોઈતો તાંતણો મળી ગયો. આ વાત પર એણે ઈશુનો ઊધડો લીધો અને છેવટે પૂછ્યું, ''બોલ, તારે આ અંગે કાંઈ કહેવું છે ?''

ઈશુ શું બોલે ? એ જાણે કોઈ નવી જ દુનિયામાં આવી ચઢ્યો હતો. અહીં એની ભાષા સમજી શકે એવું કોણ હતું ? પણ ના,

અહીં ખારાપાટ જમીનમાંય કોઈક વીરડો હતો. કૈઆફની દલીલ સામે નગરનો એક પ્રતિષ્ઠિત યૂસુફ નામનો નાગરિક ઊભો થયો. જેને બેસાડી દઈ અટકાવવાની હિંમત કૈઆફથી ના થઈ શકી. એણે કહ્યું, ''આરોપી જવાબ ક્યાંથી આપે ? અહીં બધું કાયદેસર ચાલતું નથી લાગતું. કાયદો તો આરોપીને હંમેશાં દયાની દષ્ટિએ જ જુએ છે અને એનો બચાવ પંચનો કોઈ સભ્ય કરી શકે તેમ હોય તો તે માટે પ્રયત્ન કરે છે. ખેર, મારે તો આટલું જ કહેવું છે કે મંદિર અંગેનાં ઈશુનાં વચનમાં રહસ્ય એ છે કે માણસે ચણેલું મંદિર તો ઘડીકમાં ભોં ભેળું થઈ જઈ શકે. આવો, આપણે આત્મારૂપી મંદિરમાં ઈશ્વરનું પૂજન કરીએ. મંદિરમાં પ્રાણી ચઢાવવાથી પ્રભુ રાજી નહીં થાય, એ તો રાજી થશે પ્રાણીમાત્ર તરફ દયા અને પ્રેમ દાખવવાથી. ઈશુએ તો આટલી જ વાત કહી કે સેવા એ જ ધર્મનો મર્મ છે.''

બાજી હાથમાંથી સરકતી લાગતાં કૈઆફ આખો ને આખો સળગી ઊઠ્યો. ઠેકડો મારીને બરાડીને એણે ઈશુને પૂછ્યું, ''બોલ, તું મસીહાનો અવતાર છો ? 'ખ્રિસ્ત' છો ?'' ''મારા કહેવાથી તમે થોડું જ માનવાના છો ? વળી હું ક્યાં કહું છું, તમે પોતે જ કહો છો !'' શાંત, સંયત સ્વરે ઈશુ બોલ્યા, ''જોયું ? આ ઈશ્વરદ્રોહી પોતે જ નાસ્તિક થઈને કહે છે કે એ મસીહાનો અવતાર છે. એ 'ખ્રિસ્ત' છે. હવે વધારે સાક્ષી-પુરાવાની જરૂર શી છે ? છોડો લાંબી લપછપ અને બોલો, આ માણસ સજાને પાત્ર છે કે નહીં ?''

અને જાણે પાછળ મોત પડ્યું હોય તેમ એ પંચનો એકેકનો મત લેતો ગયો. ''દેહાંતની સજા ! મત આપો તરફેણમાં કે

વિરુદ્ધ ?'' ખરીદાયેલા પંચના ટપોટપ મત પડ્યા – 'તરફેણ'. માનવતાની લાજ રાખતો કેવળ એક મત પડ્યો – 'વિરુદ્ધ'. કહેવાની જરૂર છે કે આ મત યૂસુફનો હતો ?

અને જાણે લંકા જીતી લીધી હોય તેમ એકોતરી સભા પોતાના ચુકાદા પર રોમન સૂબાની મહોર લગાવવા ઊપડી.

એકોતરી સભાને દેહાંતદંડ કરવાની સત્તા નહોતી. એ કેવળ સજા સૂચવી શકતી, એના પર છેલ્લી મહોર સૂબાની લાગવી જોઈએ. વળી પાસ્ખારના પર્વ ટાણે નરહિંસાનું પાપ માથે લેવાની પણ એમની તૈયારી નહોતી એટલે પરભારું નિકંદન નીકળી જાય એ દૃષ્ટિએ કૈઆફે ઈશુને બાંધીને સૂબા પાસે મોકલ્યો. રસ્તામાં પણ એના ઉપર ખૂબ ક્રૂર વર્તન આચરવામાં આવ્યું.

સૂબા પાસે પાછી લાંબી તપાસ ચાલી. સૂબાએ તેને સીધું પૂછ્યું, ''તું પોતાને યહૂદીઓનો રાજા કહેવડાવે છે એ વાત ખરી ?''

બોલવાની લેશમાત્ર વૃત્તિ નહોતી, જાણે જાતને ધક્કો મારીને બોલાવતા હોય તેમ એ બોલ્યા, ''હું જે રાજ્ય વિશે બોલું છું તે પૃથ્વીનું ભૌતિક રાજ્ય નહીં, પણ પ્રભુનું આધ્યાત્મિક રાજ્ય છે. હું સત્યનો સાથી છું, સત્ય માટે મારો જન્મ છે અને સત્ય-ધર્મનો હું રાજા છું.''

રોમન સૂબાને ઈશુની વાતમાં કશું સજા કરવાપણું લાગતું નથી. તેમ છતાંય ધર્મસભાને એનામાં કાંઈ વાંકગુનો લાગતો હોય તોપણ પાસ્ખાર પર્વના ટાણે સૂબાને એક યહૂદીની શિક્ષા માફ કરવાનો વિશેષાધિકાર મળતો હતો, તે વાપરીને પણ ઈશુને

છોડી દેવા એ ઇચ્છતો હતો. એની પત્ની તરફથી પણ એને ઈશુને છોડી દેવા માટે સંદેશો મળેલો, કારણ કે રાતભર ઈશુ એના સ્વપ્નમાં આવેલો. પણ આથી તો પાખંડીઓ અકળાઈ ઊઠ્યા, ''નહીં, નહીં, તમારે છોડવો જ હોય તો આને નહીં, પેલા બારાબાસ લૂંટારાને છોડો.''

હવે ? સૂબાએ બીજી યુક્તિ શોધી. ઈશુ ગેલિલનો વતની હતો, એટલે આ મુકદ્દમો રાજા હેરોડે ચલાવવો જોઈએ એમ કહીને એણે પાઘડી ફેરવી. આ વખતે હેરોડ જેરુસલેમમાં જ હતો. વળી પાછું સરઘસ હેરોડ પાસે આવ્યું. હેરોડે આ અગાઉ ઈશુ વિશે ઘણી વાતો સાંભળી હતી. ઈશુના ચમત્કારો જોવાની પણ એને તીવ્ર ઇચ્છા હતી. ફેરવી ફેરવીને એણે કહ્યા કર્યું કે તારો કાંઈક પરચો દેખાડ. પણ ઈશુની સિદ્ધિ એ તો એની ચિત્તશુદ્ધિનું પરિણામ હતું, કોઈને આંજી નાખવાનું કે પરચો દેખાડવા માટેનું એ સાધન નહોતું. સિદ્ધિ એની સંવેદના – જગતની ઝળહળતી રોશની હતી, એ કાંઈ પોતાનો જીવ બચાવવા માટેનું સસ્તું સાધન નહોતું એટલે એના મૌનથી રાજા ચિડાય છે. ''અચ્છા, તું તો રાજા છો ને ? અરે ભાઈ, યહૂદીઓનો રાજા આવા લેબાસમાં શોભે ? એને કોઈ શણગારો તો ખરા !'' કહીને એક જૂનો ભારે ઝભ્ભો નોકરો પાસે મંગાવ્યો અને ઈશુને પહેરાવ્યો. 'આ કાંઈ મારા તાબા હેઠળનું કામ નથી' કહીને એ છૂટી પડ્યો. ફૂટબૉલના દડાની જેમ ઈશુને પાછો પાઈલટ પાસે લાવવામાં આવ્યો.

લોકોને થોડા ઠંડા પાડી પાઈલટે ફરી વિનવણી કરી જોઈ, ''ધાર્મિક ઉત્સવને ટાણે આપણે આને મારીએ નહીં, વળી

મોતની સજા ભોગવવા જેવો ભારે દોષ પણ એણે કાંઈ આચર્યો નથી.. એટલે પાંચ ફટકાની સજા કરી આપણે એને છોડી દઈએ.''

હેરોડવાળો ઝભ્ભો પહેરેલા ઈશુને આગળ લાવવામાં આવ્યા. ધૂળથી તેનું મોં ખરડાઈ ગયું હતું. કલાકોથી ઊભા રહેવાને કારણે શરીર જાણે સાવ નંખાઈ ગયું હતું. તેની સામે દયાભરી નજર નાખતા અને ટોળાની સંકુચિતતા તરફ તિરસ્કારભરી નજરે જોતાં કહ્યું, ''જોઈ લો આ તમારો રાજા !'' કહીને એના શિર ઉપર કાંટાનો તાજ પહેરાવ્યો અને 'જય યહૂદીઓના રાજા, જય' કહી તમાચા અને મુક્કા માર્યા.

પણ આથી તો પૂજારીઓનું ટોળું વધારે ઉશ્કેરાયું. ''આ અમારો રાજા નથી. એને મારી નાખો ! ખતમ કરો ! બસ, ખતમ કરો !''

ટોળું ઝેરી બન્યું હતું. પાઈલટના હાથમાં એ કાબૂમાં રહે તેવું લાગ્યું નહીં એટલે એણે સૈનિકના કાનમાં કશું કહ્યું. થોડી વારે સૈનિક હાથમાં ચાંદીની ઝારી અને ટુવાલ લઈને આવ્યો. પછી બધા જુએ તેમ પોતાના હાથ ધોઈ લૂછી નાખી બોલ્યો, ''જુઓ મારી દૃષ્ટિએ આ માણસ તદ્દન નિર્દોષ છે. નિર્દોષ માણસની આ હત્યા સાથે મારે કશી લેવાદેવા નથી. એ માટે હું મારા આ હાથ ધોઈ નાખું છું.''

''એની હત્યાનું કુલ પાપ અમારે માથે, અમારી સંતતિને માથે, વારસદારોને માથે, પણ તમે આને મારો.''

ન્યાયાસનને બહાર ચોગાનમાં લાવવામાં આવ્યું, જેના પર બેસી પાઈલટે ઈશુને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. ગુનેગારના

ગળાના પાટિયા પર પાઈલટે જાતે જ લખી આપ્યું, ''યહૂદીઓનો રાજા–નાઝરેથનો ઈશુ.'' આથી કૈઆફ પાછો ચિડાયો. ''હું યહૂદીઓનો રાજા છું એમ કહે છે'' એવું લખો, પણ પાઈલટે ઘસીને ના પાડી, ''મેં જે લખ્યું છે તે જ કાયમ રહેશે.'' ''આ માણસ જન્મ્યો જ ના હોત તો કેવું સારું ?''

ઈશુ કોઈને પણ માટે આવું બોલી શકે ? હા, પોતાના શિષ્ય જ્યુડા માટે એ આવું બોલેલા, કારણ કે એમને ખબર હતી કે મિત્રદ્રોહ કે ગુરુદ્રોહ કર્યા પછી એના નસીબમાં પસ્તાવાના દાવાનળમાં નર્યું સળગવાનું જ છે ! ઈશુની કરુણા આ દાવાનળના પ્રખર દાહથી દ્રવી ઊઠેલી એટલે જ એમનાથી બોલાઈ ગયું કે, ''આ માણસ જન્મ્યો જ ના હોત તો કેવું સારું ?''

જે ક્ષણે દુશ્મનોના હાથમાં ઈશુને સોંપ્યો તે જ ક્ષણથી અંતરની આગ ભભૂકવાની શરૂઆત થઈ ચૂકી હતી. ''અરેરે ! મેં આ શું કર્યું ? જેની સાથે જિંદગીનાં સોનેરી કહેવાય તેવાં ઉત્તમ વર્ષો મેં વિતાવ્યાં, જેની પ્રભુના રાજ્યની ધૂનના શબ્દેશબ્દને મેં ઝીલી ઝીલીને સર્વત્ર ફેલાવ્યા એ જ સાથીને મેં મારા હાથે દુશ્મનોના સકંજામાં પહોંચાડી દીધો !''

અંતિમ યાત્રા દરમિયાન, ઈશુનું ઠેરઠેર જે ઉમળકાભેર સ્વાગત થયું તે જોઈ જ્યુડાનું હૃદય અદેખાઈથી સળગી ઊઠ્યું હતું. એના અંતરમાં લોકૈષણા તો પડી જ હતી, સાથોસાથ કદી ન કદી સત્તાધીશ થવાની મહત્ત્વાકાંક્ષા પણ છુપાયેલી પડી હતી. સહજ રીતે સૌમાં ઈશુ આગળ તરી આવતો જોઈ એના હાથમાં ચળ ઊપડવા માંડેલી. છેવટે મત્સરે એનું કામ કર્યું જ.

પર્વ પહેલાં જ ફેરિશીઓ તથા પૂજારીઓ પાસે એ પહોંચી ગયો અને એમની સાથે સોદાબાજી પણ કરી લીધી કે જો એ ઈશુને પકડાવી આપે તો બદલામાં ભારે મોટું ઈનામ આપવું. પૂજારીઓ તો આવા લાગની શોધમાં જ હતા. એક વાર પંખી જાળમાં સપડાય પછી આગળની બાજી હાથ કરતાં તેઓને આવડતું હતું, અને આ તો વળી ઈશુનો જ માણસ ! મોં માગ્યા દામ ચૂકવીને એમણે જ્યુડાને ખરીદી લીધો. આ મોં માગ્યા દામ એટલે ચાંદીની માત્ર ત્રીસ રૂપરડી ! ઈશુ રાજદ્રોહી છે તેવી જુબાની આપવા અને ઈશુને ઓળખાવી પકડાવવામાં મદદ કરવાનું એની પાસેથી વચન લેવામાં આવ્યું.

શત્રુનું કાસળ કાઢવું જ હોય તો વળી તેમાં ઢીલ શી ? ઝંઝાવાતમાં મોજાં ઉપર મોજાં ફરી વળે એમ કલાકોમાં ઘટનાઓ સંકળાતી ગઈ અને ઈશુ પહોંચી ગયો વરુઓની ગુફામાં !''

પણ આ શું ? પોતે કઈ ગુફામાં પહોંચી ગયો છે ? જ્યુડાને સમજાતું નહોતું કે અંદરથી પ્રતિક્ષણ સતત એને કોણ કોરી રહ્યું છે ? ઘડીનોય જંપ નથી. એકેક પળ મણ મણની શિલા લઈને આવે છે અને એના બોજ હેઠળ એના શ્વાસેશ્વાસને રૂંધે છે ! ''અરેરે, આ તે કેવો અંધાપો ? શું હું સાવ ભૂલી ગયો કે એણે મને કેટકેટલું હેત કરેલું ? અને મને પણ શું એનું ઓછું ઘેલું લાગેલું ? એક ભાણામાં બેસીને બેઉએ બંનેનાં અંતર કેવાં પ્રેમથી રસી દીધાં હતાં ! એની અમૃતઝરતી આંખો ! હૃદય હૃદયને અભિન્ન કરી નાખતી એનાં આલિંગનોની ભીંસ !'' અરેરે ! કોઈ પરાયાનું નહીં ને એનું જ ગળું મેં ઊઠીને કાપ્યું ? જેના ખાતર પ્રાણ પાથરી દેવા ઓછા ગણાય, તેવાને માટે મેં

પોતે મોતની વાટ દોરી આપી ?''

પસ્તાવાનો કોઈ પાર નથી. કોઈ કહે છે, ''હવે થયું તે થયું. તું એને ના પકડાવત તો બીજો કોઈ એ કામ કરત. વહેલામોડું, એનું આ જ ભવિષ્ય હતું !''

''પણ મારા હાથે તો આ બધું ન થાત ને ?'' શૂધબૂધ ગુમાવતો એ ચીસ પાડી ઊઠે છે.

''ચિંતા છોડ હવે. એ તો ભારે દયાળુ છે. ઈશુ તને માફ કરી દેશે.''

અને જાણે જ્વાળામુખી ફાટી નીકળે તેમ એનું વલોવાતું અંતર ભભૂકી ઊઠ્યું, ''હા, એ મને માફ કરશે, એટલે જ મારે વિચારવું રહ્યું ! મારા પાપની સજા એની પાસેથી મને મળી જાત તો મને કાંઈ ફિકર નહોતી, પણ એણે તો મને ક્યારનોય માફ કરી દીધો છે, એની એક નજરના દૃષ્ટિપથમાં એની ક્ષમા અને કરુણાનો દરિયો એણે વહેવડાવી દીધો છે. એટલે જ મારે મરવું રહ્યું! મરવું રહ્યું ! મોત વિના હવે મને કોઈ નહીં સંઘરે !'' કહીને એ કપડાં ચીરતો રહ્યો, વાળ પીંખતો રહ્યો....

ગાંડાની જેમ દોડીને એ ફરી પાછો ધર્માધિકારીઓ પાસે જાય છે, ''લો, આ તમારું ઈનામ પાછું ! મને મારો ઈશુ પાછો સોંપો ! મારા પર દયા કરો. મારી ભૂલ થઈ! મારી આટલી આજીજી સાંભળો, હું તમારો જીવનભર ગુલામ રહીશ.''

પણ કોણ સાંભળે ? બંદૂકમાંથી ગોળી છૂટી ગઈ હતી. એમણે તો નફ્ફટ થઈને પોતાનાં હૈયાં ઉઘાડાં કરી મૂક્યાં, ''હવે અમને શું ? તારું પાપ તને મુબારક! રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું?''

છેવટે જીવન જીરવવાની કોઈ દિશા ખુલ્લી ના દેખાઈ એટલે

છેવટે જ્યુડાએ પોતે જ ગળાફાંસો ખાઈ આપઘાત વહોરી લીધો. સ્વાર્થના કીડા જેવા પૂજારીઓએ જ્યુડાને આપેલા લાંચના પૈસા તો પાછા લઈ લીધા, પણ પાપના એ પૈસા મંદિરના ખજાનામાં નાખતાં એ અચકાયા. એટલો એમનો અંતરાત્મા જાગ્રત હતો કે પાપને પાપ તરીકે ઓળખવાની નજર હજી ગુમાવી નહોતી. છેવટે એ પૈસામાંથી એક ખેતર વેચાતું લેવામાં આવ્યું અને તેને પરદેશીઓનાં શબ દાટવા મહાજનને સોંપ્યું. પાપનો પૈસો દુશ્મનોના કબ્રસ્તાનમાં દાટવામાં આવ્યો. પણ પાપના પૈસામાંથી ઊભું થયેલું એ ખેતર પાછળથી 'પાપક્ષેત્ર'ના નામે પ્રસિદ્ધ થયું.

## ૮. ક્રૂસારોહણ

દિવસ હજી ખાસ ચડ્યો નહોતો અને ઈશુને ક્રૂસ પર ચઢાવવા માટેના થાંભલા તૈયાર કરવાના શરૂ થયા. ઈશુની સાથે બીજા બે ગુનેગારોને પણ સાંજ પહેલાં ક્રૂસ પર ચડાવી દેવાના હતા, જેથી ત્યાર બાદ પર્વ નિર્વિઘ્નપણે માણી શકાય.

ઈશુને કિલ્લામાં લાવ્યા કે તરત જ ચોમેરની બૅરેકોમાંથી રોમન સિપાહીઓ એને ઘેરી વળ્યા. "શું છે આ યહૂદડાનાં તોફાન ? રોજેરોજ એમનું કાંઈક ને કાંઈક તૂત હોય ! અચ્છા, તો આ વખતે એમણે પોતાનો રાજા નક્કી કરી લીધો એમ ને ? આ ભાઈસાહેબ જ છે ને એ રાજા ? વાહ ! વાહ ! રાજાના દેદાર તો જુઓ !" કહીને જોરથી હસી પડી એક સિપાઈના અંગ પરથી લાલ લશ્કરી ડગલો ખેંચી ઈશુ ફરતો વીંટાળી દીધો,

''વાહ ભાઈ, હવે તું ખાસ્સો રાજા થયો !'' બધા ખડખડાટ હસી પડ્યા. ''પણ રાજાસાહેબનું સિંહાસન ક્યાં ?''

સામે જ ભીંત આગળ સંગેમરમરના થાંભલાનો એક ભાંગેલ ટુકડો પડ્યો હતો, તેને રોડવીને ખેંચી લાવી એના છેડા પર ઈશુને બેસવાનું કહ્યું. વળી એક જણને સૂઝ્યું તે રસોડામાંથી ચૂલા પાસેના ઝાંખરાંના ભારામાંથી થોડાંક ઝાંખરાં લઈ આવ્યો અને એનો મુગટ બનાવી ઈશુના માથા પર બેસાડ્યો. અને પછી એની સરદારી હેઠળ બધા સૈનિકો ઘૂંટણીએ પડીને ઈશુની કુર્નિશ બજાવવા લાગ્યા. ''જય હો યહૂદીઓના રાજાધિરાજકી જય હો !''

ઈશુ ખામોશ હતો. માથા પર ઠેકઠેકાણે કાંટા ભોંકાયા હતા, તેમાંથી લોહી વહીને ગાલ, કપાળ અને ડોક પર રેલાવા લાગ્યું હતું. પણ ચહેરા પર કોઈ જ તરડાટ કે મરડાટ દેખાતો ન હતો, હરફ સુધ્ધાં એ ઉચ્ચારતો ન હતો. એટલામાં એ ટુકડીનો નાયક જે સુતારને બોલાવી ક્રૂસ ઘડવાની તૈયારીમાં હતો, તે સાથીઓની આ રમત જોઈ બોલ્યો, ''તમારા રાજાના હાથમાં રાજદંડ તો નથી !'' અને સુતારના હાથમાંથી ગજ લઈને ઈશુના હાથમાં ગોઠવી દીધો. ગજને સ્વીકારતાં ઈશુએ માથું નમાવી આભાર માન્યો. ક્ષણભર તો નાયક હેબતાઈ ગયો અને થોડો પાછો પડ્યો. સિપાઈઓએ પણ એમની જંગલી રમત અટકાવી. ઈશુના ચહેરા પર થાક હતો, ત્રાસ હતો છતાંય એની નિખાલસતા અને નિર્દોષિતા તો એવી ને એવી અસ્ખલિત હતી. ત્યાં તો હુકમ થયો, ''ચાલો હવે કોરડાનું શરૂ કરો. જલદી પતાવવા માંડીએ.''

ઈશુના હવાલદારોએ એનો લાલ ડગલો ઉતારી લીધો, બાકીનાં કપડાં પણ ઉતારી થાંભલા પર મૂકી લંગોટીભેર ઊભો રાખ્યો. એટલામાં બીજા બે ગુનેગારોને પણ લઈ આવવામાં આવ્યા. એમાંનો એક તો ભારે તોફાની હતો. એનાં કપડાં ઉતારતી વખતે તો એણે બચકાં ભરવાં જ શરૂ કરી દીધાં. બીજો ગરીબડો હતો, એનાં ચીંથરાં ઉતાર્યાં ત્યારે તો ભૂખડી બારસ જેવું એનું હાડપિંજર ચાડી ખાઈ ઊઠ્યું અને એ ત્યારે બોલી પણ ઊઠ્યો, ''ભૂખ લાગી અને મેં ચોરી કરી એટલા કારણસર તમે સૌ મને ક્રૂસ પર ચઢાવશો ?''

પણ હુકમનું પાલન કરનારા ખરીદાયેલા ગુલામો શું કરવાના હતા ? પણ જ્યારે સામેના બૅરેકમાંથી એક સિપાઈને લાંબો ચામડાની વાધરીઓનો ગૂંથેલો અને દરેક શેડમાં જસતના કાંટા જડેલો કોરડો લઈને આવતો જોયો ત્યારે તો એ નખશિખ કાંપી ઊઠ્યો, ''ઓ બાપ રે, ભાઈસાહેબ, મારાથી આ નહીં ખમાય ? નહીં ખમાય ભાઈસાહેબ, મારાથી. મને બચાવો !''

– ત્યારે હળવે રહીને ઈશુએ તેના ખભા પર હાથ મૂકી કહ્યું, ''ભાઈ, જગત આખાના દુઃખમાંથી બનાવેલી આ વાનગી છે. મન મજબૂત રાખીને, પ્રભુના નામે આપણે તે ભોગવી લેવી રહી.''

અવાજનું માધુર્ય પેલા રાંકના સમસ્ત અસ્તિત્વને હચમચાવી ગયું. આશ્ચર્યપૂર્વક પાછળ ફરીને જોયું તો ઈશુનો થાકથી લોથપોથ થયેલો લોહીલુહાણ ચહેરો દેખાયો. આંખોમાં આંસુ સાથે એ બોલી ઊઠ્યો, ''તારા માથે પણ ઘણી વીતી લાગે છે, ભાઈ !''

પણ પેલો તોફાની ફરી પાછો ગરજી ઊઠ્યો, ''હા, હા, તું

મોટો રાજા થવા નીકળેલો ને ? તને તો જરૂર ફાંસીએ ચઢાવવો જોઈએ, પણ અમે ક્યાં કોઈનાં રાજ લૂંટી લીધાં છે તે. . . .''

ધમાલ મચી ગઈ એટલે સૈનિકો કડક થઈ કેદીઓને કોરડા મારવા અંદરના વાડામાં લઈ ગયા. સણ. . . સણ. . . કોરડા વીંઝાતા રહ્યા, માનવતા આંખો બંધ કરીને ક્ષીણ કાયા પર એને ઝીલતી રહી. કામ પૂરું થયું ત્યારે પોતાના બળે શરીર પગ પર ઊભા રહેવા સક્ષમ નહોતું, બાવડેથી એને ઝાલી રાખવો પડતો હતો. માંડ માંડ એ ડગલાંભેર ચાલી શકતો હતો. હવે એ લોકોને વધસ્થાન પર લઈ જવાના હતા પણ નિયમ મુજબ ક્રૂસ કાં તો ગુનેગાર પોતે ઉઠાવે અથવા તો એનું કોઈ સગુંવહાલું ઉઠાવે ! પેલા બે ગુનેગારોનાં સગાંએ તો આગળ આવી ક્રૂસને પીઠ પર ઉપાડી લીધા, પણ ઈશુ માટે બૂમો પર બૂમો પડી, ''કોઈ સગુંવહાલું હાજર છે ? હાજર છે કોઈ ?''

પૃથ્વી પર આજે જેના નામે લાખો કરોડો લોકો પોતાના જીવનને ઉદ્ધારના રસ્તે લઈ જવા મથી રહ્યા છે, તે વ્યક્તિની સગાઈ એની અંતિમ ક્ષણે આ પૃથ્વી ઉપર કોઈને મંજૂર નહોતી. કોટિ જનોના તારણહારને પોતાનો ક્રૂસ પોતે જ ઉઠાવી વધસ્થાન પર લઈ જવા આગળ ડગ ભરવું પડ્યું. હા, એ સાવ એકાકી અટૂલો હતો. શી કસોટી કરે છે પરમાત્મા ? અને કરામત તો છે આ સત્યાગ્રહીની, જે છેવટ સુધી શાંત છે, સ્વસ્થ છે, જાણે બીજા કોઈનો જનાજો ઉઠાવીને લઈ જતો હોય તેટલી તટસ્થતાથી પોતાનો જનાજો ઉઠાવે છે. સિપાઈઓ એની કોરડાથી ફાટેલી ચામડી પર વજનદાર થાંભલો મૂકે છે, સિપાઈઓ આગળપાછળ ગોઠવાઈ જાય છે, સુથાર પણ

નિસરણી અને ખીલા લઈ પાછળ ચાલે છે.

સૂરજ બરાબર માથે ચઢી ગયો છે. ઈશુના ચહેરા પર પરસેવાની ધારા વછૂટી છે. થોડાંક ડગ ભરે છે ત્યાં એનું શરીર લથડે છે. પેલો રાંક ગુનેગાર એકસરખો ઈશુને જોઈ રહ્યો છે. વ્યાકુળ થઈ એ બોલી ઊઠે છે, ''બિચારાથી ઊપડે છે જ ક્યાં ?'' નાયક થોડી મદદ કરે છે, વળી બે ડગલાં ભરાય છે અને ઈશુ આભારની લાગણી વ્યકત કરે છે, ચક્કર આવતાં ઈશુ નીચે પછડાય છે.

પાછળ આવતા ટોળામાં કેટલીક સ્ત્રીઓ પણ છે. કદાચ એની શિષ્યા. તેમાંની એકે પોતાનો બુરખો કાઢી પાણીથી ભીંજવી ઈશુના લોહી-પરસેવાથી ખરડાયેલા ચહેરાને લૂછ્યો અને પોતાના પાલવ વડે પવન નાંખવા લાગી. થોડી વારે ઈશુએ આંખો ઉઘાડી. એ જ, આભારભીનું મીઠું નમન ! બધી સ્ત્રીઓ આ જોઈ હૈયાફાટ રડી ઊઠી. પોતાનાથી ક્રૂસ ઊંચકી શકાતો નથી એટલે નાયક સામું જોઈને ઈશુ કહે છે, ''ભાઈ, હું તો આ ક્રૂસ વેઢારવા રાજી છું, મારો માંહ્યલો તો અડીખમ જ છે, પણ મારો માટીનો આ દેહ – આ પંડ જ નાદારી નોંધાવી રહ્યો છે.''

પછી સ્ત્રીઓ તરફ ફરીને બોલ્યો, ''હે જેરુસલેમની સ્ત્રીઓ, તમે રડતાં હો તો મારા માટે ના રડશો. રડવું હોય તો તમારે માટે રડો, તમારાં સંતાન માટે રડો. દુનિયાની જે નાસ્તિકતા આજે મારો જીવ લઈ રહી છે તેનો તમારા ઉપર પણ પંજો પડશે. જેઓ તલવારના જોર પર દુનિયાનું રાજ કરવા નીકળ્યા છે તેઓને સ્ત્રીઓ અને બાળકોની દયા આવવાની નથી. એક એવો જમાનો પણ આવશે, જ્યારે વાંઝિયા સુખી ગણાશે.''

ફરી બળ કરીને એ ઊભો થયો. નાયકે ચારે બાજુ મદદ માટે નજર દોડાવી, તો માથા પર શાકના બે ટોપલા ઉપાડેલા એવા એક હબસીની લાલચોળ આંખોમાં દયા ઊભરાતી હતી. ટોપલા બાજુ પર મૂકી આગળ વધી એણે ઈશુનો ક્રૂસ રમકડાની જેમ ઉઠાવી લીધો અને સરઘસ જેરુસલેમની સાંકડી ગલીઓમાં થઈ આગળ વધ્યું. . . .

એ જ ટેકરી પર રસ્તાની બાજુએ, જતાઆવતા લોક જુએ એ રીતે ત્રણ થાંભલા તૈયાર છે. પહોંચ્યા પછી નશો ચઢે એ માટે કેદીઓને દારૂ ધરવામાં આવ્યો પણ ઈશુએ તે ના લીધો. પછી ઈશુનાં કપડાં ફરી ઉતાર્યાં. માથા પર કપડું વીંટળેલું રાખી એને ભોંય પર સુવાડ્યો અને બંને હાથ પહોળા કરી ક્રૂસ પર સુવડાવ્યો.

ક્રૂસ ઉપર સુવડાવ્યા પછી એમના બેઉ હાથને પહોળા કરવાનું કહેવામાં આવે છે. પછી ચપટા પહોળા માથાનો એક અણીદાર ખીલો એમના જમણા હાથની હથેળીમાં જલ્લાદ ઠોકી દે છે. એ જ રીતે ડાબી હથેળીમાં. ખીલો હથેળીને વીંધી લાકડાની અંદર ઊંડો ઊતરી જાય છે. હા, આ એ જ હથેળી હતી જેણે અનેક મૃતોમાં સંજીવન પ્રેર્યું હતું, જેણે અસંખ્ય રોગીઓને સાજા કર્યા હતા. આ એ જ હાથ હતા, જે પાપીઓનાં અને બાળકોનાં મસ્તક પર વહાલનો દરિયો ઉમટાવતા હતા. . . .

ઠક. . . ઠક. . . ઠક. . . હથોડાના ઘા ઝિલાય છે અને પડખે ઊભેલી માનાં હૃદયમાં ચિત્કાર પડઘાય છે. મા તો દુ:ખથી કોકડું વળી જાય છે. હાથ પતે છે પછી આવે છે પગનો વારો! માંસ, સ્નાયુઓ અને નસો તૂટી જાય છે, લોહીની તો

ધારા વછૂટે છે પણ મુખેથી ઉંકાર સુધ્ધાં નીકળતો નથી. પેલા બીજા બે ગુનેગારોની ચીસાચીસે તો આકાશ ગજવી મૂક્યું છે. સ્ત્રીઓ પણ હૈયાફાટ રડે છે. તમાશો જોવા આવનાર કેટલાક યહૂદીઓ પોતાના દંભી આગેવાનોને માખણ લગાડવા હસતાં હસતાં ઈશુને મહેણાંટોણાં પણ મારે છે. ''બીજાને બચાવવા નીકળ્યો હતો, તે હવે તારી જાતને જ બચાવ ને ? તું તો ઈઝરાયલનો રાજા અને વળી ઈશ્વરનો દીકરો ! ઉતાર તારી જાતને હવે ક્રૂસ પરથી હેઠે !''

ઈશુ એકેએક શબ્દ સાંભળે છે, પણ એના ચહેરા પરની એકે રેખા વંકાતી નથી. મહેણાંટોણાંની જ્યારે ઝડી વરસે છે ત્યારે છેવટે જાણે અંતરની ગુફામાંથી પ્રભુને આજીજીપૂર્વક પ્રાર્થે છે: ''હે પરમ પિતા, આ લોકોને તું માફ કરજે; પોતે શું કરે છે તેનું તેમને ભાન નથી.''

માનવદેહ ધારણ કરીને થયેલી આવી ઉદાત્ત પ્રાર્થના પૃથ્વી પર આંગળીના વેઢે ગણાય તેટલી માંડ થઈ હશે. એમણે જે પ્રબોધ્યું હતું તે પાળી બતાવ્યું હતું. મૃત્યુના ઉંબરેથી અપાયેલો એમના જીવનસંદેશનો આ અર્ક હતો. આ જીવનસંદેશ એમના પોતાના લોહીના અક્ષરે લખાયેલો છે. માનવ પર પ્રેમ તથા ઈશ્વર પરની શ્રદ્ધાની પરાકાષ્ઠા આ વચનોમાં પડઘાય છે.

બે ચોરોને પણ આ જ રીતે ક્રૂસ પર ચડાવવામાં આવ્યા. ત્રણેયનાં ઉતારેલાં કપડાંનો ઢગલો કરી હરાજી બોલાવવામાં આવી અને થોડા ચોકીદારોને જીવ જાય ત્યાં સુધી પહેરો કરવાનો હુકમ આપી નાયક પાછો ફર્યો. તમાશગીરોનું ટોળું હજી પડખે જ ઊભું હતું. એમની ઠઠ્ઠામશ્કરી ચાલુ હતી. ''મોટો દુનિયાને

તારવા નીકળેલો, પોતાને તો તારી શક્યો નહીં.''

છેલ્લે એના ક્રૂસ પાસે એની મા મેરી, માસી, બીજી બે સ્ત્રીઓ અને બાર શિષ્યોમાંથી એક જ શિષ્ય યોહાન ઊભાં હતાં. જ્યુડાએ તો પાપ જીરવી ના શકાવાથી આપઘાત વહોરી લીધો હતો. ઈશુએ યોહાનને મેરુ તરફ ચીંધી કહ્યું : ''યોહાન, હવે આ તારી મા.'' અને મેરીને કહ્યું, ''બહેન, હવે આ તારો દીકરો.''

દિવસ ઉપર ચઢ્યે જ જતો. ઈશુના જમણા પડખે પેલો રાંકડો ગુનેગાર દીમા હતો અને ડાબી બાજુએ ગેમા હતો. ગેમા હજી ઈશુને ગાળો ભાંડતો હતો, આથી દીમા બોલી ઊઠ્યો, ''હવે છેલ્લી ઘડીએ તો ભગવાનનું નામ લે ! આપણે તો આપણા કર્મે મૂઆ, પણ આ તો બચાડો સાવ નકામો થાંભલે ચઢ્યો છે !'' અને થોડી વારે ઈશુ તરફ વળીને કહે છે કે, ભાઈ, તારા સરગાપુરમાં તું દાખલ થાય ત્યારે મને ભૂલી તો નહીં જાય ને ?''

''એ શું બોલ્યો ભાઈ, હું તને ખાતરીથી કહું છું કે આ ઘડીએ જ આપણા આ દેહના દંડ પૂરા થશે અને તું મારી સાથે પુણ્યલોકમાં હશે. આપણે વળી પાછા ભેળા ને ભેળા !'' અવાજમાં એ જ માધુર્ય, એ જ નરવાઈ અને એ જ આત્મવિશ્વાસ !

મધ્યાહ્નનો સૂરજ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યો હતો. ત્રણેક વાગ્યા હશે ત્યાં શરીરમાં જાણે શૂળ ઊપડી; ઈશુ મોટેથી બોલી ઊઠ્યા, ''એલી, એલી, લમા શભકથની ? હે મારા ભગવાન, ભગવાન ઓ મારા, તેં મને શું કામ છોડી દીધો ?''

પણ એક જ ક્ષણનો પરિતાપ, વળતી જ ક્ષણે પાછી જીત

મેળવે છે. Let thy will be done. પ્રભુ તારી ઈચ્છા હો એમ જ થાઓ.'' કહીને પાછા અંતસ્તલની પાતળી ઊંડાઈઓમાં ડૂબી જાય છે. . . . હવે તો અંતિમ ક્ષણ નજીક આવી રહી છે એમ જાણીને કહે છે, ''મને તરસ લાગી છે.'' ખાટો દ્રાક્ષાસવ ભરેલી એક બરણી ત્યાં પડી હતી, તેમાં વાદળી બોળી ભાલામાં ખોસી તેમના મોં આગળ ધરવામાં આવી. બેચાર ટીપાં ચુસાય છે, પછી એ બોલી ઊઠે છે, ''હવે બધું પૂરું થયું !'' અને છેલ્લે સઘળી શક્તિ સમેટી મોટા અવાજે કહે છે, ''હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું !''

એમના એકેએક જખમમાંથી ટપ . . . ટપ. . . ટપ લોહી નીચે નીતરી ધીરે ધીરે જમીન પર ટપકે છે. પીડાથી ડોક પર માથું હવે ટટાર રહી શકતું નથી અને સહેજ આગળ ઝૂકી જાય છે. ધીરે ધીરે હોઠ ભૂરા થતા જાય છે અને શ્વાસ હાંફતા હાંફતા એક ક્ષણે નદી સાગરમાં ભળે તેમ શાશ્વતીમાં સમાઈ જાય છે અને આમ નાઝરેથનો ઈશુ મરણને ભેટે છે!. . . અને પરમપિતા પરમેશ્વરનું પૃથ્વી પરનું અવતારકાર્ય સફળ બીજારોપણ કરી પૂરું થાય છે.

## ૯. પુનરુત્થાન

સાંજ નમી ગઈ હતી. રાત ઢળે અને સૂરજ ઊગે ત્યાં તો પર્વનો પવિત્રમાં પવિત્ર દિવસ આરંભાય ! તે લોહીભીનો દેખાય એ કેમ ચાલે ? વિશ્રામવાર એટલે કે શનિવારે શબ ક્રૂસ ઉપર રહે અને લોક વીફરે તો મુશ્કેલી ઊભી થાય એટલે વ્યવહારડાહ્યા

ધર્માચાર્યોએ પહેલેથી જ પેરવી કરી રાખેલી કે રાત પહેલાં જ ક્રૂસ ઉપરથી સૌને નીચે ઉતારી લેવા. ફાંસીની સજામાં તો માણસ ક્ષણાર્ધમાં મોતને ભેટે છે, પરંતુ ક્રૂસારોહણમાં તો માણસને રિબાઈ રિબાઈને ક્ષણોના મહાસાગરના મોજેમોજાંને પાર કરીને મરવું પડે છે. ઘણા તો ત્રણ ત્રણ દિવસ સુધી મરતા નથી. પણ આ ત્રણેય ગુનેગારો જલદી મરી જાય એટલે એમના પગ તોડી નાંખવા સિપાઈઓને હુકમ આપવામાં આવ્યો. પેલા બે તો હજી મરણાસન્ન સ્થિતિમાં જીવતા હતા એટલે એમના પગ તોડી નાંખી મારી નાંખવામાં આવ્યા. પણ સિપાઈઓ જ્યારે ઈશુ પાસે આવ્યા ત્યારે તેમનો પાર્થિવ દેહ નિર્જીવ હતો. એક સિપાઈએ એમના પડખામાં ભાલો હુલાવ્યો કે તરત જ લોહી અને પાણી વહેવા લાગ્યાં. કેટલાક યહૂદીઓએ તો આ ગુનેગારો જલદી મરી જાય એ માટે હાડકાંના ચૂરેચૂરાં કરી નાંખવાની પરવાનગી મેળવી લીધી હતી, પરંતુ તેઓ વધસ્થાન પર પહોંચે તે પહેલાં ઈશુનો એક પ્રેમી યૂસુફ, જે વરિષ્ઠ સભાનો સભ્ય પણ હતો અને જેણે 'મોતની સજા'ની વિરુદ્ધમાં પોતાનો મત નાખી મત-પાવિત્ર્યને શોભાવ્યું હતું તે યૂસુફ પાઈલટ પાસે જઈને ઈશુના મૃતદેહની માગણી કરે છે. તે જ વખતે નિકાડેમસ નામનો બીજો પણ એક શિષ્ય શબને કબરમાં પધરાવવા અઢી મણ બોળ, અગરુનું મિશ્રણ તથા સુગંધી દ્રવ્યો લઈ આવી પહોંચે છે.

બંને વધસ્થાનની ટેકરી પર પહોંચે છે તો મેરી દુઃખથી બેબાકળી થઈ સૂનમૂન હાલતમાં ઊભી છે. તેમની પરવાનગી લઈ અત્યંત ભક્તિભાવે ડાળ પરથી ફૂલ ચૂંટતા હોય એ રીતે ક્રૂસ

પરથી લોહીનીગળતી પવિત્ર કાયાને ઉતારી મેરીના ખોળામાં મૂકે છે. મેરીની આંસુભીની શ્રદ્ધાંજલિથી પ્રભુની કાયા ધોવાય છે. અત્યંત પ્રેમપૂર્વક, ધ્રૂજતા હાથે ઈશુના મસ્તકને મેરી છાતીસરસું ચાંપે છે. શોક તો મહાસાગરની સીમાઓને પણ નાનો કરી મૂકે તેટલો અપાર અને અગાધ છે. કોણ કોને સાંત્વના આપે ? મહાવેદના સદાસર્વદા અબોલ જ હોય છે.

સમય ઝડપથી પસાર થઈ રહ્યો હતો. સૂરજ આથમે તે પહેલાં દફનવિધિ પૂરી કરવાની હતી. એટલે યહૂદીઓને દફનવિધિ અનુસાર તેમણે ઝટ ઝટ ઈશુના પવિત્ર મૃતદેહને નવડાવી, સુગંધી દ્રવ્યો લગાડી શણના કાપડમાં વીંટ્યું. ટેકરીની પડખે જ યૂસુફની માલિકીનો એક બગીચો હતો, જેમાં એક નવી જ વણવાપરી કબર હતી. ખડકમાંથી કોરી કાઢેલી એ કબરમાં પાષાણની ભોંય પર ઈશુની કાયાને સુવાડી, ઘડીભર સૌ નિસ્તબ્ધ થઈ ઊભા રહ્યા. છેવટે છેલ્લી દીર્ઘનજર નાંખી સૌ બહાર નીકળ્યા. ચાલી જતી વખતે તેમણે એક શિલા ગબડાવીને કબરનું મોં બંધ કરી દીધું.

કબર છોડતી વખતે મેરીએ પોતાના પાલવથી મોં ઢાંકી દીધું હતું. રસ્તામાં અવરજવર તો ઘણી હતી, પણ ઘણાએ જોયું ના જોયું કર્યું. કોઈએ અંદરોઅંદર ગુસપુસ કરી પણ લીધી કે, ''પેલી ક્રૂસે ચડેલાની મા'' . . . . પણ તે ક્ષણે મેરીએ પોતાના અંતરને કહ્યું, 'કેવળ ક્રૂસે ચડેલાની નહીં, પણ આ છે તારી પણ મા !''

માતૃત્વ વિશ્વવ્યાપક બને છે અને ખ્રિસ્ત સંવતનો પહેલો શુક્રવાર સમેટાય છે. માનવમાત્રમાં પાપોને ધોવા એક પનોતા

પુત્રનું લોહી વહેવડાવવું પડ્યું, એને ગોઝારો શુક્રવાર કહીશું કે શુભ શુક્રવાર? આવાં બલિદાન માણસમાત્રને ઊંચા ચડવાની પ્રેરણા આપે છે એટલે આ શુક્રવારમાં પણ આપણે શુભદર્શન જ કરીએ.

પણ હજી બધું પત્યું નહોતું. ઈશુની આગાહી પ્રત્યક્ષ હતી. . . .‘‘હું કબરમાંથી ઊઠીશ અને તમે સૌ ગેલિલ પહોંચો તે પહેલાં હું ત્યાં પહોંચી જઈશ.’’ શિષ્યોને તો આ આગાહીમાં કાંઈક અવનવું બનવાની ઉત્કંઠા હતી, જિજ્ઞાસા હતી. પરંતુ દુશ્મનોને તો ચટપટી હતી કે આ જાદુગર કબરમાંથી બેઠો થઈ જઈને વળી પાછો હેરાન ના કરે ! એટલે સૂબા પાસે કબર આગળ મજબૂત ચોકીપહેરાની વ્યવસ્થા તેમણે કરાવી લીધી હતી.

વિશ્રામવાર પત્યો. નવા અઠવાડિયાનો પહેલો દિવસ ઊગ્યો. પો ફાટે તે પહેલાં મગદલાની મેરી કબર આગળ પહોંચી જાય છે. ચોકીદારોનો સખત પહેરો એમનો એમ છે, કબર આગળનો પથ્થર પણ તેમનો તેમ છે. અને એ પથ્થર પર સૂબાના માણસોએ મારેલી મહોર-છાપ પણ જેમની તેમ છે ! પથ્થર હઠાવીને મેરીની આતુર આંખો અંદર નજર કરે છે તો ત્યાં કશું જ નથી ! મેરીની સાથે બીજી એક ઈશુશિષ્યા પણ છે. બંને આશ્ચર્યમાં ડૂબી જાય છે. મેરી અત્યંત અસ્વસ્થતા અનુભવે છે. બીજા કોઈ શિષ્યો તો ત્યાં આવ્યા જ નથી. કાં તો ડરી ગયા છે, કાં ઈશુની ભવિષ્યવાણીને શ્રદ્ધાપૂર્વક પચાવી શક્યા નથી. મેરી દોડીને પીટર વગેરે શિષ્યો પાસે પહોંચી જાય છે અને સૌ દોડતા કબરસ્થાને આવી પહોંચે છે. સૌ દિઙ્મૂઢ છે !

મેરીને પણ કાંઈ સમજાતું નથી. કબર પાસે ઊભી ઊભી એ રડે છે. થોડી વાર કબર સામું નીચી નમીને જુએ છે તો જ્યાં શબ મૂક્યું હતું તે સ્થાનના ઓશીકે અને પાંગતે સફેદ વસ્ત્રધારી બે અત્યંત તેજસ્વી દેવદૂત સમા કોઈકને જુએ છે. તેઓ એને પૂછે છે, ''બાઈ, તું કેમ રડે છે ?''

''કોઈ મારા પ્રભુને લઈ ગયું છે અને તેઓ ક્યાં છે તેની મને ખબર નથી.'' આટલું કહીને એ પાછી ફરે છે ત્યાં પાછળ ઈશુને ઊભેલા જુએ છે. પણ એને વિશ્વાસ નથી બેસતો કે આ એના પ્રભુ ઈશુ જ છે. ત્યાં ઈશુ બોલે છે, ''મેરી !''

ઓળખાય છે, હા આ તો એ જ ! પણ ક્ષણ પાછી ફરે તે પહેલાં જ ઈશુ ફરી બોલી ઊઠે છે, ''મને વળગીશ નહીં. હજી હું પિતા પાસે ઉપર ચાલ્યો ગયો નથી; પણ સૌને જઈને કહેજે કે હું આપણા સૌના પરમપિતા પ્રભુ પાસે ઉપર જઈ રહ્યો છું.''

મેરી ઈશુના સૌ શિષ્યોને ઈશુના પુનરુત્થાનના ખબર આપે છે, પણ એમને વિશ્વાસ બેસતો નથી, કશું પલ્લે પડતું નથી. ભય અને આનંદની મિશ્રિત લાગણી અનુભવતાં સૌ બીજા સાથીઓને ખબર આપવા શહેર ભણી ઊપડે છે. ત્યાં રસ્તામાં અચાનક ઈશુ પાછા પ્રગટ થઈ બોલે છે, ''કુશળ રહો !'' સ્ત્રીઓ પગે પડી ફરી ફરી પ્રણામ કરે છે, ત્યાં પાછા શબ્દો સંભળાય છે, ''જાઓ, જઈને મારા ભાઈઓને કહો કે તેઓ ગેલિલ ચાલ્યા જાય. ત્યાં તેમને મારાં દર્શન થશે.'' અને વળી પાછા અદૃશ્ય !

એ જ સાંજે સૌ શિષ્યો બંધબારણે ભેળા થાય છે. હજી ફફડાટ છે, જીવ ઘણો વહાલો છે. ફરિશીઓ ઈશુ જેવાનો જીવ

લઈને રહ્યા, તો આ તો ચપટીમાં ચોળી નંખાય તેવી માખીઓ ! મનમાં મૂંઝવણ છે, અપાર વ્યથા છે, અંધકારમય આવતી કાલ છે. ત્યાં અચાનક એક મૂર્તિ સામે આવીને ઊભી રહે છે, ''તમને શાંતિ હો ! પિતાએ જેમ મને મોકલેલો, તેમ હવે હું તમને મોકલું છું. તમે જો કોઈનાં પાપ માફ કરશો તો તે માફ થશે; તમે જો કોઈનાં પાપ ઊભાં રાખશો તો તે ઊભાં રહેશે.'' સૌ સ્તબ્ધ છે, અવાક છે. પ્રાણનો સંચાર પણ જાણે સૌ અનુભવવાનું ભૂલી ગયાં છે.

પણ બારમાંનો એક શિષ્ય થોમસ હજી આ વાત સ્વીકારી શકતો નથી. એ કહે છે, ''જ્યાં સુધી હું તેમના હાથે ખીલાનાં ચિહ્નો ન જોઉં ત્યાં સુધી હું કદી ન માનું કે એ આવનાર પ્રભુ ઈશુ છે.''

એક અઠવાડિયા બાદ શિષ્યો ફરી ભેગા થાય છે. બારણાં બંધ થાય છે, વાતાવરણમાં સ્તબ્ધ બેચેની છે, ત્યાં સૌ વચ્ચે આવીને ઈશુ ઊભા રહે છે, ''તમને શાંતિ હો.''

અને પછી થોમસને પોતાની પાસે બોલાવીને કહે છે, ''થોમસ, તારી આંગળી લાવ ! જો આ રહ્યા મારા હાથના જખમ ! અને મારા પડખામાં પણ તું આંગળી ઘાલ.'' થોમસ તાજા દૂઝતા લોહીભીના જખમ જુએ છે અને અવશ બની પોકારી ઊઠે છે, ''ઓ મારા પ્રભુ અને પરમપિતા !''

ત્યારે અત્યંત મૃદુતાપૂર્વક ઈશુ સંકેતવાણી કહે છે, ''થોમસ ! અશ્રદ્ધા ખંખેરી નાખ, શ્રદ્ધા રાખ ! તેં મને જોયો એટલે તને શ્રદ્ધા બેઠી, પણ જોયા વગર પણ જેઓ શ્રદ્ધાપૂર્વક માની શકે છે તેઓ ધન્ય છે !''

ફરી થોમસથી બોલી જવાય છે, ''ઓ મારા પ્રભુ !''

ઈશુ દ્વારા થયેલા ચમત્કારોમાંથી કેવળ આ શ્રદ્ધાગાનને આત્મસાત્ કરી શકીએ તો સાધનાપથમાં ઇંદ્રિયાતીત એવી ઘણી ચૈતસિક ચમત્કૃતિઓ આપણે અનુભવી શકીએ. આખરે તો પ્રભુતાને ઝીલવાની છે, સંભવ છે કે આ શ્રદ્ધા નામની છઠ્ઠી અવ્યક્ત ઇંદ્રિય માણસને ફૂટે તો એના ચિત્તતંત્રમાં ક્રાંતિ સર્જાય અને એક નવો જ માનવ પરિણમે. ખેર !

વળી પાછા ગેલિલમાં અને એક સરોવર કાંઠે ઈશુ ફરી પ્રગટ થાય છે. એમને તો ''બાતન કી એક બાત,'' આ જ કરવાની છે કે લોકો વચ્ચે જાઓ. મેં તમને જે કાંઈ કહ્યું છે તે લોકોને સમજાવો. ખાતરી રાખજો કે યુગોના અંત સુધી સદાસર્વદા હું તમારી સાથે જ છું. લોકોમાં અશાંતિ ફેલાવ્યાના અને કોમો વચ્ચે ઝેર કરાવ્યાના આરોપ તમારા પર મેલાશે. પણ જેઓ માત્ર માટીના દેહને જ મારી શકે છે અને આત્માને કશું નથી કરી શકતા તેમનાથી કદી ડરતા નહીં; જે દેહ તેમ જ આત્મા બંને પર આણ ચલાવી રહ્યો છે તે જગત્પિતા એકલાથી જ ડરજો. યાદ રાખજો કે જિંદગીના જતન પાછળ રોકાશે તે જિંદગી ખોશે અને જે મારે ખાતર જીવતર સોંઘાં કરશે ને પ્રાણ પાથરશે તે અનંત જીવન પામશે.''

અને જાણે ઈશુની શક્તિ શિષ્યોમાં સંચારિત થઈ હોય તેમ સૌ કટિબદ્ધ થાય છે. ખ્રિસ્ત ધર્મના સંઘમાં શિષ્યો ઉમેરાતા જ જાય છે. ઈશુના પટ્ટશિષ્યો પીટરે અને પાઉલે સત્ય કાજે બલિદાનની પરંપરા વહેવડાવી. ઈશુએ વાવેલું નવયુગનું બીજ ફૂલીફાલીને ઘટાટોપ વડલો થયો અને આજે તો જગતનો મોટામાં

મોટો સમુદાય એક જ નામે પ્રભાવિત છે અને તે ભગવાન ઈશુ !

ફિનિક્સ નામનું એક પંખી છે. એના વિશે કહેવાય છે કે ઈશ્વરે એને ઇચ્છામૃત્યુ આપેલું છે. એ જ્યારે ઇચ્છે ત્યારે પોતાના જીવનને સમાપ્ત કરી શકે છે. જ્યારે એ ઇચ્છે ત્યારે પોતાના જ દેહમાંથી એ અગ્નિ પેદા કરી શકે છે અને એ જ અગ્નિથી એનો દેહ સળગી ઊઠે છે ! આ અગ્નિ પ્રગટ થવાથી દેહ સમૂચો સળગી જઈ છેવટે ભસ્મસાત્ બને છે, પણ ખૂબી એ છે કે આ ભસ્મમાંથી જ વળતી ક્ષણે ફિનિક્સ પંખીનો એક નવો દેહ સર્જાય છે !

ભગવાન ઈશુના પુનરુત્થાનમાં મને આ ફિનિક્સ પંખીનું વિસર્જન દેખાય છે. 'વિસર્જન'માં બેવડી પ્રક્રિયા છે. કશુંક વિ-સર્જિત થાય છે, વીખરાઈ જાય છે, નામશેષ થાય છે, શૂન્ય થાય છે અને ફરી પાછું એ જ વિસર્જનની પરિણતી રૂપે વળતી ક્ષણે કાંઈક વિ-સર્જન એટલે કે વિશેષ સર્જન થાય છે ! ઈશુના દેહત્યાગ અને પુનરુત્થાનના અંતિમ પર્વમાં મને આ ફિનિક્સ પંખી જેવું વિસર્જન દેખાય છે ! ઈશુ મરીને શાંત નથી થઈ જતો, કબરમાંથી પાછો ઊઠીને અનંત ગણો શક્તિશાળી એ સિદ્ધ થાય છે. ક્રૂસારોહણ દ્વારા કરેલું વિસર્જન દુનિયાભરમાં ઈશુને ફેલાવી દેવાનું વિશેષ સર્જન કરે છે. ઈશુ તો જીવીને અને મરીને પણ આવી બેવડી પ્રક્રિયા સાધીને ગયા, હવે આપણું એમના માનવબંધુઓનું કર્તૃત્વ શરૂ થાય છે.

આજે ઈશુએ પ્રબોધેલો પ્રેમ પૃથ્વી પરનો એકચક્રી સમ્રાટ બની શક્યો નથી. ઈશુએ જીવી દાખવેલી કરુણા આજે હિંસાની દાસી છે. ઈશુના જીવનના ધ્રુવપદ સમાં આ પ્રેમ, કરુણા અને

સત્ય એ માનવજીવનનાં રોજેરોજનાં વ્યવહારમૂલ્યો બનવાં જોઈએ. પૃથ્વીએ ઈશુને ધારણ કર્યાનું સૌભાગ્ય ત્યારે જ સિદ્ધ થાય, જ્યારે પૃથ્વી પરથી 'યુદ્ધ' નામની ચીજ નામશેષ થાય. ઈશુએ પોતાના જીવન દ્વારા પડકારો ઊભા કર્યા છે, એને ઝીલવા માટે માનવસમાજે કટિબદ્ધ થવું એ જ તરણોપાય છે.

# ૧૦. ઈશુવાણી

ઈશુનું સમસ્ત ચરિત્ર જેટલું મનમોહક અને ચિત્તાકર્ષક છે, એટલો જ જાદુ એમની વાણીમાં ભરેલો છે. ઈશુની જાદુભરી વાણી સાંભળવા લોકો તરસતા, એની વાણી સાંભળી એનું કાસળ કાઢવા ઇચ્છતા લોકો પણ કહેતા કે, ''આવી રીતે કોઈ માણસને બોલતો અમે સાંભળ્યો નથી.''

એમની વાણી હૈયાસોંસરવી ઊતરી જતી અને હૃદયમાં ઝળાંઝળાં પ્રકાશ પાથરી દેતી હતી. એક વખતે રસ્તે ચાલ્યા જનારા સાથે એમણે વાતો કરવા માંડી. છૂટા પડ્યા પછી એક માણસ બીજાને કહે છે, ''એ બોલતા હતા ત્યારે આપણા અંતરમાં પ્રકાશનાં કિરણો ફેલાતાં હોય તેવું નહોતું લાગતું ?'' આમ ઈશુની વાણી માનવીને એના ઠેઠના મૂળ સ્થાન સુધી પહોંચાડી દેતી અને એને આખો ને આખો હલબલાવી મૂકતી. એની વાણીમાં સત્ય ઝળહળતું, આશા જીવતી, અમરત્વ રણકતું, પ્રેમ છલકાતો, જીવન સંચરતું. શબ્દોનો તો જાણે એ જાદુગર હતો ! ''સાક્ષાત્ સનાતન શબ્દ'' જાણે ઈશુ બનીને સાકાર થયો હતો.

શરીરની હાણથી ડરશો નહીં, આત્માની હાનિથી ડરજો. કારણ, આત્માની હાનિ થયે શરીર પણ નરકવાસી જ થશે.

એક ઈંડુંય પ્રભુની આજ્ઞા વિના નીચે પડી શકતું નથી; તમારા માથા પરના એકેએક વાળનીય ઈશ્વરને ત્યાં ગણતરી છે. માટે ચિંતા ન કરો.

હું કાંઈ જગતમાં શાંતિ લાવવા જ નથી આવ્યો. રમખાણ મચાવવા પણ આવ્યો છું. બાપ અને દીકરા વચ્ચે, મા અને દીકરી વચ્ચે, સાસુ અને વહુ વચ્ચે વિરોધ ઊભો થશે. સૌથી મોટો ઝઘડો ઘરમાં જ જાગશે. જે મારા કરતાં માની કે બાપની કે દીકરા-દીકરીની કિંમત વધુ સમજશે. તે મને પામવા યોગ્ય નથી. મને અનુસરવું હોય તો તે પોતાનો ક્રૂસ પોતાને જ ખભે મૂકી ચાલ્યો આવે. જે (નાશવંત) જીવનને બચાવવા જશે તે (અવિનાશી) જીવનને ખોશે! પણ મારે માટે જે (નાશવંત) જીવન ખોશે, તેને (અવિનાશી) જીવન મળશે.

તમે દુનિયાના દીવા છો. લોકો દીવો પેટાવીને ટોપલા નીચે નથી મૂકતા, પણ દીવી ઉપર મૂકે છે; ત્યારે તે ઘરનાં બધાંને અજવાળું આપે છે. એ જ રીતે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો, જેથી તેઓ તમારાં સારાં કૃત્ય જોઈને તમારા પરમપિતાનાં યશોગાન ગાય.

* * *

પ્રભુનું ધામ રાઈના દાણા જેવું છે. દેખાવમાં તો એ ઝીણામાં ઝીણું છે; પણ જ્યારે ઊગે છે ત્યારે મોટું વૃક્ષ થાય છે, અને કેટલાંયે પક્ષીઓનું આશ્રયસ્થાન બને છે.

વળી પ્રભુનું ધામ ખમીરના જેવું છે; જેનો થોડોક અંશ ઘણા

લોટમાં ભળીને કણકને આથો ચડાવે છે.

વળી પ્રભુનું ધામ પુષ્કળ ખજાનો દાટેલા ખેતર જેવું છે. જેની માણસને જાણ થતાં તે ઉતાવળો થઈ તેને પોતાનું બધું ધન આપી ખરીદી લેવા તત્પર થાય છે. અને સોદો થાય નહીં ત્યાં સુધી ખજાનાની વાત પ્રગટ થવા દેતો નથી.

પ્રભુનું ધામ ઉત્કૃષ્ટ મોતી જેવું છે. જેમ ઝવેરાતનો વેપારી તેની જાણ થતાં પોતાનું બીજું બધું ધન આપી તેને ખરીદવા જાય, તેમ મુમુક્ષુ તેને લેવા મથે.

* * *

તમે ધરતીનું લૂણ છો. પણ લૂણ જ જો અલૂણું થઈ જાય તો એને સલૂણું કરવું શી રીતે ? પછી કાં તો એને ફગાવી દેવું જ રહ્યું અને લોકોના પગ તળે રોળી નાખવું જ રહ્યું !

એક જમીનદારે દ્રાક્ષની વાડી કરી હતી. જ્યારે દ્રાક્ષ તૈયાર થઈ ત્યારે તે સવારના પહોરમાં ચોકમાં મજૂરોને તેડવા ગયો.

અને ત્યાં એને જે મજૂરો મળ્યા, તેમને એણે રોજનો આનો ઠરાવી વાડી પર મોકલ્યા.

પછી સૂર્યોદય બાદ ત્રીજા પહોરે એ વળી પાછો ચૌટે ગયો. ત્યાં તેણે ઘણા મજૂરો કામ મેળવવા બેઠેલા જોયા. તેણે એમને કહ્યું કે, ''તમે પણ વાડીએ જાઓ જે વાજબી હશે તે તમને આપીશ.''

પછી, વળી, છઠ્ઠે અને નવમે કલાકે તે ચૌટે ગયો અને તે વખતેય જે મજૂરો મળ્યા, તેમને ''વાજબી હશે તે આપીશ'' એમ કહી કામે મોકલ્યા.

પછી પાછો અગિયારમે કલાકે પણ ચૌટે ગયો. તે વખતેય ત્યાં

ઘણા માણસોને બેકાર બેઠેલા જોઈ પૂછ્યું:

"તમે કેમ કામ વગરના બેઠા છો ?"

"શું કરીએ ? આજે અમને કામ જ મળ્યું નથી." તેઓએ કહ્યું.

"જાઓ, મારી વાડીએ જઈને કામ કરો. જે વાજબી હશે તે હું તમને આપીશ."

પછી જ્યારે સાંજ પડી ત્યારે તેણે મહેતાજીને બોલાવીને કહ્યું, "છેલ્લે આવેલા મજૂરથી માંડીને દરેકને તમે એકેક આનો ચૂકવો." આમ છેક સાંજે આવેલા મજૂરને પણ આનો આપ્યો અને જેઓ પહેલા આવ્યા હતા તેમને પણ આનો મળ્યો. એમને થોડા વધારેની આશા હતી એટલે તેઓ ફરિયાદ કરવા લાગ્યા, "આ તે કેવો ન્યાય ? અમે આખો દિવસ તડકો વેઠી કામ કર્યું તેનું મહેનતાણું છેક છેલ્લી ઘડીએ આવનારના જેટલું જ !"

ત્યારે જમીનદારે તેમને કહ્યું, "ભાઈ, મેં તારું તો કશું ઓછું નથી કર્યું ને ? તારી જોડે તો મારી બોલી એક આનાની જ થઈ હતી ને ? તો પછી તારા હકનું લઈ તું તારે રાસ્તે પડ. આ છેલ્લે આવેલાને હું ગમે તેટલું આપું ! મારા પૈસાનો મને ઠીક લાગે તેમ ઉપયોગ કરવાનો મને હક નથી કે ? હું ઉદાર થાઉં તેથી તારી આંખ શું કામ દુખવા આવે ?"

આમ ઈશ્વરને ત્યાં છેલ્લો આવનારો પહેલો થાય છે અને પહેલો છેલ્લો થાય છે. કારણ ઘણા આવે છે, પણ અનુગ્રહના અધિકારી થોડા જ હોય છે.

એક ગામમાં દસ કન્યાઓ હતી અને તે બધી એક જ વરને પરણવા ઇચ્છતી હતી. અને તે વર ગમે તે ક્ષણે આવી પહોંચે

એમ હતું.

પછી તે દસે કન્યાઓ પોતાના દીવા પ્રગટાવી વરને વધાવવા નીકળી. તેમાં પાંચ કન્યાઓ ડાહી હતી અને પાંચ મૂર્ખ હતી. ડાહી કન્યાઓએ પોતાની સાથે તેલની કુપ્પીઓ પણ રાખી, જેથી દીવામાં તેલ થઈ રહે તો પૂરી શકાય. પણ જે કન્યાઓ મૂર્ખ હતી, તેમણે તેલ રાખ્યું નહીં.

વરને આવતાં વાર લાગી એટલે બધી સૂઈ ગઈ. ત્યાં મધરાતે સાદ પડ્યો કે વરરાજા આવી પહોંચ્યા છે. એટલે તે બધી પોતાના દીવાની દિવેટો સંકોરવા લાગી. પેલી મૂર્ખ કન્યાઓ ડાહીને કહેવા લાગી, ''અમને તમારી પાસેથી થોડું તેલ આપો.'' ત્યારે પેલી ડાહી કન્યાઓ બોલી કે, ''અમે એમ કરીએ તો અમારા દીવા પણ ઓલવાઈ જાય. માટે તમે બજારમાંથી તેલ લઈ આવો.''

ત્યારે તે પાંચ મૂર્ખ કન્યાઓ બજારમાં તેલ લેવા ગઈ.

પણ એટલી વારમાં તો વરરાજા આવી પહોંચ્યા અને જે કન્યાઓ તૈયાર હતી તેમને લઈ લગ્નમંદિરમાં ગયા અને તે પછી મંદિરનાં બારણાં વાસી દેવામાં આવ્યાં.

પછી પેલી મૂર્ખ કન્યાઓ આવીને કહેવા લાગી, ''હે નાથ, બારણાં ખોલો અને અમને સ્વીકારો.'' પણ વરરાજાએ કહ્યું, ''તમે પાછાં જાઓ. હું તમને ઓળખતો નથી.'' માટે ગફલતમાં રહેવું નહીં. ઈશ્વરનું તેડું અને પરીક્ષા કઈ ક્ષણે આવી પહોંચશે તે કહેવાય નહીં.

જૂના કપડા પર નવા કપડાનું થીંગડું ન દેવાય, કારણ કે તેથી જૂના પર વધારે ખેંચ પડે, અને વધારે ચિરાય.

*   *   *

મીઠું જ મોળું થઈ જાય તો તેને શાથી સુધારાય ? તેમ મુખ્ય માણસો જ મોળા પડે તો શું કરી શકાય ?

* * *

જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે.

* * *

પુનર્જન્મ પામ્યા વિના ઈશ્વરના ધામમાં જઈ શકાતું નથી. શરીરથી શરીર ઉત્પન્ન થાય છે, આત્માથી આત્મા. પુનર્જન્મ એટલે શરીરનો નહીં, પણ આત્માનો (જ્ઞાન તથા શ્રદ્ધા દ્વારા).

* * *

કોઈનો ન્યાય તોળશો નહીં, જેથી તમારો પણ ન્યાય નહીં તોળાય. જેવો ન્યાય તમે તોળશો તેવો જ ન્યાય તમારો પણ તોળાશે. તમે જે માપે માપશો તે જ માપે તમને પણ માપી આપવામાં આવશે. ક્ષમા કરશો તો ક્ષમા પામશો. આપશો તો પામશો.

* * *

લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઈચ્છતા હો તે જ રીતે તમે પણ તેમની સાથે વર્તો. એ જ ધર્મશાસ્ત્ર અને સંતોની વાણીનો સાર છે.

હે અમારા પરમ પિતા !
તારાં વચનો ફળે,
તારું ધર્મરાજ્ય સર્વત્ર પ્રસરે;
તારી મંગળ યોજના સિદ્ધ થાય.
જેમ આકાશમાં તેમ પૃથ્વી પર.
આજનો રોટલો આજે મને આપ,

અમારાં પાપને માટે અમને માફ કર;
અમારા ગુનેગારોને અમે માફ કર્યા છે તેમ.
પ્રલોભન અને લાલચથી અમને દૂર રાખ,
ને બૂરા કાળમાં અમારું રક્ષણ કર.

* * *

વર્ષે વર્ષે એક એક દુર્ગુણને નિર્મૂળ કરતા જઈએ તો થોડા જ વખતમાં આપણે સંપૂર્ણ બની શકીએ. પણ દુ:ખની વાત એ છે કે બને છે આથી ઊલટું. સાધનાકાળના લાંબા ગાળા પછી આપણે જેવા હોઈએ છીએ તે કરતાં સાધનાકાળ અંગીકાર કર્યો ત્યારે શરૂ શરૂમાં આપણે વધારે સારા અને વધારે શુદ્ધ હતા એવું જોવા મળે છે.

* * *

આટલી વસ્તુઓ હોય તો સન્મૃત્યુ મળે તેવી પાકી આશા રાખી શકાય: ૧. દુનિયા પ્રત્યે સંપૂર્ણ વૈરાગ્ય, ૨. નિત્ય વધુ ને વધુ પવિત્ર થતા જવાની ઉત્કટ અભિલાષા, ૩. શિસ્તપાલન માટે પ્રેમ, ૪. તપાચરણ, ૫. આજ્ઞાધારકતા, ૬. તિતિક્ષા ૭. ખ્રિસ્તના પ્રેમ કાજે કોઈ પણ કષ્ટ વેઠવાં.

તને ગમતું અને લાભદાયી હોય એવું માગ નહીં પણ મને જે ગમતું હોય અને મારા યશને વધારનારું હોય એવું માગ; કેમ કે જો તું વસ્તુસ્થિતિને સાચી રીતે સમજે તો તું તારી પોતાની ઇચ્છાઓને નહીં પણ ગમે તેવી હોય, તોપણ મારી ઇચ્છાઓને અનુસરવાનું જ પસંદ કરવાનો અને અનુસરવાનો.

સતત પ્રાર્થના એટલે ઈશ્વર સાન્નિધ્યનું સતત ભાન; જે પરમ શક્તિએ મનુષ્યને અહીં મોકલ્યો છે તે હાજરાહજૂર છે એવું જીવનભરનું સતત અસ્ખલિત ભાન.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)